WEDNESDAY
૧૦-૦૩-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, મહા વદ ૧૨
અંક : ૧૩૧
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..
# ચક્રવાત
રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### ઉત્તરાખંડના મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવતે કોઈ દેખીતા કારણ વગર રાજીનામુ ધરી દેતા અનેક તર્ક વિતર્ક

# ઉત્તરાખંડ રાજકિય ડ્રામા : સીએમ ત્રિવેન્દ્રસિંહે ખુરશી છોડી

### સીએમના વિરુદ્ધ કોઈપણ પ્રકારનો અસંતોષ કે મતભેદ નથીઃ એમએલએ મુન્ના સિંહ ચૌહાણ

ઉત્તરાખંડ,તા.૯

ઉત્તરખંડમાં છેલ્લાં સપ્તાહથી રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે, જે બાદ મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવતે રાજીનામું આપી દીધું છે. તેઓએ થોડાં સમય પહેલાં જ રાજભવન પહોંચીને રાજ્યપાલ બેબી રાની મોર્ય સાથે મુલાકાત કરી જ્યાં તેઓએ પોતાનું રાજીનામું આપી દિધું છે. ઉચ્ચ શિક્ષણ મંત્રી ધનસિંહ રાવતને નવા મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે. પાર્ટીના ધારાસભ્ય દળની બેઠક આવતી કાલે સવારે ૧૧ વાગ્યે મળશે. ધનસિંહ રાવત વર્તમાન સરકારમાં ઉચ્ચ શિક્ષણ મંત્રી છે. ધનસિંહને રાજધાની દેહરાદૂન લાવવા માટે સરકારી હેલિકોપ્ટર મોકલવામાં આવ્યું હતું.

પાર્ટી હાઈકમાન્ડે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રમન સિંહ, મહાસચિવ અને રાજ્યના પ્રભારી દુષ્યંત ગૌતમને ધારાસભ્ય દળની બેઠક માટે પર્યવેક્ષક બનાવવામાં આવ્યા છે. બંને ધારાસભ્ય દળના નવા નેતાની પસંદગી કરવા માટે આજે સાંજે જ દેહરાદૂન પહોંચશે. આ પહેલાં શનિવારે પાર્ટીએ આ બંને નેતાઓને ઓબ્ઝર્વર બનાવીને ઉત્તરાખંડ મોકલ્યા હતા. બંનેએ નારાજ નેતાઓ સાથે વાતચી કરી રિપોર્ટ કેન્દ્રીય નેતૃત્વને સોંપ્યો હતો.



રાવતના રાજીનામા બાદ ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા હરીશ રાવતનું નિવેદન સામે આવ્યું છે. તેઓએ કહ્યું કે ભાજપના કેન્દ્રીય નેતૃત્વએ પણ માની લીધું છે કે હાલની સરકાર કંઈ જ કરી શકી નથી. હવે હું રાજ્યની સત્તામાં બદલાવ જોઈ રહ્યો છું. કોઈ જ ફર્ક નથી પડતો કે તેઓ હવે કોને લાવે છે પરંતુ ૨૦૨૨માં સત્તામાં પરત નહીં ફરે તે ચોક્કસ છે.

ત્રિવેન્દ્રસિંહ રાવતે રાજ્યપાલને રાજીનામું આપીને સીધા જ પ્રેસ કોન્ફરન્સ કરવા પહોંચ્યા તેઓએ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે હું લાંબા સમયથી રાજકારણમાં છું. મારા જીવનની આ સ્વર્ણિમ તક મને આપવામાં આવી હતી. નાનકડા ગામમાં જન્મ લીધો, પિતાજી પૂર્વ સૈનિક હતા. ક્યારેય કલ્પના પણ કરી ન હતી કે પાર્ટી મને આટલું મોટું સન્માન આપશે. ભાજપમાં જ આ શક્ય હતું.

નાનકડા ગામના કાર્યકર્તાને આટલું મોટું સન્માન આપ્યું. ૪ વર્ષ સુધી મને સેવા કરવાની તક આપવામાં આવી. પાર્ટીએ વિચાર કર્યો અને સામૂહિક રૂપથી આ નિર્ણય લીધો કે મારે હવે અન્ય કોઈને આ તક આપવી જોઈએ. ૯ દિવસ બાકી છે ચાર વર્ષ પૂરાં થવામાં.

### ત્રિવેન્દ્રનો પોતાનો વ્યવહાર પણ લોકોના નારાજગીનું મોટું કારણ

હું પ્રદેશવાસીઓને પણ ધન્યવાદ આપવા માગુ છું. ૪ વર્ષ સુધીની તક જો પાર્ટીએ ન આપ્યો હોત તો મહિલાઓ અને યુવકો માટેની યોજના હું ન લાવી શક્યો હતો. જે પણ કોઈ આ જવાબદારી ભજવશે તેને મારી ઘણી જ શુભેચ્છા.

ત્રિવેન્દ્રનો પોતાનો વ્યવહાર પણ લોકોના નારાજગીનું મોટું કારણ હતું. તેઓ ઘણું જ ઓછું બોલતા હતા પરંતુ એક જ વર્ગ વિશેષના લોકોને મહત્વ આપવાને કારણે લોકોના નિશાને હતા. તેમના વિરૂદ્ધ ભ્રષ્ટાચારના આરોપ તો ન હતા પરંતુ એક કેસમાં હાઈકોર્ટ તેમના પર લાગેલા આરોપોની તપાસ ઝૈંને કરાવવાના આદેશ આપ્યા હતા. જેના પર સુપ્રીમ કોર્ટ સ્ટે આપી ચુક્યા હતા. ૧૦ માર્ચે તેની સુનાવણી થશે. હાલમાં જ એક ચેનલે સર્વેમાં ત્રિવેન્દ્રને દેશના સૌથી અલોકપ્રિય મુખ્યમંત્રી ગણાવ્યા હતા અને તે પણ તેમના વિરૂદ્ધ ગયું.

### મૃતકોમાં ૪ ફાયર વિભાગના કર્મચારીઓ, એક રેલવે પોલીસનો કર્મચારી, એક એએસઆઇ સહિતના લોકોનો સમાવેશ

# કોલકત્તા રેલ્વે બહુમાળીમાં ભીષણ આગ : ૯ના મોત

(જી.એન.એસ.)કોલકાત્તા,તા.૯

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકતામાં એક બહુમાળી ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. જેમાં ૯ લોકોના મોત નિપજ્યા છે. જો કે હાલ આગ પર કાબૂ મેળવી લેવાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ ઘટનાની ગંભીર નોંધ લીધી છે. તેમણે મૃતકોના પરિવારે પ્રધાનમંત્રી રાહત કોષમાંથી ૨-૨ લાખ રૂપિયા અને ગંભીર ઈજાગ્રસ્તોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ ઓફિસર સુજીત બોસનું કહેવું છે કે આ આગમાં ૯ લોકો બળીને ભડથુ થઈ ગયા છે. જ્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મૃતકોના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાની જાહેરાત કરી છે.

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતા માં સ્ટ્રાંસ રોડ પર ન્યૂ કોલાઘાટ બિલ્ડિંગના ૧૨ અને ૧૩મા માળે ભયાનક આગ લાગતા ૯ લોકોનાં મોત નિપજ્યા છે. આ ઈમારતમાં પૂર્વ અને દક્ષિણ પૂર્વ રેલવેની ઓફિસ પણ આવેલી છે. ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર રેલવેનું કમ્પ્યૂટરાઈઝ્ડ રિઝર્વેશન સેંટર પણ આવેલુ છે. ઘટનાસ્થળે ૧૫ ફાયર ટેન્ડર રવાના કરવામાં આવ્યા હતાં.



મૃતકોમાં ૪ ફાયર વિભાગના કર્મચારીઓ, એક રેલવે પોલીસનો કર્મચારી, એક એએસઆઈ તથા અન્ય એક વ્યક્તિનો સમાવેશ થાય છે. જ્યારે એક આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર પણ હતા, જે હરે સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. આ સિવાય બે આરપીએફ જવાનો પણ હતા.

ઘટનાસ્થળ પર મુખ્યમંત્રી મમતા બેનરજી પહોંચી ગયા હતા. તેમણે મૃતકના પરિવારને આર્થિક સહાય ઉપરાંત પરિવારમાંથી એક વ્યક્તિને સરકારી નોકરી આપવાની જાહેરત કરી છે. આગ લાગવાના કારણે પૂર્વ રેલવેની ઓનલાઈન બુકિંગ તથા ઉત્તર પૂર્વી રેલવેની ટિકીટ બુકિંગ વ્નેયવસ્થાને અસર પહોંચી હતી.

# દિલ્હી સરકારનું દેશભક્તિ બજેટ : ૭૫ સપ્તાહ સુધી દેશભક્તિનું આયોજન

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૯

દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકારે આજે બજેટ રજૂ કર્યું. ડેપ્યુટી સીએમ અને નાણાં મંત્રી મનીષ સિસોદિયાએ વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૬૯ હજાર કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું છે. જેમાં કેટલીક મહત્વની જાહેરાત કરવામાં આવી છે. ખાસ કરીને મહિલાઓ માટે આવતાં વર્ષથી દિલ્હીમાં મોહલ્લા ક્લિનિક શરૂ કરવામાં આવશે. જ્યારે સરકારી હોસ્પિટલોમાં મફતમાં વેક્સિન આપવામાં આવશે, જેના માટે ૫૦ કરોડ રૂપિયાની



ફાળવણી કરવામાં આવી છે. બજેટ રજૂ કરતાં મનીષ સિસોદિયાએ કહ્યું કે, દેશભક્તિ બજેટના નામથી આ બજેટ રજૂ કરું છું. સાથે જ તેમણે કહ્યું કે, ૭૫ સપ્તાહ સુધી દેશભક્તિનું આયોજન ૧૨ માર્ચથી કરવામાં આવશે. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ સુધી દિલ્હીમાં દેશભક્તિનો માહોલ રહેશે. વર્ષ ૨૦૪૭માં અમે દિલ્હીને ક્યાં જોવા માંગીએ છીએ? તેનો પાયો નાંખવા ઈચ્છુ છુ.




# કૃષિ કાયદા અને ખેડૂત પ્રદર્શન ભારતનો આંતરિક મામલો : બ્રિટન

### લેબર પાર્ટીના સાંસદોએ કર્યું ખેડૂતોનું સમર્થન

(જી.એન.એસ.)લંડન,તા.૯

ભારતમાં છેલ્લા ૧૦ દિવસથી ચાલી રહેલા ખેડૂતોના આંદોલનને લઈને બ્રિટનની સંસદમાં ફરી એકવાર ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આંદોલન કરી રહેલા ખેડૂતોની સુરક્ષા અને મીડિયાની સ્વતંત્રાને લઈને ભારત સરકાર પર દબાણ વધારવાની બ્રિટનની સંસદમાં કરવામાં આવેલી ઓનલાઈન પિટીશન બાદ આ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. જાણકારી પ્રમાણે આ અરજી પર એક લાખથી વધારે લોકોએ હસ્તાક્ષર કર્યા હતાં.

લંડનાના પોર્ટકુલિસ હાઉસમાં ૯૦ મીનીટ સુધી ચાલેલી ચર્ચા દરમિયાન કંઝર્વેટિવ પાર્ટીની થેરેસા વિલિયમ્સે સ્પષ્ટ કહી દીધું હતું કે, કૃષિ આંદોલન એ ભારતનો આંતરીક મુદ્દો છે. આ મુદ્દાને લઈને કોઈ વિદેશી સંસદમાં ચર્ચા ના કરી શકાય.ભારતના ખેડૂત આંદોલન મામલે લંડનના પોર્ટકુલિસ હાઉસમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી જે લગભગ ૯૦ મિનિટ સુધી ચાલી હતી. કોવિડ પ્રોટોકોલના કારણે કેટલાક સાંસદોએ ઘરેથી જ ડિજિટલ માધ્યમથી ભાગ લીધો હતો. સાંસદ પાર્લામેન્ટમાં ફિઝિકલી હાજર રહે. ખેડૂત આંદોલનને સૌથી મોટી લેબર પાર્ટીનું સમર્થન મળ્યું છે. લેબર પાર્ટીના ૧૨ સાંસદ જેમાં લેબર પાર્ટીના પૂર્વ નેતા જેરેમી કોર્બીન પણ સામેલ હતા. તેઓએ પણ પહેલા એક ટ્વિટમાં ખેડૂતોનું સમર્થન કર્યું હતું.

# સાસરીયામાં પત્ની પરના અત્યાચાર માટે પતિ જવાબદાર : સુપ્રિમકોર્ટ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૯

સુપ્રીમ કોર્ટે એક કેસમાં સુનાવણી દરમિયાન કહ્યુ કે જો સાસરિયામાં પત્નીને કોઈએ પણ મારી તો તેના માટે પતિ જ જવાબદાર હશે. ભલે મહિલાને કોઈ અન્ય સંબંધીઓ ઈજા કેમ ન પહોંચાડી હોય પરંતુ તેનો જવાબદાર પતિ જ હશે. પોતાની પત્નીની મારપીટ કરનાર આરોપીએ સુપ્રીમ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. આ કેસમાં સોમવારે(૮ માર્ચ) સુપ્રીમ કોર્ટે સુનાવણી કરીને પત્નીની મારપીટ કરનાર આરોપીને ધરપકડ પહેલા જામીન આપવાનો ઈનકાર કરી દીધો છે. આ સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યુ, જો સાસરિયામાં મહિલાની મારપીટ થાય કે તેને કોઈ ઈજા થાય તો મુખ્ય રીતે પહેલા જવાબદાર વ્યક્તિ મહિલાનો પતિ હશે. સુપ્રીમ કોર્ટે જે વ્યક્તિની અરજી પર સુનાવણી કરી હતી, આ તેના ત્રીજા લગ્ન હતા અને મહિલાના બીજા લગ્ન હતા.

લગ્ન બાદ વર્ષ ૨૦૧૮માં બંને કપલને એક બાળક થયુ. તેમના લગ્ન વર્ષ ૨૦૧૭માં થયા હતા. જૂન ૨૦૨૦માં મહિલાએ લુધિયાણા પોલિસમાં પતિ અને સાસરિયાવાળા સામે ફરિયાદ નોંધાવી હતી. મહિલાએ આરોપ લગાવ્યો હતો કે દહેજની માંગ પૂરી ન કરવાના કારણે પતિ, સાસુ અને સસરાએ બહુ ખરાબ રીતે મારપીટ કરી હતી.

જ્યારે આરોપી પતિના વકીલ કુશાગ્ર મહાજન આગોતરા જામીન માટે પોતાની દલીલ આપી રહ્યા હતા તો સીજેઆઈ એસએ બોબડેની અધ્યક્ષતાવાળી પીઠે કહ્યુ, 'તુ કયા પ્રકારના માણસ છે?

# દુબઈ એરપોર્ટની નવી પહેલ : મુસાફરોની ઓળખ માટે લગાવાયા આઈ રિસ-સ્કેનર

(જી.એન.એસ.)દુબઈ,તા.૯

ઈન્ટરનેશનલ ટ્રાવેલ માટે સૌથી વ્યસ્ત ગણાતા દુબઈ એરપોર્ટ પર એક નવી જ પદ્ધતિ અમલમાં મુકવામાં આવી છે. જેનાથી દુબઈમાં આવનારા અને જનારાઓને પાસપોર્ટ અને બોર્ડિંગ પાસની માથાકુટમાંથી મુક્તિ મળશે. માત્ર ગણતરીની મિનિટોમાં જ એરપોર્ટની આ કામગીરીમાંથી મુક્તિ મળશે. દુબઈ એરપોર્ટ પર આઈડેન્ટિટી વેરિફિકેશન માટે આઈરિસ-સ્કેનર લગાવવામાં આવ્યા છે. કોરોના મહામારીમાં આ ટેક્નોલોજીનો ભરપુર પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગત મહિને જ આ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. હવે ગણતરીની



મિનિટોમાં જ મુસાફરો પાસપોર્ટ કંટ્રોલનું કામ પણ ઝડપથી પુરૂ થઈ જાય છે.

આઈરિસ ડેટાને દેશના ફેશિયલ રિકગ્નિશન ડેટાબેઝ સાથે જોડવામાં આવ્યો છે જેનાથી મુસાફરોના આઈડી કાર્ડ કે બોર્ડિંગ પાસની જરૂર નથી પડતી. એમિરેટ્સ અને દુબઈના ઈમિગ્રેશન અધિકારીઓ વચ્ચે સહયોગથી ડેટાનું એકત્રીકરણ કરવામાં આવે છે અને ચેક-ઈનથી લઈને બોર્ડિંગ સુધીની પ્રક્રિયા એક સાથે જ થઈ જાય છે. એમિરેટ્સને બાયોમેટ્રિક પ્રાઈવેસી સ્ટેટમેંટ પ્રમાણે એરલાઈન્સ મુસાફરોના ચહેરાને તેમની અંગત ઓળખના ડેટા સાથે જોડવામાં આવે છે.

# તામીલનાડુ ચૂંટણીમાં ૧૫૪ સીટ પરથી લડશે કમલ હસનની પાર્ટીના ઉમેદવારો

(જી.એન.એસ.)ચેન્નાઈ,તા.૯

તમિલનાડૂમાં યોજાનારી વિધાનસભાને ધ્યાનમાં રાખીને કમલ હસનની પાર્ટી અને તેના સાથી પક્ષો વચ્ચેની બેઠક વહેંચણીને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. વિધાનસભાની ચૂંટણીમાં મક્કલ નિધિ મય્યામ (એમએનએમ) એ તેના બે સાથી પક્ષો માટે ૪૦-૪૦ બેઠકો છોડીને ૨૩૪ સીટોમાંથી ૧૫૪ બેઠકો પર લડવાની જાહેરાત કરી છે. એમએનએમના બંને સાથીઓ ૪૦-૪૦ બેઠકો પર ઉમેદવારો ઉતારવા માટે ઓલ ઈન્ડિયા સમથુવા મક્કલ કાચી અને ભારત જનનયાગ કાચી છે,

# બાળકીનું માતા સાથે મિલન કરાવતા ટી.આર.બી. જવાન



ચક્રવાત ટીમ જયેશ સરવૈયા, તા.૦૯

જેતપુરમાં મોશાળે માતા પિતા સાથે આવેલ એક બાળકી શહેરના સરદાર ગાર્ડનમાં ફરવા આવી અને ભૂલી પડી ટીઆરબી જવાન પાસે પહોંચી જતા આ જવાનોએ ચોંધાર આંસુએ રડતી બાળકીને સાંત્વના આપી તેણીનું તેણીના માતા પિતા સાથે મિલન કરાવ્યું હતું.

પોરબંદરના ભોદર ગામે રહેતા અને જેતપુરમાં સાસરું ધરાવતા ભાવેશભાઈ પરમાર બે દિવસ પહેલા પોતાની પત્ની હેતલબેન તેમજ પુત્રી જેકલીન (ઉ.વ.૫) સાથે જેતપુર આવ્યા હતાં. બે દિવસના રોકાણ બાદ આજે પોરબંદર જવું હોવાથી સવારે પત્ની અને પુત્રી સાથે બસસ્ટેન્ડ ગયેલ. પરંતુ બસ સ્ટેન્ડ જતા માલુમ પડ્યું કે પોરબંદરની બસ આવવાને હજુ એકથી દોઢ કલાકની વાર લાગશે. જેથી બસ સ્ટેન્ડને અડીને જ આવેલ સરદાર ગાર્ડનમાં જેકલીનને ફરવા માટે લઈ ગયેલ. જેમાં જેકલીન ફરવામાં એટલી મશગુલ થઈ ગઈ કે બગીચાની બહાર ક્યાંક નીકળી ગઈ. જેથી તેણીના માતા હાંફળા ફાંફળા થઈ તેણીને શોધવા લાગ્યા. બીજીબાજુ બગીચાની બહાર નીકળી ગયેલ જેકલીન રડતી રડતી તીન બતી ચોક વિસ્તારમાં પહોંચી ગઈ. જ્યાં ચોકમાં ફરજ બજાવતા ટીઆરબીના બારોટ નિલેશ કુમાર અને મનીષ વાઘેલાની નજર આ રડતી બાળકી પર પડતા બંનેએ તરત જ બાળકીને તેડી લઈ તેને પાણી પીવડાવી સાંત્વના આપી નામ, ઠામ પુછતાં બાળકી ગભરાહટની મારી કંઈ બોલતી ન હતી. જેથી ટીઆરબીના આ બંને જવાનો બાળકીને સીટી પોલીસ સ્ટેશને લાવ્યા. ત્યાં થોડી જ વારમાં બાળકીને શોધતા શોધતા તેણીની માતા હેતલબેન અને નાના ત્યાં આવી પહોંચતા બાળકી દોડીને તેણીની માતાને બથ ભરી લીધી હતી. માં દીકરીનું આ મિલન જોઈ સૌ કોઈની આંખમાં આંસુ આવી ગયા હતાં. બાળકીને સુરક્ષિત જગ્યાએ લાવવા બદલ અને તેણીના પરિવારજનો સાથે મિલન કરાવવા બદલ બાળકીના માતા પિતાએ ટીઆરબી જવાનનો આભર માન્યો હતો.

# ઊના ગીરગઢડા રોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત બાઈક ચાલકને ગંભીર ઈજા

### કારનું હિટ એન્ડ રન બાઇક ચાલકને ઉડાડ્યો, બાદમાં કાર પલ્ટી ખાધી



ચક્રવાત ટીમ ઊના, તા.૦૯

ઉના ગીરગઢડા હોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકે ગંભીર ઈજા પહોચી હતી. જ્યારે કાર પલ્ટી ખાઈ જતાં કાર ચાલકનો આબાદ બચાવ થયેલ હતો. ઈજાગ્રસ્તને યુવાનને ખાનગી હોસ્પીટલે સારવાર અર્થે ખસેડાયેલ છે. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ ઉના રહેતા વિજયભાઈ અરવિંદભાઈ ગરાળા ગીરગઢડા બેંકમાં લોન ઓફીસર તરીકે ફરજ બજાવતા કર્મચારી હોય અને સાંજે ૬ વાગ્યાની આસપાસ બાઈક નં.જીજે ૧૧ બીજી ૩૧૦૭ પર ઉના ધરે આવતા હતા. ત્યારે અજાણ્યો કાર નં.જીજે ૦૩ કેસી ૫૧૭૬ નો ચાલક પુરપાટ ઝડપે આવી બાઈકને ધડાકાભેર અથડાવી દેતા બાઈક ફંગોળાઈ ગયેલ અને વિજયભાઈ નીચે પટકાતા શરીરના ભાગે તેમજ ડાબા પગમાં ફેક્ચર થઈ ગયેલ જ્યારે આ અકસ્માતમાં કાર પલ્ટી ખાઈ ગયેલ હતી. આ અકસ્માત થતા આજુબાજુના લોકો તેમજ વાહન ચાલકો એકત્ર થઈ ગયેલા હતા. અને ઈમરજન્સી ૧૦૮માં ઈજાગ્રસ્તને સારવાર અર્થ ખાનગી હોસ્પીટલે ખસેડાયેલ હોય આ બાબતે વિજયભાઈ ગરાળાએ અજાણ્યો કાર ચાલક વિરૂધ્ધ ગીરગઢડા પોલીસમાં ફરીયાદ નોધતા પોલીસે આગળની તપાસ હાથ ધરી કાર્યવાહી કરેલ છે. કારમાં સવાર ત્રણ વ્યક્તિઓનો આબાદ બચાવ થયેલ હતો.

# સ્વ.સંજયભાઈ બાબુભાઈ રાંકના સમણાર્થે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો : મંત્રી રાદડીયાની રકતતુલા

ચક્રવાત ટીમ જયેશ સરવૈયા, તા.૦૯

જેતપુર શહેરના વોર્ડ નં ૧૧ જેતપુર નવાગઢ નગરપાલીકાના અપક્ષ ઉમેદવાર સંજયભાઈ રાક નુ કોરોના કાળમાં અચાનક મૃત્યુ થતા તેમના સમણાર્થે આજ રોજ બ્લડ ડોનેશન કેમ્પ તેમજ ૧૬૮ રક્તદાન બોટલથી મંત્રી રાદડિયા ની રક્તતુલા કરવામાં આવી તેમજ રાત્રે લોક ડાયરાનું ભવ્ય આયોજન તેમજ વોર્ડ નં ૧૧ માં નવા ભાજપના ચુંટાયેલા ઉમેદવાર કિરીટભાઈ માવાણીનું સન્માનઅને સૌરાષ્ટ્રના સાવજ સ્વ.વિઠ્ઠલભાઈ રાદડીયાનુ નવુ ગીત લોચીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેતપુર શહેરમાં કોરાનાકાળમાં પોઝીટીવ થતા સ્વ . સંજયભાઈ રાંક હસમુખા અને મોજીલા સૌના દિલમાં વસતા તેમના શ્રધ્ધાજલી રૂપે બલ્ડ ન્જ ગ્રુપ ના કલ્પેશભાઈ રાંક દ્વારા જહેમત ઉઠાવી આ ડોનેશન કેમ્પ તેમજ વોર્ડમાં નવા ચુટાયેલ નગર સેવક કિરીટભાઈ માવાણીનુ સન્માન તેમજ સાંજના વાગ્યે આયોજન સ્થળ અમર નગરરોડ કાશી વિસ્વિનાથ મંદિરના પટાગણ મા સાજના ૯ કલાકે ભવ્ય લોકડાયરાનું તેમજ કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયા ને રક્તતુલા કરવામાં આવી તેમજ સૌરાષ્ટ્રના સાવજ સ્વ. વિઠ્ઠલભાઈ રાદડીયા નુ નવુ ગીત લોચીગ સહીત ના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે કેબીનેટ મંત્રી જયેશભાઈ રાદડીયા.તેમજ લલીતભાઈ રાદડીયા ખાસ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થીત રહ્યા હતા તેમજ જેતપુર નવાગઢ નગરપાલિકા પૂર્વ પ્રમુખ સુરેશભાઈ સખરેલીયા, નગરપાલિકા ના તમામ સદસ્યો ઉપસ્થિત રહી નગર સેવક રાંક ને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

# જેતપુરના મોટા ગુંદાળા ગામે પુત્રના હાથે પિતાની હત્યા કરાઈ

### મિલકત માટે 'હત્યા', દોરીથી ગળું દબાવી બાપને ઉતાર્યો મોતને ઘાટ

ચક્રવાત ટીમ જયેશ સરવૈયા, તા.૦૯

અત્યારે પૈસાની બાબતમાં સંબંધો ભૂલીને એકબીજાના લોહીના તરસ્યા થવાની અનેક ઘટનાઓ બનતી રહે છે. રાજકોટના જેતપુરમાં પુત્રએ જ પિતાનું ગળું દબાવીને હત્યા કરી નાંખી હતી. ઘટનાના પગલે પોલીસ ઘટના સ્થળે દોડી જઈને લાશને કબ્જે લઈને ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. મકાન અને મિલકત અંગે એક પુત્રના હાથે પિતાની હત્યા થવાની આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી હતી.

ઘટના અંગે મળતી માહિતી રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના મોટા ગુંદાળા ગામમાં મથુરભાઈ અમીપરા પરિવાર સાથે રહેતા હતા. મુથરભાઈએ પોતાના પુત્ર રાજેશને ઘર ખાલી કરાવનું કહ્યું હતું. જોકે, આ અંગે પુત્ર અને પિતા મથુરભાઈ વચ્ચે બોલાચાલી થઈ હતી.બોલાચાલીએ ધીમેધીમે ઝઘડાનું સ્વરૂપ ધારણ કર્યું હતું. ઉશ્કેરાયેલા રાજેશે ઘરમાંથી દારી લાવીને પિતાનું ગળે ટૂંપો આપીને મારી નાંખ્યા હતા. પિતાની હત્યા કર્યા બાદ પુત્ર ફરાર થઈ ગયો હતો..

આ અંગે પોલીસને જાણ થતાં પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. અને મૃતક મથુરભાઈના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. અને પિતાની હત્યાના આરોપી સામે ગુનો નોધીને તેને પકડાવના ચક્રોગતિમાન કર્યા હતા .જે આરોપી ને પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને હસ્તગત કર્યો. બીજી તરફ મકાન અને મિલકત અંગે એક પુત્રના હાથે પિતાની હત્યા થવાની આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી હતી.

# નેતાઓ સભા સંમેલનોમાં મસ્ત નગર અને નાગરિકો ગંદકીથી ત્રસ્ત



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૯

કોડીનાર નગરમાં છેલ્લા ઘણા સમયથી સ્વચ્છતા તેમજ ગંદકી બાબતે જીવંત તસ્વીરો અને હકીકત સાથે અનેક અહેવાલો મીડિયા દ્વારા રજૂ કરવામાં આવ્યા છે છતાં પણ કોઈ ને જાણે નગરજનોની જાનની કે આરોગ્યની દરકાર ના હોય તેમ તંત્ર બિલકુલ બેદરકાર બની ગયુ છે. કોડીનાર તાલુકા અને શહેરના પ્રવેશદ્વાર સમાન ઉના ઝાપા વિસ્તારમાં નગરપાલિકા જાણે સુષુપ્ત અવસ્થામાં હોય અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જાણે પ્રાણહીન બની ગઈ હોય તેમ નગરની વચ્ચે ગટર ઉભરાતી જોવા મળે છે જે દિશાહીન નગરતંત્ર ની તરફ તેમજ પ્રજાની આરોગ્ય સાથે ચેડા કરતી ગંદી રાજનીતિ તરફ ઈશારો કરે છે. ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ જો કોરોના જેવા કારમાં સમયમાં પણ જનતાની આરોગ્યની ચિંતા ના કરે તેમજ આ બાબતે ઉદાસીનતા સેવે તો એનાથી વધુ મોટું પાપ લોકશાહીમાં શું હોઈ શકે? શું કોડીનાર ના નગરજનો ને ગટરો અને ગંદકી માં જીવન વ્યતીત કરવાની ટેવ પાડવી રહી કે પછી તંત્ર કાયમી ધોરણે આ નગરની ગંદકી અને નગરજનો ની સમસ્યા નો અંત આણશે કે કેમ એ જોવુ રહ્યું. કોડીનાર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ શહેરના કચરાનો રસ્તાઓ પર નિકાલ સહિતના અહેવાલો મીડિયામાં પ્રકાશિત કરવામાં આવે છે તસ્વીરો અને હકીકત સાથે પણ તો પણ જનતા ના પ્રતિનિધિઓ કે તંત્ર કોઈ જ પગલાઓ ના ભરે એ પ્રજાના આરોગ્ય ની સાથે લોકશાહી માટે ખરેખર ચિંતાનો વિષય બની જાય છે.

# ઊના નગર પાલીકા દ્વારા બાકી મિલ્કત વેરાની વસુલાત માટે ઝુંબેશ હાથ ધરાઈ

### રૂ. ૪૫,૨૪,૧૬૪ ની રકમ બાકી હોય ન.પા.એ ૪ મોબાઇલ ટાવર સીલ કર્યા



ચક્રવાત ટીમ કૈલૈશ ભટ્ટ, તા.૦૯

ઊના નગર પાલીકા દ્વારા જુદા જુદા વેરાઓની વસુલાતની રકમ બાકી હોય તેવા મિલ્કત ધારકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. છેલ્લા ધણા સમયથી વેરો ભરપાઈ ન કરતા મિલ્કત ધારકોને અવાર નવાર નોટીસો આપવા છતાં જુદા જુદા આસામીઓ દ્વારા વેરો ભરપાઈ કરવામાં ન આવતા હોવાથી નગરપાલીકા દ્વારા મિલ્કતો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવતા મિલ્કત વેરો ભરવામાં બાકીદાર આસામી ઓમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. ઊના નગરપાલીકાના ચિફ ઓફીસરની સુચનાથી વસુલાત અધિકારી અશ્વિનભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ કર્મચારી સ્ટાફએ મિલ્કત વેરા ઓની વસુલાત ઝુંબેશ અંતર્ગત વર્ષોથી મિલ્કત વેરો ભરપાઈ ન કરતા આસામીઓની મિલ્કત સીલ કરવામાંની કામગીરી ન.પાલીકા દ્વારા હાથ ધરવામાં આવેલ જેના ભાગરૂપ મિલ્કત વેરાની વસુલાત કરવા ગયેલ અને ઈન્ડુસ ટાવર હસ્તક શહેરના જુદાજુદા વિસ્તારોમાં આવેલા ૪ મોબાઈલ ટાવરના મિલ્કત વેરાના છેલ્લા ધણા સમયથી રૂ.૪૫,૨૪,૧૬૪ બાકી હોય જે રકમ ભરપાઈ ન થયેલ હોય ન.પા. દ્વારા ૪ ટાવર સીલ કરી દેવામાં આવેલ છે. તેમજ ૭ વાણીજ્ય મિલ્કતો સીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત બાકીદારોની મિલ્કત ધારકો પાસે ઢોલ વગાડી તેમજ નળ કનેક્શન કાપી નાખવાની કાર્યવાહી નગર પાલીકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આગામી દિવસોમાં બાકી મિલ્કત વેરા વસુલાતની ઝુંબેશ શરૂ રહેશે. ત્યારે જે કોઈના મિલ્કત વેરા બાકી હોય તેમણે મિલ્કત વેરા ભરી જવા ન.પા. દ્વારા અપીલ કરવામાં આવેલ છે.

# સનવાવ ગામના ૫૦થી વધુ છાત્રો એસટી બસના અભાવે ૫ કિ.મી. પગપાળા શાળાએ જવા મજબુર

### ઊના એસટી ડેપોના મેનેજરે કહ્યું સરપંચ પાસે ફોન કરાવો પછી બસ શરૂ કરી આપુ



ચક્રવાત ટીમ કૈલૈશ ભટ્ટ, તા.૦૯

ગીરગઢડાના સનવાવ ગામના તેમજ આજુબાજુ વાડી વિસ્તારના પચાસથી વધુ વિદ્યાર્થીઓ ગીરગઢડા શાળાએ રોજ અભ્યાસ અર્થે જતા હોય છે. પરંતુ એસ ટી બસ ગામ સુધી ન આવતા તમામ વિદ્યાર્થીઓને નાછુટકે પગપાળા ૫ કિ.મી. ગીરગઢડા સુધી જવા મજબુર બન્યા છે. ત્યારે વિદ્યાર્થીઓને એસટી બસની સુવિધા મળે તેવી વિદ્યાર્થીઓની માંગણી ઉઠી રહી છે. ગીરગઢડા થી સનવાવ ગામ વચ્ચેના રોડનું કામ છેલ્લા ધણા સમય શરૂ હોય તે સમય દરમ્યાન એસટી બસની સુવિધા બંધ રાખવામાં આવેલ પરંતુ છેલ્લા સાતેક દિવસથી આ રોડનું કામ પૂર્ણ થઈ ગયેલ હોવા છતાં પણ એસ ટી બસ સનવાવ ગામે આવતી ન હોવાના કારણે ગામના તેમજ આજુબાજુ વાડી વિસ્તારના ધો.૮ થી ૧૦ ના છાત્રો શાળાએ જવા ૫ કિ.મી.દૂર પગપાળા શાળાએ અભ્યાસ કરવા જવાનો વારો આવ્યો હતો. ઉનાળાની શરૂઆત અને ધોમધખતા તાપ વચ્ચે રોજ વિદ્યાર્થીઓને પગપાળા જવું પડે છે. ત્યારે શાળાએ સમયસર પહોચી શક્તા નથી. આથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર પણ અસર પહોચે છે. મહત્વની વાતએ છે કે સનવાવ ગામે રોડ બની ગયા પછી પણ એસટી બસ પહોચી શક્તી નથી જ્યારે ટ્રાવેલ્સની બસો નિયમીત સનવાવ ગામમાં જાય છે. આ બાબતે ગામના જાગૃત જગદિશભાઈ બારૈયાએ ઉના ડેપો મેનેજર સાથે ટેલીફોન પર વાત કરતા ડેપો મેનેજરે જણાવેલ હતુ કે સરપંચ મને ફોન કરે એટલે બસ શરૂ કરી આપીશ.

# ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના માર્ગો પર રેતી ભરેલી ઓવરલોડ ટ્રકોને અટકાવી ગ્રામજનો દ્વારા ઉગ્ર વિરોધ



ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૦૯

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના અશા, પાણેથા તેમજ ઉમલ્લા ગામ પાસેથી પસાર થઈ રહેલા માર્ગ ઉપર થી રેતી ભરેલી ઓવરલોડ ટ્રકોના પગલે ગ્રામજનોએ ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો. માર્ગ પર દોડી રહેલી ઓવેલોડ ટ્રકોને અટકાવી ભરૂચ ખાણ ખનીજ વિભાગ ને જાણ કરી ટ્રક ચાલકો સામે કાર્યવાહી કરવા માંગ કરી હતી.

અશા ગામના એક સ્થાનિક મિડીયા સમક્ષ નિવેદનમાં જણાવ્યું હતું કે રોયલ્ટી વગરની ગાડીઓ ચાલતી હોવાના આક્ષેપ સાથે તેઓએ માર્ગને નુકસાન થતું હોવાનું તેમજ માર્ગની આજુ બાજુમાં આવેલા અમારા ખેતરોના પાકને પણ નુકસાન થતું હોવાનું જણાવ્યું હતું. વારંવાર ટ્રક ચાલકોને જાણ કરી હોવા છતાં ટ્રક ચાલકો ધ્યાને ન લેતા અમે ભરૂચ ખાણ ખનીજ વિભાગ ને જાણ કરતા ખાણ ખનીજ વિભાગ ના કર્મીઓએ રોયલ્ટી વગરની ગાડીઓ ઝડપી પાડી જમા કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

અસા ગામના અન્ય એક સ્થાનિકે રોયલ્ટી વગરની ગાડીઓ અહીથી જતી હોવાના આક્ષેપ મિડીયા સમક્ષ નિવેદનમાં કર્યા હતા. જે ગાડીઓ અમે પકડી પાડી હતી. એમ નિવેદનમાં જણાવ્યું હતું. ભરૂચ ખાણ ખનીજ વિભાગ ને જાણ કરતા જે સંદર્ભે કાર્યવાહી ચાલુ છે એમ જણાવ્યું હતું. અસા, પાણેથા તેમજ ઉમલ્લા માર્ગ પર દોડતા ઓવર લોડ વાહનોથી ગ્રામજનોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો હતો. હવે જોવાનું એ રહ્યું કે ખાણ ખનીજ વિભાગ દ્વારા ઓવરલોડ દોડતા વાહનો સામે શું કાર્યવાહી થશે તે તો આવનારો સમય જ બતાવશે.

# જેતપુરમાં આહિર સમાજ દ્વારા સન્માન સમારોહ યોજાયો

### આહિર સમાજના લોકો દ્વારા મેળવેલ સિધ્ધિઓને સન્માન આપવા માટે ખાસ યોજયો આ કાર્યક્રમ




ચક્રવાત ટીમ જયેશ સરવૈયા, તા.૦૯

રાજકોટ જિલ્લાના જેતપુરમાં જેતપુર શહેર અને તાલુકા આહિર સમાજ દ્વારા આહીર સમાજના સરકારી કર્મચારીઓ,અધિકારી અને યુવાનોમાં પ્રેરણારૂપ લોકોના સન્માનને અનુલક્ષીને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજકોટ રૂરલ ન્ઝ્રમ ના નારણ પંપાણીયાનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું જેમને તાજેતરમાં જ રાષ્ટપતિ ચંદ્રક દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્યના કેબિનેટ મિનિસ્ટર જયેશ રાદડીયા ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં જ્યાં તેમનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મોટા પ્રમાણમાં મહીલાઓ,બાળકો,યુવાનો અને પુરૂષો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. પોલીસ કર્મી નારણ પંપાણીયા (રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા) નું કેબિનેટ મિનિસ્ટર જયેશ રાદડિયા દ્વારા સન્માન કરવામાં આવ્યું સરકારી કર્મચારીઓ તેમજ અધિકારીઓએ ખાસ હાજરી આપી હતી અને આહીર સમાજ બહોળા પ્રમાણમાં શિક્ષિત અને સંગઠીત બને તેના પર વધુ ભાર આપ્યો હતો.

# વિધાનસભાંમા હીરા ઉધોગ બાબતે અંબરીશ ડેર દ્વારા રજૂઆત

### હીરાઉધોગ હંમેશા ગુજરાત ની જીવાદોરી સમાન રહ્યો છે અને હીરાઉધોગ થકી સરકાર ને કરોડો ડોલર નુ વિદેશી હૂંડિયામણ રળી આપે છે અને હીરાઉધોગ થકી આપણા લાખો રત્ન કલાકારો રોજગારી મેળવી પોતાનુ ઘર ગુજરાન ચલાવે છે

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૯

આજે ગુજરાત વિધાનસભામા રાજુલા ના ધારાસભ્ય અમરીશભાઈ ડેર એ હીરાઉધોગ ના રત્નકલાકારો પાસેથી લેવામા આવતો વ્યવસાય વેરો નાબૂદ કરવા અને હીરાઉધોગ ના રત્નકલાકારો ને મજુર કાયદા મુજબ લાભો અપાવવા માટે માંગણી કરવા મા આવી હતી. થોડા સમય પહેલા સુરત ની મુલાકાતે આવેલા અમરીશભાઈ ડેર સાથે ડાયમંડ વર્કર યુનિયન ગુજરાત ના આગેવાનો શ્રીભાવેશભાઈ ટાંક અને ભરતભાઈ હડિયા સહિત ના આગેવાનો એ મુલાકાત કરી હતી રત્નકલાકારો ની સમસ્યાઓ બાબતે ચર્ચા ઓ કરી હતી જેને અનુસંધાને આજે અમરીશભાઈ ડેર દ્વારા વિધાનસભા મા રત્નકલાકારો નો મુદ્દો ઉઠાવવા મા આવ્યો હતો. કેમ કે છેલ્લા ઘણા સમય થી હીરાઉધોગ મા રત્નકલાકારો પાયમાલ થઈ રહ્યા છે મોંઘવારી દિનપ્રતિદિન વધી રહી છે પણ હીરાઉધોગ ના રત્નકલાકારો ના પગાર વધવા ને બદલે ઘટી રહ્યા છે મંદી ના બહાના હેઠળ રત્નકલાકારો ઓછા પગાર મા કામ કરવા મજબુર બન્યા છે. એક તરફ રત્નકલાકારો ને મજુર કાયદા મુજબ ના લાભો આપવા મા આવતા નથી તો બીજી તરફ સુરત મહાનગર પાલિકા દ્વારા રત્નકલાકારો પાસેથી વ્યવસાય વેરો લેવા મા આવે છે જે બિલકુલ ગેરવાજબી અને ગેરકાયદેસર છે.

વૈશ્વિક મહામારી કોરોના વાયરસ ના કારણે સરકારશ્રી દ્વારા જે લોકડાઉન જાહેર કરવા મા આવ્યું હતુ ત્યારે એવો પરિપત્ર જાહેર કરવા મા આવ્યો હતો કે દરેક કંપની એ પોતાના કામદારો ને લોકડાઉન નો પગાર ચૂકવવો પડશે પણ સરકાર પોતે જ એના પરિપત્ર નો અમલ કરાવી શકી નહોતી જેના કારણે રત્નકલાકારો ને લોકડાઉન નો પગાર મળ્યો નહોતો તો બીજી તરફ સરકારશ્રી દ્વારા પણ રત્નકલાકારો ને કોઈ જ આર્થિક મદદ જાહેર કરવા મા નહોતી આવી જેના કારણે રત્નકલાકારો ભારે આર્થિક સંકટ મા આવી ગયા હતા.લોકડાઉન ના કારણે બેરોજગારી અને આર્થિકસંકટ ના કારણે અસંખ્ય રત્નકલાકારો એ આપઘાત કરી જીવન ટૂંકાવી લેવાના બનાવો બન્યા છે તેમ છતાં સરકારે કે ઉધોગપતિઓ એ આપઘાત કરનાર રત્નકલાકારો ના પરિવાર ની કે બાળકો ની જવાબદારી ઉપાડી નથી.

ગઈ કાલે જ સુરત મા વધુ એક રત્નકલાકાર એ બેરોજગારી અને આર્થિક સંકટ ના કારણે આપઘાત કરી લીધા નું અમને મીડિયા મારફતે જાણવા મળ્યું છે માટે રત્નકલાકારો ની સમસ્યા નું સમાધાન સરકાર વહેલિતકે લાવે તે ખૂબ જરૂરી છે. ડાયમંડ વર્કર યુનિયન ગુજરાત દ્વારા સરકારશ્રી ને ઢગલાબંધ રજૂઆતો કરવા મા આવી છે આપણા મુખ્યમંત્રીને રૂબરૂ મળવા માટે અનેક વખત સમય માંગવા છતા પણ તેમના દ્વારા હજી સુધી રૂબરૂ મુલાકાત માટે અમારા પ્રતિનિધિ મંડળ ને સમય આપવા મા આવ્યો નથી થોડા સમય પહેલા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સાહેબ ની રૂબરૂ મુલાકાત કરી રત્નકલાકારો ની સમસ્યા બાબતે અવગત કર્યા હતા અને બજેટ મા રત્નકલાકારો માટે આર્થિક પેકેજ જાહેર કરવા માટે પણ માંગણી કરવા મા આવી હતી પરંતુ સરકારશ્રી દ્વારા રત્નકલાકારો ની સતત અવગણના કરવા મા આવી રહી છે જો રત્નકલાકારો પ્રત્યે સરકાર નું વર્તન આવું જ રહ્યું તો આવનારા સમય મા તેના માઠા પરિણામો આપણે સૌએ ભોગવવા પડશે. હીરાઉધોગ મા હીરા નહીં પણ અમારા રત્નકલાકારો ઘસાય રહ્યા છે વિશ્વ ની સર્વશ્રેષ્ઠ આઈટમ હીરા ને ચમકાવતો રત્નકલાકાર નુ ભવિષ્ય અંધકારમય બની ગયું છે ત્યારે સરકારે ઉધોગપતિઓ ની સાથે રત્નકલાકારો નુ પણ વિચારવુ જોઈએ એવી અમારી માંગણી છે .

# આણંદ જિલ્લામાં ફેબ્રુઆરી-૨૧માં ૧૦ બાળલગ્નો અટકાવવામાં આવ્યા



ચક્રવાત ટીમ આણંદ, તા.૦૯

જિલ્લાબાળલગ્ન પ્રતિબંધક અધિકારી એસ. એમ. વ્હોરા દ્વારા જિલ્લાબાળ સુરક્ષા એકમ, પોલીસ વિભાગ અને ચાઈલ્ડલાઈન (૧૦૯૮) સાથે સંકલન કરી ટીમો બનાવી જિલ્લાંમાં બાળલગ્નો અટકાવવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. તદ્અનુસાર જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારીની કચેરીને ગત ફેબ્રુઆરી-૨૦૨૧ દરમિયાન કચેરીને લેખિત/મૌખિક કે ટેલિફોન દ્વારા જાણકારી મળી હતી તેમજ સમૂહલગ્નોના સ્થળે આકસ્મિક તપાસ કરવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના ભવાનીપુરા, સુણાવ, કણિયા, ધર્મજ, જોગણ (ટેલરપુરા) ગામે, બોરસદ તાલુકાના જંત્રાલ અને બોદાલ ગામે, ખંભાત તાલુકાના ફીણાવ તથા ઉમરેઠ તાલુકાના દાગજીપુરા ગામ મળી કુલ-૧૦ જેટલા બાળલગ્નો અટકાવવામાં આવ્યા હતા.

જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા બાળ સુરક્ષા એકમ, આણંદ, પોલીસ વિભાગ, ચાઈલ્ડ લાઈન(૧૦૯૮)ની બનેલ સંયુકત ટીમે રૂબરૂ સ્થેળ પર જઈને તપાસ કરી વાલી તથા કુટુંબીજનો સાથે પરામર્શ કરી બાળલગ્નના કાયદાની સમજ આપી બાળકી ૧૮ વર્ષ પૂર્ણ કરે અને બાળક ૨૧ વર્ષ પૂર્ણ કરે ત્યારબાદ જ લગ્ન કરવા અંગે સમજાવતા આ યોજાનાર લગ્નો મોકૂફ રાખવામાં આવ્યા હતા અને બાળકોના માતા-પિતા તથા વાલીઓના લેખિત નિવેદન તથા સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામા લેવામાં આવ્યા હતા.

આમ, બાળલગ્ન્ પ્રતિબંધક અધિકારી, આણંદની ટીમ દ્વારા સંયુકત ઓપરેશન હાથ ધરીને બાળલગ્ન સફળતાપૂર્વક અટકાવ્યા હતા.

# વાંકાનેર ભાજપમાં ભડકાના એંધાણ : જીતુભાઈ સોમાણીએ જીલ્લા ભાજપ પ્રમુખની નોટિસનો જવાબ આપી કર્યા ગંભીર આક્ષેપો

**વાંકાનેરના જીતુભાઇ સોમાણીએ જીલ્લા ભાજપ પ્રમુખની નોટિસનો જવાબ આપતા જીલ્લા ભાજપ પ્રમુખ દુર્લભજીભાઇ અને સાંસદ મોહનભાઇ કુંડારીયા ઉપર કર્યા ગંભીર આક્ષેપો...**

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૯

વાંકાનેર શહેર ભાજપના પ્રમુખને મોરબી જિલ્લા ભાજપ પ્રમુખે નોટિસ આપ્યા બાદ હાલમાં રાજકારણ ગરમાયું છે અને વાંકાનેરના લોહાણા સમાજના કદાવર નેતા જીતુ સોમાણીએ જિલ્લા ભાજપ પ્રમુખ અને સાંસદ મોહનભાઈ કુંડારીયા ઉપર આક્ષેપ સાથેનો લેટર બોમ્બ સોશ્યલ મિડીયામાં વાયરલ કરેલ છે જેમા જીતુભાઈ સોમાણીએ ગંભીર આક્ષેપો કરતા વાંકાનેર ભાજપમાં ભડકાના એંધાણ વર્તાઈ રહ્યાં છે.

જીતુભાઈ સોમાણીએ લખેલ લેટરમાં તેમણે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, ગુજરાત પ્રદેશ ભાજપે નક્કી કરેલ ટિકિટ ફાળવણી માટેની ગાઈડ લાઈનનો ભાગ માળીયા નગરપાલિકામાં થયો હોવા છતાં ત્યાં કેમ નોટિસ નહી ?, અગાઉ માજી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ પક્ષ વિરોધી પ્રવૃતિ કરી હતી તેમ છતાં તેઓની સામે કેમ કોઈ પગલા લેવામાં આવ્યા નથી ? અને જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી અને વાંકાનેર શહેર ભાજપના પ્રમુખને મોહનભાઈ કુંડારીયાએ અગાઉ ધમકી આપી હતી અને તેઓ જીતુભાઈ સોમાણીને મારી નાખશે અને બનાવ અકસ્માતમાં ખપાવી દેશે તેવો ભય વ્યક્ત કર્યો છે જેથી કરીને હાલમાં રાજકીય ગરમાવો મોરબી જીલ્લામા આવી ગયો છે.

વાંકાનેર શહેર ભાજપના પ્રમુખને જીલ્લા ભાજપના પ્રમુખ દ્વારા નોટીસ આપવામાં આવી હતી ત્યાર બાદ વાંકાનેરના ભાજપના કદાવર નેતા જીતુભાઈ સોમાણી દ્વારા હાલમાં જીલ્લા ભાજપના પ્રમુખને નોટીસ આપવામાં આવેલ છે જેમા તેમને લખ્યુ છે કે, તા.૨૩-૨ ના રોજ વાંકાનેર શહેર ભાજપ પ્રમુખ દીનુભાઈ વ્યાસને જીલ્લા ભાજપ પ્રમુખે નોટીસ આપી છે જેનો જવાબ આપતા કહ્યુ છે કે શહેર ભાજપ પ્રમુખએ સંગઠનને મજબૂત અને લોક સેવાકીય પ્રવૃતિ કરનાર વ્યકિત છે એ કોઈ પગારદાર નોકરી કરનાર કર્મચારી નથી આંમ , નિયમાનુશાર તેની પાસે ખુલાસો મંગી શકાય પરતું તેને નોટીસ આપવીએ ભારતીય જનતા પાર્ટીના બધારણથી વિરુદ્ધ છે અને નોટીસ મારા સંબધિત હોય તેમને લખ્યુ છે ગુજરાત ભાજપ પ્રદેશ દ્વારા



૬૦+ અને સતત ત્રણ ટર્મે ચૂંટણી જીતેલા વ્યકિતને ૨૦૨૧ ની સામાન્ય ચૂંટણીમાં ઉમેદવાર ન બનાવવા જેનું પાલન વાંકાનેર શહેર સંગઠને ખૂબ જ નિષ્ઠાપૂર્વક કર્યું છે પરંતુ ગુજરાત ભાજપ પ્રદેશ દ્વારા ડમી ઉમેદવાર તરીકે કોને ફોર્મ ભરવું અને કોને ફોર્મ ન ભરવું તેવી કોઈ ગાઈડલાઈન કે પરિપત્ર કરેલ નથી . સાથે સાથે જીલ્લા ભાજપ દ્વારા પણ આવી કોઈ સૂચના લેખિત કે મૈખિક શહેર સંગઠનને આપેલ નથી અને વાંકાનેર રાતીદેવરી જીલ્લા પંચાયતના ઉમેદવાર શેરશીયા ઝહીરભાઈના ડમી ઉમેદવાર તરીકે તેમના પિતા શેરશીયા યુસુફભાઈએ ભરેલ છે જે ૬૦+ ની ઉપર ઉંમર ધરાવે છે.

વધુમાં કહેલ છે કે, નોટીસમાં જણાવી રહયા છો કે વોર્ડ નંબર-૩ ના ઉમેદવારનું ફોર્મ ખામી વાળુ ભર્યું હતું આ બાબત આપની પાયાવિહોણ છે. કેમ કે ઉમેદવારના ફોર્મ જીલ્લા ભાજપ સંગઠન, શહેર ભાજપ સંગઠન અને લીગલ સેલ દ્વારા ભરવામાં આવે છે. આંમ ફોર્મ ખામી વાળુ છે તે ભરતી વખતે ખબર હોય તો આપે તે સુધારી લેવું જોઈએ નહિ કે ખોટા આક્ષેપો કરીને તમારી જવાબદારી માંથી છટકી જવાનું અને પ્રદેશ ભાજપની સ્પષ્ટ સૂચના હતી કે ૬૦+ ની ઉમરના વ્યકિતને ઉમેદવાર તરીકે ઉભા ન રાખવા છતા પણ તમે માળીયા નગરપાલિકાની ચૂંટણીમાં આ નિયમ વિરુધ્ધ ઉમેદવારો ઉભા રાખ્યા છે જેમા જેડા ફાતેમાબેન ઉષ્માનભાઈ વોર્ડ નંબર-૨ (૭૫), કટીયા નેકમામદ વલીમામદ વોર્ડ નંબર -૫ (૬૨), જામ અમીનાબેન મામદભાઈ વોર્ડ નંબર-૪ (૬૨) જેડા હસીનાબેન જાનદમામદ વોર્ડ -૧ (૬૨) નો સમાવેશ થાય છે ત્યા કેમ નોટીસ નહી ? આ સમગ્ર બાબત તેઓ પ્રદેશ ભાજપની પાર્લામેન્ટ્રી બૉર્ડને પણ કરશે તેવુ નોટીસમા જણાવેલ છે.

જીલ્લા ભાજપ દ્વારા પ્રદેશમાંથી આવેલ ચુટણી ફંડ વાંકાનેર શહેર સંગઠન સિવાય જીલ્લાના તમામ સંગઠનને આપવામાં આવ્યું છે તો વાંકાનેર શહેર સંગઠન સાથે આવુ વર્તન શા માટે...? સાથો સાથ જીલ્લા સંગઠન દ્વારા પ્રદેશના નેતાઓની સભા, પ્રચાર વગેરે કાર્ય કર્યો કરવામાં આવતા હોય છે વાંકાનેર શહેર સાથે એક પણ વખત આ બબતે સંકલન આ ચૂંટણીમાં કરેલ નથી તો વાંકાનેર નગરપાલિકામાં ભાજપના ઉમેદવારને જીતાડવાની જવાબદારી તમારી નથી ? સમગ્ર મોરબી જીલ્લામાં માળીયા નગરપાલિકાને બાદ કરતા દરેક જગ્યાએ ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો છે . આ ભવ્ય વિજય આપણા લોક લાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની લોકપ્રિયતા તેમજ સંવદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની કાર્યદક્ષતા અને પ્રદેશ પ્રમુખ પાટીલના નેતૃત્વને લીધે આવેલ છે આ ભવ્ય વિજય કોઈ એક વ્યકિતના કારણે આવેલ નથી જે મોરબી જીલ્લામાં હાલ શેખી મારી રહ્યા છે.

મોરબી ધારાસભાની પેટા ચૂંટણીમાં કાંતીલાલ અમૃતિયાએ ભાજપ વિરુદ્ધમાં કામ કરેલ છે જેની જાણ જીલ્લા ભાજપ સંગઠન, પ્રદેશ ભાજપ સહિત તમામને ખબર છે છતા પણ આજ દીન સુધી તેને કોઈ પણ પ્રકારની નોટીસ કે મીડીયામાં તેના વિરુદ્ધ કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી તેનું કારણ શું ? હું લોહાણા સમાજમાંથી આવું છું અમારા સમાજની વસતી ખૂબ જ ઓછી છે મારો સમાજ મને રાજકીય પ્રતિનીધીત્વ આપ્યું છે જયારે જીલ્લા પ્રમુખ દુર્લભજીભાઈ અને મોહનભાઈ કુંડારીયા વારંવાર રાગદ્વેષ અને કિન્નાખોરી રાખી મારી રાજકીય કારકિર્દી ખતમ કરવાના પ્રયત્નો કરી રહયા છે. વધુમાં એવુ પણ લખેલ છે કે, મોરબી જીલ્લામાં મોહનભાઈ કુંડારીયા પોતાનો રાજકીય પ્રભાવ વધારવા એન - કેન પ્રકારે ભાજપના કાર્યકરોને દબાવીને ધમકાવીને પોતાના દબાણમાં રાખવા કાર્ય કરી રહયા છે મોરબી જીલ્લાના ભૂતપૂર્વ જીલ્લા ભાજપ મહામંત્રી હિરેન પારેખને જડેશ્વર પણ નહિ પોહચ તારા ટાંટીયા ભાંગી નાખીશ તેવી ધમકી આપેલ હતી.

# મોરબી યુવા આર્મી ગ્રુપની મહિલા ટીમે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની વિશિષ્ટ ઉજવણી

ચક્રવાત ટીમ મોરબી, તા.૦૯

૮મી માર્ચ એટલે વિશ્વ મહિલા દિવસ. મહિલાઓનું સમાજ અને સંસ્કૃતિની જાળવણીમાં યથાર્ત પ્રદાનને બિરદાવવા આ દિવસની ઉજવણી વિશ્વભરમાં થાય છે. ત્યારે મોરબીના યુવા ગ્રુપની મહિલાઓ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી.



મોરબી યુવા આર્મી ગ્રુપની મહિલા વિંગ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી. દિવસ-રાત જોયા વિના ટ્રાફિક શાખામાં ખડેપગે ફરજ બજાવતાં મહિલાકર્મીઓનું પુષ્પગુચ્છ અને ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે મોરબી જિલ્લા ડીવાયએસપી રાધિકા ભારાઈનું યુવા આર્મી મહિલા ગ્રુપ દ્વારા સન્માન કરાયું હતું. ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન સ્ત્રીરોગને લગતી તમામ પ્રકારની બીમારીની સારવારમાં ગરીબ પરિવારોને રાહત આપી સારવાર કરતા અને સાથોસાથ અન્ય સેવાકીય કાર્યથી પણ માનવતા મહેકાવતા આર્શિવાદ હોસ્પીટલના ડો. વિણા પટેલને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના સમાપન સમયે યુવા આર્મી ગ્રુપના સહસભ્યોએ પરિવાર સાથે કેક કાપી સમુહ ભોજન કરી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી સંપન્ન કરી હતી.

# ગીરસોમનાથની ડારી જીલ્લા પંચાયતની બેઠક પર વિજતા અભય જોટવાનુ સન્માન

ચક્રવાત ટીમ ગીરસોમનાથ, તા.૦૯

ગીરસોમનાથ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં બધાનું કેન્દ્ર બિંદુ રહ્યું હોય તો ડારી જિલ્લા પંચાયતની સીટ રહી છે જેમાં



કોંગ્રેસના ઉમેદવાર અભય જોટવા વિજય થયા બાદ આજે દિલ્હી ખાતે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સન્માન કર્યું છે. નવી દિલ્લીમાં ભારતીય યુથ કોંગ્રેસની રાષ્ટ્રીય કાર્યકારીમાં રાહુલ ગાંધીના હસ્તે ગીરસોમનાથ જિલ્લા પંચાયતના સદસ્ય અભય જોટવાનું સન્માન કરવામાં આવ્યું, રાષ્ટ્રીય યુથ કોંગ્રેસના પ્રમુખ બી.વી. શ્રીનિવાસ અને મહામંત્રી સીતારામ લાંબા પણ ઉપસ્થિત રહ્યા હતા. વાત કરવામા આવે તો ગીરસોમનાથ જીલ્લા પંચાયતમા સૌથી નાની વયના અભય જોટવાએ વિજય થયો હતો. આગામી સમયમાં ગીરસોમનાથ જિલ્લા કોંગ્રેસને મજબૂત બનાવવા માટે કામ કરીશુ એવું અભય જોટવા દ્વારા જણાવાયું હતું.

# ટેકાના ભાવે ચણા ખરીદી માટે જથ્થા મર્યાદામાં વધારો કરવા માંગ કરતા વાંકાનેર માર્કેટિંગ યાર્ડના ચેરમેન

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૯

સરકાર દ્વારા ૦.૫ હેક્ટર ચણાના વાવેતર વિસ્તાર ધરાવતા ખેડૂતો પાસેથી ૮૩૨ કિલોગ્રામ અને ૦.૭૫ હેક્ટર ચણાના વાવેતર ધરાવતા ખેડૂતો પાસેથી ૧૦૦૦ કિલો ગ્રામ ચણાનો જથ્થો ટેકાના ભાવે ખરીદવાની જોગવાઈ કરવામાં આવી છે, જેમાં હાલ વાંકાનેર માર્કેટિંગ યાર્ડ ખાતે સરકાર દ્વારા ટેકાના ભાવે ચણાની ખરીદી શરૂ કરવામાં આવી છે. જેમાં આજે વાંકાનેર માર્કેટિંગ યાર્ડના ચેરમેન શકીલ પીરઝાદા દ્વારા ચણા ખરીદ કેન્દ્રની મુલાકાત લઈ ખેડૂતો અને સરકારી કર્મચારીઓને આ પ્રક્રિયામાં માર્કેટિંગ યાર્ડ દ્વારા તમામ સહકાર આપવાની ખાત્રી આપી હતી.



અત્રે ઉલ્લેખનીય છે કે માર્કેટીંગ યાર્ડની રજૂઆતના પગલે વાંકાનેર માર્કેટિંગ યાર્ડ ખાતે સૌપ્રથમ વખત ટેકાના ભાવે સરકારે ચણા ખરીદી કેન્દ્રની ફાળવણી કરી છે.

આ બાબતે વાંકાનેર માર્કેટિંગ યાર્ડના ચેરમેન શકીલ પીરઝાદાએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી, વાંકાનેર માર્કેટિંગ યાર્ડને ટેકાના ભાવે ચણા ખરીદ કેન્દ્ર આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને માંગણી કરી હતી કે ટેકાના ભાવે ચણાની ખેડૂતો પાસેથી ખરીદી કરવાની યોજનામાં હાલની મર્યાદામાં વધારો કરી ખેડૂતો પાસેથી વધુ જથ્થોમાં ચણાની ખરીદી કરવામાં આવે જેથી ખેડૂતોને આ યોજનાનો વધુમાં વધુ લાભ મળે.

# પ્રભાસ પાટણમાં સ્વરોજગારલક્ષી માર્ગદર્શન સેમિનાર

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૯

ગીર સોમનાથ જિલ્લા ના પ્રભાસ પાટણ મા પટની જમાતખાના ખાતે મુસ્લિમ સમાજના શિક્ષિત યુવકો/ યુવતિઓ માટે સરકારી સર્વિસ તેમજ ગૃહ ઉદ્યોગ મેળવવા માટે નો માર્ગદર્શન સેમીનાર હુશેનભાઈ ગઢિયા, બશિરભાઈ ગોહેલ, અનિશ ચૌહાણ સર દ્વારા રાખવામાં આવેલ. સરકારી નોકરીઓ મેળવવા તેમજ ગૃહ ઉદ્યોગ માટેની તૈયારીઓ કરવાની વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ. સમાજમાં શિક્ષણ નું પ્રમાણ વધારવા, સરકારશ્રીની યોજનાઓ નો લાભ સર્વે લોકો સુધી પહોંચાડવા, ડોક્યુમેન્ટસ વેરિફિકેશન ના કેમ્પો રાખવા, જરૂરિયાતમંદ/ વિધવા/ તલાકસુદા બહેનોને ગૃહઉદ્યોગ થકી રોજગારી મેળવી પગભર કરવા વિગેરે બાબતોની ચર્ચાઓ આ પ્રોગ્રામમાં કરવામાં



આવેલ.

આ સેમિનાર ની સૌથી મહત્વની વિશેષતા એ હતી કે મોટી સંખ્યામાં મહિલાઓ એ હાજરી આપેલ હતી. સરકાર દ્વારા આપવામાં આવતી ગૃહઉદ્યોગ (સ્વરોજગારી) સહાય મેળવવા માટે ૧૦ ,૧૦ બહેનો ના ૪ ગ્રુપ બનેલા તેઓ સ્વનિર્ભર બને તેના માટે આયોજકો દ્વારા દરેક રીતે સહાયરૂપ થવાની તેમજ પ્રભાસ પાટણ ના સર્વે આગેવાનો દ્વારા સરકારી નોકરી મેળવવા માટે શાહીન કોલોની ખાતે ચાલી રહેલ કલાસીસમાં લાયબ્રેરી બનાવવા માટેની બાંહેધરી આપવામાં આવેલ. પ્રોગ્રામમાં મુખ્ય મહેમાનો તરીકે અમદાવાદ થી પધારેલા નિશાર અહેમદ બી. શેખ (રિટાયર્ડ એડિશનલ રજીસ્ટાર - ગુજરાત સહકાર અને ડેરી વિકાસ બોર્ડ, યુસુફભાઈ પાકિજા, કાસમભાઈ પટેલ, હારૂનભાઈ મોઠિયા, સલીમભાઈ મુન્શી, આશિફભાઈ મુનશી, ફારૂક ભાઈ પેરેડાઈઝ, મુસાભાઈ વાકોટ, યાસીનભાઈ, અયાઝ ભાઈ કાલવાત, સલીમભાઈ સોડાવાલા, અનિશ ચૌહાણ સર, ઈરફાન મુન્શી સર, હનિફભાઈ પટેલ, હસનભાઈ કૌશર, મુસ્તકિમ ભાઈ વાજા તેમજ દરેક જ્ઞાતિના પટેલ આગેવાનો તેમજ સામાજિક કાર્યકરોએ બહોળી સંખ્યામાં હાજરી આપેલ. ફારૂક મલિક પેરેડાઈઝ, આશિફભાઈ મુન્શી તથા ચાંદની કેરિયર એકેડમીએ પ્રોગ્રામને સફળ બનાવવા આર્થિક રીતે મદદ કરી તથા આ પ્રોગ્રામમાં સેવા આપી ભારે જહેમત ઉપાડેલ તથા સમાજના વિકાસ માટે આવા કાર્યક્રમો આગળ પણ થતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવેલ હતી. આ કાર્યક્રમમાં ગીર સોમનાથ જિલ્લાના સામાજિક કાર્યકર ફારૂકભાઈ પેરેડાઈઝ નું તેમની સામાજિક સેવા ની કદર રૂપે શાલ ઓડાઢી તેમનુ સન્માન કરવામા આવેલ.

# ઝઘડીયા તાલુકા આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા જૂની પડતર માંગણીઓ તથા કાળ દરમિયાનની માંગણીઓ બાબતે આવેદન

ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૦૯

આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા આજરોજ ઝઘડિયા તાલુકા મામલતદારને આવેદનપત્ર પાઠવી પડતર માંગણીઓ તથા કોરોના સમયના ભથ્થા બાબતની માંગણીઓ કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે કોરોના કાળ પરિસ્થિતિ દરમિયાન ગુજરાતનાં ગામડાંઓમાં અને શહેરમાં આંગણવાડી વર્કરો બહેનોએ ખૂબ જ કપરી સ્થિતિમાં જીવના જોખમે કામગીરી બજાવી છે. આંગણવાડી વર્કર હેલ્પરો એ આખો દિવસ ની સર્વેની કામગીરી લોકડાઉન હોવા છતાં રેડ ઝોન વિસ્તારમાં કામગીરી બજાવી છે, જેમાં કેટલાક બહેનોને કોરોના પોઝિટિવ રિપોર્ટ પણ આવેલા છે તે પૈકી ત્રણ બેનો ના મૃત્યુ થયા છે. કોરોના સર્વેની કામગીરી



દરમિયાન આંગણવાડી કર્મચારીઓને કોઈ જ રકમ ચૂકવવામાં આવી નથી. કોરોના કામગીરી દરમિયાનની કામગીરી માટે પ્રશંસા રૂપે ગત માર્ચ ૨૦ થી દૈનિક રૂ ૩૦૦ એરિયર્સ સાથે ચૂકવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આંગણવાડી વર્કર હેલ્પર અને લઘુતમ વેતન આપો અન્ય રાજ્યોની જેમ તાત્કાલિક રૂ. ૧૦,૦૦૦ માનદવેતન આપવાની માંગ કરી છે. હેલ્પરનો પગાર ખૂબ ઓછો હોય વર્કરના પગાર ના ૭૫ ટકા લેખે ચૂકવવા વધારો ચુકવવામાં આવે, જૂના પડતર પ્રશ્નો માં તેમણે માંગ કરી છેકે પંચાયતમાં નિવૃત્તિ ચોથા વર્ગ નિવૃત્તિ વય મર્યાદા ૬૦ છે તેમજ દેશનાં તમામ રાજ્યોમાં આંગણવાડી વર્કર હેલ્પર નિવૃત્તિ વય મર્યાદા ૬૦ છે જે લાંબા સમયની માગણી છે નિવૃત્તિ વયમર્યાદા ૬૦ કરવામાં આવે, જિલ્લા-તાલુકા કક્ષાએ એક વખત બદલી કરવાની મંજૂરી આપવી જોઈએ, મીની આંગણવાડીને ફુલ આંગણવાડી બનાવી તેમને વર્કરને મળતુ માનદ વેતન ચુકવવુ, તૈયાર ફૂડ પેકેટના બદલે પહેલાની માફક ટેક હોમ રેશન આપો તેમજ દરેક બાળક માટે દૂધ ની માંગણી કરી છે, દર વર્ષની જેમ નિયમિત રીતે આંગણવાડી બહેનોને સાડી તરીકે ડ્રેસ આપવામાં આવે, નવી શિક્ષણ નીતિ અમલ બાબતે સંગઠનને માંગણી કરી છે કે આંગણવાડી કેન્દ્રમાં પ્રિ સ્કુલ કરી પ્રિ સ્કૂલ ટીચરનો હોદ્દો આપવામાં આવે તથા હેલ્પર અને આસિ. પ્રિ સ્કૂલ ટીચરનો હોદ્દો આપવામાં આવે, ગુજરાતમાં નવી શિક્ષણ નીતિ અમલ પહેલા આંગણવાડી ક્ષેત્રે કામ કરતા સંગઠનો સાથે ચર્ચા-વિચારણા વિમર્શ તેમજ તેમના સૂચનો માટે બેઠક યોજવાની પણ આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા માંગ કરવામાં આવી છે.

# જેસપોરમાં દેસાઈ ફાઉંડેશન ટ્રસ્ટ અને ગ્રામવિકાસ ટ્રસ્ટ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરાઈ

ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૦૯

દેસાઈ ફાઉંડેશન ટ્રસ્ટ એ આરોગ્ય, શિક્ષણ, રોજગારી તેમજ બેહનો અને બાળકો ના વિકાસ માટે કાર્યરત સંસ્થા છે.



આ સંસ્થા દ્વારા કોરોના જેવી મહામારી મા ભરૂચ જિલ્લા ના અનેક ગામો મા મફત કોટન માસ્ક નું વિરણ કરવામા આવ્યું હતું.

આ સંસ્થા મહિલા ઓ માટે ખાસ કાર્યરત સંસ્થા છે મહિલા ઓ રોજગારી મળે અને મહિલા ઓ પોતે આત્મ નિર્ભર બને તેવા પ્રયાસો થી મહિલા ઓ ની અલગ અલગ રીત ની તાલીમ પુરી પાડે છે જેમકે સીવણ કલાસ બ્યુટી પાર્લર અને સાથે કોપ્યુટર કલાસ તો આજે વિશ્વ મહિલા દિવસે ઝઘડિયા તાલુકા ના જેસપોર ગામે વોકેસનલ કલાસ પર દેસાઈ ફાઉંડેશન ટ્રસ્ટ અને ગ્રામવિકાસ ટ્રસ્ટ દ્વારા મહિલા દિવસ ઉજવણી કરવામાં આવી હતી જેમ વિવિધ રમતો તેમજ ફેશન શો અને સીવણ નું ડિસ્પ્લે બનાવવા માં આવ્યું હતું..અને ત્યાર બાદ વિવિધ રમતો મા ભાગ લેધેલ મહિલા ઓ ને રંજન બેન ના હાથે ઈનામ વિતરણ કરવા મા આવ્યું હતુ બધી પ્રવૃત્તિ ઓ માં મહિલા ઓ ઉત્સાહ થી ભાગ લીધો હતો.

# સુત્રાપાડાના પ્રાસલી ખાતે ૧૦૮ કર્મીઓને વેક્સિનેશન



ચક્રવાત ટીમ સુત્રાપાડા, તા.૦૯

સુત્રાપાડા તાલુકાના પ્રાસલી આરોગ્ય કેન્દ્ર ખાતે આજે કોરોના વોરીયસ ૧૦૮ કર્મીઓને આજે પ્રાચી તીર્થ લોકેશન ના કર્મીઓને આજે કોવીડ સીલ વેક્સિનેશન નો બીજો ડોઝ આપવામાં આવ્યો હતો જેમાં કોઈને પણ આડ અસર થઈ નહોતી. અને આ વેક્સિનેશન સંપૂર્ણ સુરક્ષિત છે જેમાં ૧૦૮ના કર્મીઓમાં નરેશભાઈ ચૌહાણ તથા જીતેન્દ્રભાઈ ઝાલા તથા દેવશીભાઈ લાખણોત્રા ને વેક્સિન નો બીજો ડોજ આપવામાં આવ્યો હતો તેઓએ બીજા લોકોને પણ વ્યસન લેવા માટે અનુરોધ કરાયો હતો.

# વાંકાનેર બાઉન્ડ્રી પાસે પાણી સપ્લાઈનો ધંધો કરતાં યુવાનને ચાર શખ્સોએ માર માર્યો

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૯

વાંકાનેર તાલુકાનાં ઠીકરીયાળી ગામે રહેતા અને પાણી સપ્લાઈનો ધંધો કરતાં યુવાનને પાણી આપવાનું બંધ કરી દેતા ચાર શખ્સોએ વાંકાનેર બાઉન્ડ્રી પાસે માર માર્યો હતો અને તેની પત્નીને પણ ગાળો આપી હતી જેથી ભોગ બનેલા યુવાને વાંકનેર તાલુકા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાનાં ઠીકરીયાળી ગામ ખાતે રહેતા અને પાણી સપ્લાઈનો ધંધો કરતાં જયદિપભાઈ શામજીભાઈ માંડાણી (ઉ.વ. ૩૦)એ હાલમાં વાંકાનેરનાં ઠીકરીયાળી ગામે રહેતા રાહુલભાઈ રાજુભાઈ માંડાણી, મનીષભાઈ રાજુભાઈ માંડાણી, હિતેષભાઈ રાજુભાઈ માંડાણી અને રાજુભાઈ રાજુભાઈ માંડાણી સામે માર માર્યો હોવાની ફરિયાદ નોંધાવી છે જેમાં તેને જણાવ્યુ છે કે, વાંકાનેર બાઉન્ડ્રી પાસે ફરીયાદી વોટર સપ્લાયરનું કામ કરતાં હોય અને આરોપીઓને પાણી આપતા ન હતા જેનો ખાર રાખીને ફરીયાદી તથા સાહેદને લાકડા તથા પાઈપ ધોકા વડે માર મારીને ગાળો આપી હતી તથા ફરીયાદીના પત્નિને ઘરે જઈ ગાળો આપી હતી જેથી પોલીસે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેર માર્કેટિંગ યાર્ડમાં ટેકાના ભાવેચણાનીખરીદીશરૂ, યાર્ડદ્વારા કરવામાં આવેલ રજૂઆત સફળ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૯

વાંકાનેર માર્કેટિંગ યાર્ડ ખાતે આજથી તારીખ ૦૮/૦૩/૨૦૨૦ સોમવારથી ટેકાના ભાવે ચણાની સરકાર દ્વારા ખરીદી શરૂ કરવામાં આવી છે, અત્રે ઉલ્લેખનીય છે કે વાંકાનેર માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે ચણા ખરીદી કેન્દ્રની ઈતિહાસમાં પ્રથમ વખત ફાળવણી કરવામાં આવી છે. ગત તારીખ ૧૫/૦૨/૨૦૨૦ ના રોજ વાંકાનેર માર્કેટિંગ યાર્ડ દ્વારા જિલ્લા કલેકટર સાહેબ મોરબી અને નાયબ જીલ્લા મેનેજર GSCSCL ને લેખિત રજૂઆત કરી વાંકાનેર ખાતે સરકારી ચણા ખરીદી કેન્દ્ર શરૂઆત કરવા માંગણી કરવામાં આવી હતી જે રજૂઆતને પગલે વાંકાનેર માર્કેટિંગ યાર્ડ ખાતે સૌપ્રથમ વખત ટેકાના ભાવે ચણાની ખરીદી માટે કેન્દ્રની ફાળવણી કરવામાં આવી છે, જેમાં ખાતા દીઠ રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોના ૫૦ મણ ચણાની ખરીદી રૂ. ૧૦૨૦ના ભાવે સરકારી ગાઈડલાઈન મુજબ સરકાર મારફત કરવામાં આવી રહી છે.

# સુરેન્દ્રનગરના વઢવાણના પોલીસ સ્ટેશનમાં મહિલા દિનની ઉજવણી



ચક્રવાત ટીમ વઢવાણ, તા.૦૯

વઢવાણ પોલીસ સ્ટેશન ખાતે 'વિશ્વ મહિલા દિન'ની ઉજવણી નિમિતે પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી. ડી. ચુડાસમા ના અધ્યક્ષ સ્થાને ઉજવણી કરવા મા આવી હતી.

આ પ્રસંગે સમગ્ર સમાજના નાગરિકો મહિલાને સન્માન ભાવથી જુવે તે અંગે સંવાદનુ આયોજન કરવામાં આવેલ જેમાં સ્ત્રી પુરુષ સમોવડી છે અને તેઓનુ યોગદાન પુરુષ પ્રધાન દેશમા ઓછું આંકી ના શકાય, આ પ્રસંગે મહિલા પોલીસ કર્મચારી દ્વારા રંગોળી બનાવી હેપી વુમનડેની શુભેચ્છાઓ પાઠવવામા આવી હતી. આ કાર્યક્રમ ને સફળ બનાવવા પોલીસ કર્મચારી ઓએ જહેમત ઉઠાવી હતી.

## તંત્રીસ્થાનેથી......

# પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં મુસ્લિમોના મતને વિભાજિત કરવા માટે ભાજપનો માસ્ટર પ્લાન

પશ્ચિમ બંગાળની ચૂંટણી મુસ્લિમોને નારાજ કરીને લડી શકાતી નથી. એવું એટલા માટે કહેવાય છે કારણ કે રાજ્યની કુલ વસતિમાં મુસ્લિમોની ભાગીદારી લગભગ ૩૦ ટકા છે. સીટોની રીતે જોઈએ તો અંદાજે ૭૦-૧૦૦ સીટ પર તેમના એક તરફી વોટ જીત અને હાર નક્કી કરે છે. આ એજ કારણ છે કે કૉંગ્રેસ, લેફ્ટ (ડાબેરી), ભાજપ અને ટીએમસી (તૃણમૂલ કૉંગ્રેસ) આ તમામ વોટરોને (મતદારોને) આકર્ષવાનાં પ્રયત્નો કરી રહ્યાં છે. કૉંગ્રેસ અને લેફ્ટના ગઠબંધને પહેલાં જ કહ્યું છે કે તેમની સાથે હવે ફુરફુરા શરીફના પીરઝાદા અબ્બાસ સિદ્દીકી પણ છે. રાજકારણમાં સીધી રીતે તેમની પહેલી વખત એન્ટ્રી છે. ગત અઠવાડિયે ત્રણેય પાર્ટીઓએ સંયુક્ત રીતે એક રેલી કરી હતી, જેના પછી કૉંગ્રેસમાં આ ગઠબંધન પછી કેટલાંક બાગી સૂર સંભળાઈ રહ્યા હતા. રેલીમાં અબ્બાસ સિદ્દીકીના વ્યવહારને જોઈને લેફ્ટ પાર્ટીના સ્થાનિક નેતાઓમાં પણ આ ગઠબંધનને લઈને થોડી અસહજતા જોવા મળી. બીજી તરફ ઑલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ)ના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ પણ ચૂંટણી મેદાનમાં ઉતરવાની જાહેરાત કરી છે. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં જે મુકાબલો હાલ સુધી ત્રિકોણીય લાગી રહ્યો છે. પશ્ચિમ બંગાળમાં મુસ્લિમ વોટર કેટલાંક નિશ્ચિત વિસ્તારોમાં કેન્દ્રિત નથી, પરંતુ જગ્યાએ જગ્યાએ ફેલાયેલાં પણ છે. બાંગ્લાદેશની સરહદ પાસેના રાજ્યના જિલ્લામાં મુસ્લિમોની વસતિ ઘણી છે.



**યાકુબ બાદી**
**તંત્રી**

મુર્શિદાબાદ, માલદા અને ઉત્તર દિનાજપુરમાં તો ક્યાંક ક્યાંક વસતિ ૫૦ ટકાથી વધારે છે. આ સિવાય દક્ષિણ અને ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં પણ તેમની ખાસી અસર છે. વિધાનસભાની ૨૯૪ સીટોમાંથી ૭૦ થી ૧૦૦ સીટ પર આ વર્ગના વોટ નિર્ણાયક છે. વર્ષ ૨૦૦૬ સુધી રાજ્યની મુસ્લિમ વોટ બૅન્ક પર સામ્યવાદી પક્ષનો કબજો હતો. પરંતુ આની સાથે જ આ વર્ગના વોટર ધીમે-ધીમે મમતાની તૃણમૂલ કૉંગ્રેસ તરફ આકર્ષિત થયાં અને વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૬માં આ વોટ બૅન્કના કારણે મમતા સત્તામાં ટક્યાં. એવામાં સવાલ ઉઠે છે કે શું ટીએમસીને નુકસાન ભાજપને ફાયદો પહોંચાડી શકે છે? જેના જવાબમાં જો ઓવૈસી કેટલીક સીટો પર વોટ કાપી શકે છે તો સંભવ છે કે ઓવૈસીને બંગાળની ચૂંટણીમાં ચિરાગ પાસવાન બનાવવામાં આવે. જેમ ચિરાગે બિહાર ચૂંટણીમાં સીટ ભલે ના જીતી હોય, પરંતુ નીતિશ કુમારની પાર્ટીની સીટ જરૂર ઘટાડી હતી. એવામાં આ વખતે ઓવૈસી ભલે બંગાળ ચૂંટણીમાં જીત ન નોંધાવે, પરંતુ ટીએમસીનો ખેલ બગાડી શકે છે. લેફ્ટ-કૉંગ્રેસ અને અબ્બાસ સિદ્દીકીની પાર્ટી સંયુક્ત રેલી પછી લેફ્ટના વોટર ઘણા ઉત્સાહિત જોવા નહોતા મળ્યા. એવામાં જોવાનું એ છે કે બંગાળમાં લેફ્ટનું પ્રદર્શન કેવું રહેશે. લેફ્ટ અને કૉંગ્રેસની સાથે આવવાથી જે ચૂંટણી ત્રિકોણીય જંગ લાગવા લાગી હતી, તે ફરીથી મમતા-મોદીની વચ્ચેનો મુકાબલો નજર આવી રહી છે. એક બીજી વાત પર પણ ધ્યાન આપવાની જરૂર છે. ઓવૈસી અને સિદ્દીકીના આવવાથી મતનું ધ્રુવીકરણ જરૂર થશે, હિંદુ વોટ વધારે સંગઠિત થશે અને આનો ફાયદો હંમેશા ભાજપને થાય છે. ભાજપની રણનીતિ આવી દેખાઈ રહી છે. કૉંગ્રેસની અંદર જ અબ્બાસ સિદ્દીકીના જોડાણને લઈને હાલ ખૂબ ખેંચતાણ ચાલી રહી છે.

# ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....

## ‘Krossing ગર્લ’

ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

રવિ વિરપરીયા

## પ્રકરણ ૮૫

સ્વતંત્રતા અને સ્વંછદતાં

’હ્યુમન લેબ’ માં આજનો આ ૧૨ મો મોરલ લેશન હતો. અહીંયાના દરેક લેશન પ્રિન્સિપાલ વિસ્મય શાહ ખુદ લેતાં હતાં. દરેક લેશન સાવ અલગ રીતે જ શીખવવામાં આવતો. અમને આ લેબના દરેક લેશન વખતે ઈન્તેજારી રહેતી આ લેશનમાં કંઈ નવી સ્ટાઈલ હશે ? અમે જે ધારતાં એનાથી કંઈક અલગ જ વિસ્મય પમાડે એવું પ્રિન્સિપાલ રજૂ કરતાં. આજે પણ આખો કલાસ એક્સાઈટેડ હતો. કારણ કે હ્યુમન લેબમાં અમારે આ છેલ્લો લેશન શીખવાનો હતો. અને સરે પ્રોમિસ આપેલું કે આ લેશન બહુ ખાસ રહેવાનો હતો. એટલે જ અમે દુઃખ અને કશુંક સ્પેશ્યલ હોવાનું સુખ બન્ને સાથે અનુભવી રહ્યા હતાં.

મીરા આજે ઉદાસ લાગતી હતી. આજે પિરિયડમાં તે એકપણ શબ્દ બોલી નહોતી. મને લાગ્યું કે જસ્ટ મૂડ ઓફ હશે. રિસેશમાં ઠીક કરી દઈશું. પણ એવું કશું નહોતું થયું. એ હજુ એમ જ ગુમસુમ બેઠી હતી. "હેય, મીરું શું પ્રોબ્લેમ છે...આજે કેમ મૂડ ઓફ છે."

તેને મારી સામે જોયું. તેની આંખો કાચ જેવી પારદર્શક હતી. તેમાં રીતસર ગુસ્સો વર્તાઈ રહ્યો હતો. તેને કઈ જવાબ ના આપ્યો.

"’સ્ત્રી ના ગુસ્સા પાછળનું કારણ જાણતાં આવડી ગયું તો તમે સ્ત્રીનું અડધું દિલ વગર રોમાન્સે જીતી લો છો.’ સાગર શેખ ’છોકરીના છપ્પા’ માં આવું બ્રહ્મજ્ઞાન આપે છે." મેં આટલું બોલી કારણ જાણવાનો પ્રયત્ન કર્યો પણ એને કશો ફર્ક ના પડ્યો. તેને ફરીથી ગુસ્સાથી મારી સામે જોઈને નજર ફેરવી લીધી.

મેં કારણ જાણવાના હેતુથી રાહુલ અને હેપ્પી સામે જોયું. રાહુલે મોં અને હાથના ઈશારાથી કહ્યું ’મને શું ખબર ?’

હેપ્પી માટે જ જાણે હું માંડ લાગમાં આવ્યો હોય એવું હતું." પાર્ટનરના મૂડને જાણી શકવાની ત્રેવડ ના હોય તો સિંગલ રહેવાય...!" હું કંઈ રીપ્લાય આપ્યા વગર સમસમીને બેસી રહ્યો.

"હેય, મીરું પ્લીઝ યાર બોલને....ઘરે કોઈએ કંઈ કીધું ? મારાથી કંઈ ભૂલ થઈ ગઈ ? મિન્સ યાર મને ખબર ના હોય ..તને કંઈ કહેવાય ગયું હોય...તો સોરી.. પ્લીઝ તને આમ રડતાં ચહેરવાળી હું જોઈ નથી શકતો ?" તે જાણે હમણાં રડી પડશે એવું લાગતું હતું. તેનો ગોરો ચહેરો લાલ થઈ ગયો હતો. તે એકદમ ક્યૂટ અને ઈનોસન્ટ લાગતી હતી.

તેને મારી સામે જોયું. મેં નાના બાળક જેવા કાલાવાલા કરી તેને મનાવવાની કોશિશ કરી. હાથ જોડ્યા. તેનો હાથ હાથમાં લેવાની કોશિશ કરી. પણ તેને તરત જ હાથ ઝટકો મારીને છોડાવી લીધો. તે ફરીથી મોઢું ફેરવી રિસાઈને બેસી ગઈ. મારી તમામ મહેનત પર એક ઝાટકે પાણી ફરી વળ્યું. આમ તે મારી પર ઘણીવાર ગુસ્સો કરતી. આ માટે મોટેભાગે મારી બેદરકારી, થોડોક આળસુ અને ધૂની સ્વભાવ જવાબદાર હતો. દરવખતે થોડા મનામણાં પછી અમારી વચ્ચે બધું પહેલાં જેવું થઈ જતું. પરંતુ આ વખતે મેં કોઈ મોટી ભૂલ કરી હશે એવું લાગ્યું.

"હેલ્લો એન્ડ ગુડ મૉર્નિંગ માય ડિયર સ્ટુડન્ટ્સ. આજે મારે આવવામાં થોડું લેટ થઈ ગયું. ડોન્ટ વરી, આજે આપણું લાસ્ટ મોરલ લેશન છે. સો ના ધાર્યું હોય એટલું લાબું પણ ચાલી શકે....? નો ટાઈમ લિમિટ. તમે બધા તૈયાર છો ને આ મેરેથોન સેશન માટે ? તો આજે થોડા મોડા છીએ. એટલે વધારાની કોઈ વાતો વગર સીધી શરૂઆત જ કરીએ.

કુદરત...નેચર કે પછી પ્રકૃતિ. એ કોઈ જાતના બંધનમાં માનતી નથી. પછી એ ભલેને શારીરિક, માનસિક કે લાગણીશીલ..ગમે એ પ્રકારનું હોય. એને સતત વિકસતું રહેવું ગમે છે. કોઈપણ જાતના નિયમ વગર. આ નિયમ માણસને પણ લાગુ પડે. વર્ષો સુધી માણસ નેચર સાથે બેલેન્સ રાખી જીવતો રહ્યો. પોતાનું અસ્તિત્વ ટકાવી વિકસતો રહ્યો. કુદરતી હોનારતો અને આપત્તિઓને લીધે એ વધુ મજબૂત અને આક્રમક બન્યો. એ સાથે એક બાબતમાં દરેક સજીવથી અલગ પડતો રહ્યો. એ છે આવતીકાલનો ડર.

આ નોટ એગ્રી થઈ શકાય એવી વાત સમજાવવા થોડું ઊંડું ઉતરવું પડે. પરંતુ આજે એ માટે પૂરતો સમય નથી. એટલે મેં કહ્યું એસાચુંમાની આગળ વધીએ. ડોન્ટ વરી, જે સવાલ થાય એ નોટ કરતાં જજો. આજનું મોરલ લેશન પૂરું થયા પછી એ સવાલ જીવતાં રહેશે તો હું દરેકના જવાબ આપીશ. આપણે આજના મુદ્દાને હાફ ફિક્શન વાર્તા તરીકે સમજીશું.

તો આગળ વધીએ. દરેક સજીવમાં ઈશ્વરે મોરલ એથીકસનો એક સોફ્ટવેર ફીટ કરેલો. સહ અસ્તિત્વ. આજે પણ માણસ સિવાયના અન્ય જીવોમાં એ સોફ્ટવેર યોગ્ય રીતે કામ કરે છે. માણસે પોતાના વિચારો બદલ્યા એમ ઈશ્વરે પણ માણસ માટે પોતાની વ્યૂરચના બદલી. માણસે ખુદના અસ્તિત્વને ટકાવવા રાક્ષસ કહી શકાય એ હદે સ્વાર્થી બન્યો ?

ઉદાહરણ તરીકે.......સામાન્ય રીતે જંગલી પ્રાણીઓ ભૂખ લાગે ત્યારે શિકાર કરે. આ રીતે પ્રકૃતિની ગોઠવયેલી કડીઓ મુજબ દરેકને પૂરતું મળી રહેતું. પણ માણસે વિચાર્યું.....આવતીકાલે કશુંક ના બનવાનું બન્યું, મારે કોઈ કારણોસર ભૂખ્યું રહેવું પડે તો ? તો થોડું સ્ટોરેજ કરતાં જઈએ..જેથી આવતીકાલે પ્રોબ્લેમ ના થાય.

અહીંયા માણસ પ્રકૃતિએ આપેલી સ્વતંત્રતાનો ઉપયોગ કરી સ્વંછદ બન્યો. એને ફક્ત પોતાનો સ્વાર્થ સાધ્યો. ઈશ્વરને ડર લાગ્યો....જો આમ જ હાલ્યું તો કાલે સવારે માણસ પ્રકૃતિનું એકબીજાને આધારે ચાલતું બેલેન્સ ખોરવી નાખશે....તેને માણસને ભવિષ્યના ડરમાં કેદ કરી દીધો. એટલે જ એ આજહી બહેતર બનાવવાને બદલે આવતીકાલ વિશે વિચારીને જીવવા માંડ્યો. એમાં એને ભૂતકાળને સાચવવાની કલા પણ વિકસાવી. એમાંથી જન્મ થયો સંસ્કૃતિનો.......!

પછી એમાં સમય સાથે અલગ અલગ પ્રદેશ મુજબ માનવસમૂહ વિકસવા લાગ્યો. વિચારોથી જંગલી અને સ્વાર્થી એવો માણસ ખુદને કંટ્રોલમાં રાખવા પોતાના ઉપર જ નિયમોનું બંધન વધારતો ગયો. ધીમે ધીમે એમાં પ્રદેશ અને માન્યતાઓ અને આસ્થા મુજબ ધર્મ,જાતિ,સમાજ જેવી પ્રથા અમલમાં આવી. હવે માણસ ભવિષ્ય સાથે ભૂતકાળ સાચવવાની ચિંતા પણ કરવા લાગ્યો.

એ ઘણીવાર પછડાયો. વિકસ્યો ,વિસ્તર્યો,ફરી સંકોચાયો , ફરીથી બેઠો થઈને આગળ વધ્યો. આ સમય દરમિયાન એવુંબનતું રહ્યું કે એને ખુદ માટે જ વિચારેલું. એને પ્રકૃતિને બહુ નુકસાન નહોતું કર્યું. એટલે બધું એકબીજા સાથે અનુકૂલન સાધીને ચાલતું હતું. પણ ઓગણીસમી અને વીસમી સદીમાં માણસની જરૂરિયાતો સંતોષતા એમને કુદરતના દરેક સર્જન પર અધિકાર જમાવવાનું શરૂ કર્યું.

અહીંથી માણસ આડકતરી રીતે ઈશ્વરના અસ્તિત્વને ચેલેન્જ કરવા લાગ્યો. એને દરેક વસ્તુનું વેપારીકરણ કરવાનું શરૂ કર્યું. હવે તેની લડાઈ જરૂરિયાતો માટે નહોતી. માનવસમૂહમાં ખુદને સર્વોપરી સાબિત કરવા માટેની હતી. પોતાની આ મનની ઈચ્છાથી સામાન્ય માણસને અજાણ રાખવા માનવ શરીરપર શોભતાં અવનવા કપડાંની જેમ માણસ પર સમાજ અને વ્યવસ્થાના નામે અવનવા નિયત્રણો લાદતો ગયો. આ નિયમો સમય સાથે વધુ જડ બનતાં ગયા અને શોષણનું રૂપ લેતાં ગયા.

માનવજીવનના સર્કસને સાચવવા સરકારો અસ્તિત્વમાં આવી. એનું સંચાલન ગણ્યા - ગાંઠ્યા અઠંગ ખેલાડીઓના હાથમાં આવી. એમણે ખુદના ઈશારે આખો ખેલ ચલાવ્યે રાખ્યો. એમાં ધર્મના નામે ઈશ્વરનો બખૂબી ઉપયોગ અને વેપાર કરી જાણ્યો. પાપઅને આબરૂના ડરને લીધે આખી માનવજાતિનો વિકાસ રૂંધી નાખ્યો. ત્યારબાદ સત્તા, પ્રસિદ્ધિ, પૈસા બધાથી સંતોષ થયા બાદ અંદર રહેલું પેલું જંગલીપણું બહાર આવવા દસ્તક દેવા લાગ્યું.

એમાં પણ ૨૦ મી સદીના અંતમાં ટેકનોલોજીએ હરણફાળ વિકાસ સાધ્યો. માણસને ખુદને ભગવાન બનવવાના ઓરતાં જાગ્યા. એ અનુભવે એટલું શીખેલો કે માણસપણ ભરોસો ના કરાય. એને માનસિક કે શારીરિક ગમે એટલાં ગુલામ બનાવશો એક સમયે તો એની અંદર રહેલા કુદરતી લક્ષણો બળવો કરશે જ. આથી એને કહ્યું માને એવા રોબોટ બનવવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું.

માણસે અજાણતાં જ ખુદને ગુલામ બનાવવાનું શરૂ કરી દીધું હતું. એ સાથે પરાવલંબી. મિન્સ કે માણસ સામનો કરવાની ક્ષમતા ગુમાવતો જતો હતો. એને ટેકનોલોજી અને સેટેલાઈટના સહારે પૃથ્વીના ઈશ્વર બનવાની યોજના અમલમાં મૂકી. પ્રકૃતિને નિયઁત્રણમાં રાખતાં તત્વોને કાબૂમાં કરવાની કોશિશ કરી.પરંતુ એને ક્યાં ખબર હતી પ્રકૃતિ અપવાદો પોતાના માટે અનામત રાખે છે. તમે ગમે તેટલા પ્રયત્નો કરો છતાં કોઈપણ સંજોગોમાં એના પર કાબૂ મેળવી શકો નહીં.

બસ માણસે અહીંયા ભૂલ કરી. એને જ્યાંજ્યાં પ્રકૃતિની છેડછાડ કરી ત્યાં પ્રકૃતિએ વૉર્નિંગ સ્વરૂપે એનું રોદ્ર સ્વરૂપ બતાવ્યું. અને જ્યારે કુદરત સામે મોરચો માંડ્યો. ત્યારે ઈશ્વરે માણસને એની ઔકાત બતાવીને કહેવાતાં ચમત્કારો સર્જી માણસને મુંઝવણમાં મૂકી દીધો. જેનું એક ઉદાહરણ આપણી સામે છે. આ કલાસમાંથી રાહુલ જેવા અનેક સ્ટુડન્ટસ એનો લાભ પણ લઈ ચુક્યા છે. એનું નામ છે આપણી સ્કૂલની સિક્યુરિટી સિસ્ટમ દેવી. એટલામાં દેવી સ્ટેજ પર હાજર થઈ. એની હાજરીમાં રાહુલ અસ્વસ્થ થવા લાગ્યો.

અમે બધા એકબીજા સામે જોવા લાગ્યા. દેવી ? આવું કંઈ રીતે બની શકે ? મેં અત્યારે જેલાંબુ લચક ભાષણ આપ્યું એમાંથી કોઈને કશું સમજાયું. ?

મીરાએ જવાબ આપતાં કહ્યું. " સર, સ્યોરતો ના કહી શકું પણ..તમે હ્યુમન મેન્ટલીટી કંઈ રીતે વિકસી અને આ માનવસમૂહને નીયઁત્રીત કરતી સમાજવ્યવસ્થાનું નિર્માણ થયું એના વિશે વાત કરી."

"એક્સિલન્ટ ...માય ડિયર, મીરા માટે એકવાર જોરદાર તાળીઓ થઈ જાય." વિસ્મય સરેકહેતાં જ આખા કલાસે મીરા માટે જોરદાર તાળીઓ પાડી.

"સર, દેવી તો એક રોબોટ છે. એને તમે કહયું એમ ઈશ્વરનો ચમત્કાર કંઈ રીતે કહી શકાય?" ક્લાસમાંથી એક છોકરાએ સવાલ પૂછ્યો.

"યસ, માય ડિયર ....એ રોબોટ છે સાચું...પણ વિચારી શકે એવો અને અમુક હદે...હ્યુમન ફીલિંગ્સ અનુભવી શકે એવો. એ આખી કહાની તો હું તમને ના જણાવી શકું. પણ આ સર્જન માટે એક અકસ્માત જવાબદાર છે. સો...એ બરાબર પણ આજના આ તમારા માટે મહા બોરિંગ લેક્ચરને આજના મોરલ લેશન સાથે શું કનેશન ?

તમારા ’ક્રિએશન પેડ’ માં એક ટાસ્ક અપલોડ થઈ ચૂક્યો છે. તમારે આ ટાસ્કમાં દુનિયાની આઠમી અજાયબી એવી દેવીના સર્જનનું રહસ્ય ઉકેલવાનું છે......!

**(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૦-૦૩-૨૦૨૧, બુધવાર, મહા વદ-૧૨, સૂર્યોદય-૬-૩૭, સૂર્યાસ્ત-૬-૨૬, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ શ્રાવણ

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- સ્થાનીક સ્તરે તમારી કંપની પ્રંબધ થવાની નોકરીમાં મનગમતી જગ્યા મળે રાજકીય વ્યકિતની મુલાકાત થાય

» વૃષભ(બ.વ.ઉ.) :- લગ્ન ઈચ્છુકોને સફળતા મળે રહેવાનો નવા આયોજનો કોઈની મદદ મળે માતાનો સહકાર મળે

» મિથુન(ક.છ.ઘ.) :- વિદેશના પ્રવાસની શકયતાઓ ઉભી થાય નવી મિત્રતા લાભદાયક રહે સંસ્થાનો સારો હોદો સહકાર રહે

» કર્ક(ડ.હ.) :- નળબા વિચારોને ટાળજો કર્જ કરવાથી દુર રહેજો દસ્તાવેજના કાર્યમાં કોઇ ઉતાવળ ન કરવી

» સિંહ(મ.ટ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળે એકીએક નાણા માટે આશાવાદ ફળવાનો વિજાતીય મિત્રતા ગાઢ બને

» કન્યા(પ.ઠ.ણ.) :- વિદેશ વસતા સગા સ્નેહીઓ તરફથી શુભેચ્છા સંદેશો મેળવાશે સગાઈ લગ્નની ઈચ્છામાં સફળતા.

» તુલા(ર.ત.) :- નાના કાર્યોમાં પણ ચીવટ રાખજો બિન જરૂરી વિવાદથી દુર રહેજો આવક વધારવાના પ્રયત્નો ફળવાના

» વૃશ્ચિક(ન.ય.) :- આર્થીક પ્રશ્નોને લઈને પ્રગતીના અવકરોધો રહે ધાર્મીક સંસ્થાના સારો હોદો મેળવશે કર્જ ન કરવુ

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- નવી ઓળખાણ થી લાભ રહે રચનાત્મક પ્રવૃતિમાં રૂચી વધવાથી ખર્ચ ઉપર કાબુ રાખવા પ્રયાસ થાય

» મકર(ખ.જ.) :- તમારી મહેનતનું ફળ મળવાનુ છે નોકરીમાં લાભ રહે કર્મચારી વર્ગને સફળતા રહે સ્વાસ્થય જાળવવું

» કુંભ(ગ.શ.સ.) :- સંતાનોની સગાઈ બાબતના કાર્યને લઈને પ્રવાસ થાય આવકનું પ્રમાણ જળવાઈ રહે નોકરીમાં બદલીના ચાન્સ

» મીન(દ.ચ.ઝ.) :- ઉત્સાહ વધવાનો કાનુની પ્રશ્નોથી દુર રહેજો રહેણાકના મકાનમાં બદલીના ફેરફારો થવાની ઈચ્છા ફળવાની.

# નારી તું નારાયણી

(વિષમ પરિસ્થિતિઓમાં પણ લક્ષ્યનો વેધ કરી બતાવનાર એક નારીશક્તિની સત્યવાર્તા)

એ દિવસ હતો ૨૨ જૂન ૧૯૮૩ નો. સૌરાષ્ટ્ર વિસ્તારમાં જુનાગઢ નજીક વંથલી તાલુકામાથી ઓઝત નદી પસાર થાય. એ દિવસે જબરદસ્ત વરસાદ અહી ખાબકેલો. પરિણામે ઓઝત ગાંડિતુર બનેલી. ૭૦ ઇંચ વરસાદ પડતાં ઉપરવાસમાં ડેમના દરવાજા ખોલી નાંખવામાં આવેલ, જેના પરિણામે ઓઝત સહિત ઉબેણ અને મધુવંતી નદીઓમાં પણ પાણીની પુષ્કળ આવક હતી. આ પાણી વંથલી અને તેની આસપાસના ગામડાઓમાં ફરી વળ્યા હતા. મોટી હોનારત થઈ હતી. વહીવટી તંત્રને પણ કઈ સુઝ પડતી ન હતી એવી ભયાનક તારાજી માત્ર થોડી જ કલાકોમાં સર્જાઈ ગઈ હતી.

આ જળ હોનારતમાં કુલ ૧૨૦૦ લોકોના મૃત્યુ નિપજ્યાં હતા. કેટલાય માણસો લાપતા થયા હતા. વંથલી અને બાજુનું ગામ શાપુર બંને બેટમાં ફેરવાઈ ગયા હતા. લગભગ ૪૮ કલાક સુધી આ વિસ્તારો પાણીમાં ગરક થઈ ગયા હતા. બબ્બે દિવસો સુધી લોકોને મકાનની છત અને નળિયા ઉપર તેમજ વૃક્ષો ઉપર રાતવાસો કરવો પડ્યો હતો. રેલ્વે લાઈન સંપૂર્ણ ધોવાઈ ગઈ હતી. એક પણ વીજપોલ બચ્યો ન હતો. ટેલિફોન સેવા પણ ખોરવાઈ ગઈ હતી. અનેક લોકોની સાથોસાથ અનેક પશુઓ પણ મોતને ભેટી ગયા હતા.

એક બાજુ આ હોનારત શરૂ હતી ત્યારે જ અહીથી એકદમ નજીકના જ ગામ ભિયાળમાં મંજુલાબેન એક દીકરીને જન્મ આપે છે. મંજુલાબેનના પતિદેવ પોતે શાપુર ગામમાં જંતુનાશક દવાઓનો નાનો વેપાર કરતાં. તેમનું નામ જયંતિલાલ શેખડા. મૂળ આ પરિવાર જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકાનાં વસપડા ગામનો. ઘરની આર્થિક પરિસ્થિતી ખૂબ નબળી હતી. દીકરીનું નામ યોગિતા રાખવામા આવ્યું. થોડા સમય બાદ શેખડા પરિવારમાં યોગીતાને એક નાનો ભાઈ અને એક નાની બહેનની કંપની પણ નસીબ થાય છે.

રસોડા અને ઓસરી વગરની માત્ર ૨ નાની ઓરડીઓ વાળા મકાનમાં આ ૫ જણાનો પરિવાર ભાડે રહેતો હતો. મંજુલાબેન પોતે હાઉસવાઈફ એટ્લે પોતાની દીકરીઓને ઘર સાંભળવા બાબતે બરોબર તૈયાર કરવી પડશે એ પણ જાણતા હતા. પણ ભણ્યા વગર કોઈનો ઉદ્ધાર નથી એવું જયંતિલાલ બખૂબી જાણતા હતા. એટ્લે યોગિતાને તેમણે ગામની પ્રાથમિક શાળામાં એડમિશન અપાવ્યું. યોગીતાએ પોતાનો પ્રાથમિક ધોરણોનો અભ્યાસ સરકારી કન્યા શાળા શાપુર ખાતે પૂર્ણ કર્યો. જ્યારે યોગિતા ધોરણ ૭ માં આવી ત્યારે તેઓ બધા જ મેંદરડા શિફ્ટ થયા. જ્યાં તેના પિતાએ ભાગીદારીમાં કટલેરીની દુકાન શરૂ કરી. યોગીતાએ પોતાનો બાકીના પ્રાથમિક ધોરણોનો અભ્યાસ સરકારી કન્યા શાળા મેંદરડા ખાતે પૂર્ણ કરેલ.

હાઈસ્કૂલનો અભ્યાસ તેણે સરસ્વતી વિધા મંદિર મેંદરડા નામની અર્ધસરકારી શાળામાં પૂર્ણ કર્યો. ધોરણ ૧૦ માં તેણે ૮૦% ઉપર ઘણા સારા માર્કસ મેળવ્યા. હાઈસ્કૂલ દરમિયાન યોગિતા હંમેશા પોતાના વર્ગમાં પ્રથમ આવતી. તે ભણવાની સાથે ઈત્તર પ્રવૃત્તિમાં પણ હોંશિયાર હતી અને હંમેશા પ્રથમ નંબર લાવતી. પોતે હાઈસ્કૂલમાં હતી ત્યારથી જ ખૂબ સમજુ હતી. પોતાના પરિવારની આર્થિક રીતે નબળી સ્થિતિથી પૂરેપુરી વાકેફ હોવાથી તેણી ભણવાની સાથોસાથ સિલાઈકામ, રાખડી બનાવવી, ભગવાનના હાર બનાવવા, મહેંદીના કોન તૈયાર કરવા જેવા અનેક ક્રિએટિવ કામો તે કરતી.

એસ.એસ.સી. બોર્ડ બાદ તેણીએ સાયન્સ પ્રવાહ સાથે આગળ વધવાનું નક્કી કર્યું. તેણીના ઘરની આર્થિક પરિસ્થિતી ઘણી જ નબળી હતી અને વધુમાં યોગિતાથી નાના બે ભાઈ બહેન નો પણ અભ્યાસનો ખર્ચ અને જવાબદારીઓ હોવા છ્તા તેના પિતાશ્રી અને માતૃશ્રી બંનેએ યોગિતાને ભણાવવામાં કોઈ કસર રાખી નહીં. ધોરણ ૧૧ અને ૧૨ નો અભ્યાસ તેણે રાજકોટ ખાતે કડવીબાઈ કન્યા વિધાલય ખાતે કર્યો અને એચ.એસ.સી. બોર્ડમાં પણ ૬૪% ઉપર માર્કસ મેળવી ઉતીર્ણ થઈ. મોટે ભાગે વિધાર્થીઓ ધોરણ ૧૨ માં ખૂબ સારા ટકા પોતે લાવી શકશે અને ડોક્ટર કે એંજિનિયર બની શકશે એવા આત્મવિશ્વાસ સાથે આગળ વધતાં હોય છે. અહી ૬૪% આવવાના કારણે યોગિતા પોતાની જાતને ભણવામાં ઠોઠ સમજવા લાગી.

પોતે પોતાના માતાપિતાની અપેક્ષાઓ ઉપર ખરી ઉતરી શકી નહીં. નિષ્ફળતાનો તેને અહેસાસ થવા લાગ્યો હતો અને તે નાસીપાસ થવા લાગી. આવી પરિસ્થિતી આ ઉંમરે વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરનારા લગભગ ૧૦૦ માથી ૭૦ વિધાર્થીઓની ગણી લેવાની. આગળ જતાં તેણે વલ્લભ વિધાનગર ખાતેથી



**ચિંતન વૈષ્ણવ**
**‘જાગતે રહો’**

વી.પી.સાયન્સ કોલેજમાથી ૫૮% સાથે પોતાનું બી.એસ.સી. પૂર્ણ કર્યું. ધોરણ ૧૨ બોર્ડમા પોતાની અપેક્ષા કરતાં ઓછા ટકા આવવાના કારણે ઉદભવેલા અસંતોષની અસર કોલેજના અભ્યાસ પર પણ દેખાઈ. વર્ષ ૨૦૦૪ માં તેણીએ ૬૯% સાથે ફ્રસ્ નો અભ્યાસ પૂરો કર્યો.

આર્થિક રીતે નબળા પરિવારોમાં સામાન્ય રીતે દીકરીઓની ભણવાની ઈચ્છા હોવા છ્તા તેને ભણતી ઉઠાડી લેવામાં આવે છે. એક સામાન્ય માનસિકતા એવી થઈ ગઈ છે કે, આ તો દીકરી છે એટ્લે એના તો લગ્ન થઈ જવાના છે એટ્લે એને ભણાવવામાં ખર્ચ કરવાની જરૂર નથી. પરંતુ યોગિતાના માતાપિતા આનાથી કઈક અલગ જ વિચારસરણી ધરાવતા હતા. પેટે પાટા બાંધીને પણ તેમણે યોગિતાની ભણવાની ઈચ્છા હતી તો તેને સારી યુનિવર્સિટી અને કોલેજમાં ભણાવી. સાયન્સ પ્રવાહમાં અભ્યાસ, સારા સારા વાલીઓની કમર તોડી નાંખે છે.

યોગિતાનો સ્વભાવ એકદમ સંવેદનશીલ. એને નાની નાની વાતમાં પણ રોવું આવી જાય. કોલેજનું ભણતર પૂરું થયું ત્યાં સુધી તેની છાપ ઘરમાં રોતલ તરીકેની જ હતી. સ્નાતક થયા બાદ તાત્કાલિક જ યોગિતાને નોકરી શોધવાની ફરજ પડી કારણકે નાના ભાઈ અને બહેનનો અભ્યાસનો ખર્ચ કાઢવા માટે કમાવું ખૂબ જરૂરી હતું. જૂનાગઢમાં ડો.મણિયાર સાહેબની લેબોરેટરીમા યોગિતાને નોકરી મળી ગઈ. માત્ર ૨૦૦૦ રૂપિયા પગારથી તેણે નોકરી શરૂ કરી. પોતાના પિતાને આર્થિક રીતે શક્ય એટલું મદદરૂપ થવા તેણે પ્રયત્ન કર્યો. યોગિતાના ભાઈએ પણ યોગિતા ભણી શકે એ માટે ભોગ આપ્યો અને પોતે તેના પિતાની કટલેરીની દુકાન સાંભળી લીધી. તેના પપ્પાએ તેમના અગાઉના અનુભવ આધારે નાના પાયે જંતુનાશક દવાનો વેપાર શરૂ કર્યો.

આ દરમિયાન તેના મમ્મી અને પપ્પાએ તેના માટે મુરતિયાઓ જોવાનું શરૂ કરી દીધું હતું. યોગિતા વાસ્તવિક જીવનમાં પ્રવેશવા જઇ રહી હતી. તેને ખ્યાલ આવી ગયો હતો કે, પોતાના ઘરની આર્થિક પરિસ્થિતી મુજબ તેને સામે પક્ષે પણ ખાસ સધ્ધર કે શ્રીમંત સાસરું મળવું મુશ્કેલ હતું. ભુજ ખાતે એક મિડલ ક્લાસ પરિવારમાં યોગિતાનું નક્કી થયું. માત્ર ૨૨ વર્ષની ઉંમરે તેની સગાઈ કિરણકુમાર ઠેસિયા સાથે કરવામાં આવી. કિરણકુમારે ફાર્મસી વિષયમાં ડિપ્લોમા કરેલું. તેઓ તે સમયે મેડિકલ રિપ્રેસન્ટેટિવ તરીકે કામ કરતાં હતા. યોગિતાના સસરા પોલીસમાં વાયરલેસ વિભાગમાં એ.એસ.આઈ. હતા.

**(ક્રમશઃ)**

## પોસ્ટ ટોક ઓન નારી

બે દિવસ પહેલા દેશની ૮૫% સ્ત્રીઓએ વિશ્વ મહિલા દિવસ હોંશે હોંશે ઉજવ્યો અને ઉજવવો પણ જોઈએ કેમ નહિ ! ઉજવવાથી મહિલાઓને પ્રોત્સાહન મળે અને ઉજવણીના મેળાવડામાં ઉલ્લાસનો વધુ એક રૂડો અવસર મળે સાથે સાથે હજુયે એવા વિસ્તારોમાં જ્યાં પુરુષો સ્ત્રીને રોબોટ જેવી માનીને તેની સાથે અમાનવીય વ્યવહાર કરે છે તે સૌને ખ્યાલ આવે કે સ્ત્રી સાથે છેડખાનીનું શું પરિણામ આવી શકે, તેનું અનુમાન નારીની ખંડિતતા ઉપરથી સૌ કોઈ લગાવી શકે છે. આ દિવસે નારીની પ્રચંડ શક્તિની ઝલક આખા સમાજને થાય છે. ભારત દેશમાં જ્યાં સ્ત્રીને વર્ષોથી પૂજવામાં આવી છે, સ્ત્રીઓ વંદનીય છે ત્યાં મહિલા દિવસ ઉજવવાનું કારણ સ્ત્રીઓનો દિવસ તેવું નથી પરંતુ પુરુષો જાણી શકે કે સ્ત્રી શક્તિ શું છે ? જે સ્ત્રીને તેઓ આખું વર્ષ પોતાના તાબા હેઠળ રાખે ને એક દિવસ સ્ત્રી સ્ત્રી કરીને મન આપે તેવા રંગ બદલતા પુરુષ વર્ગને સ્ત્રી શક્તિનો પરચો બતાવવા ભારત દેશમાં મહિલા દિવસ ઉજવવામાં આવે છે.

આ બાબતે સ્ત્રીઓએ પણ ગાફેલ ન રહેવું કે ક્યાંક આપનો જ સમાજ આપણને ૩૬૪ દિવસ કરેલું ખવડાવીને એક દિવસ લોલીપોપ તો નથી આપતી ને ! ભારત દેશમાં જ્યાં વસુધૈવ કુટુમ્બકમ ની ભાવનાનો પૂરો આદર થાય છે ત્યાં ૮ માર્ચ આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ પશ્ચિમી સંસ્કૃતિનો હોવા છતાં તેની ઉજવણીનો પણ અહીં સ્વીકાર સત્કર્પૂર્વક સ્વીકાર થયો છે. આ સાથે સ્ત્રીઓએ પોતાની શક્તિને આખું વર્ષ પ્રજ્વલિત રાખવી તેમજ કોઈપણ દુરાગ્રહને સહન ન કરી લેવાનો હઠાગ્રહ રહે તે જ મહિલા દિવસની અર્થસભર ઉજવણી કહી શકાય.



**શાહ ધ્વનિ**
**ધ્વનિના સથવારે**

વિદેશમાં જ્યાં મહિલાઓનું કોઈ સ્થાન નહોતું અંગ્રેજો સ્ત્રીને પગ તળેની જીતી માનતા ત્યારે સ્ત્રી સન્માન માટે આ દિવસની સ્થાપના થઈ હતી પરંતુ ભારતમાં ગાર્ગી,લોપામુદ્રા સહિત ઊર્મિલા,રાધા,યશોદા,દેવકી,દમયંતી,કુંતી,દ્રૌપદી, લક્ષ્મીબાઈ,જીજાબાઈ, દુર્ગાવતી, અહિલ્યાબાઈ હોલ્કર જેવી અનેક વીરાંગનાઓથી આ દેશની ધરા પવન થયેલી છે ત્યારે એક દિવસનું સ્ત્રી સન્માન સ્ત્રીઓની ભૂમિકા સામે પૂરતું ન જ હોય શકે.

આ દિવસ તો ચાર્જર સમાન છે જે સ્ત્રીની શક્તિને જાગ્રત કરે છે અને બાકીના સમાજને તેનું માત્ર પ્રતિબિંબ બતાવે છે કે સખણા રહેજો નહિતર શું થઈ શકે તેનો ડેમો જોઈ લો કે શું થશે..

આમ તો સ્ત્રીઓએ બહુ અભિમાન પણ ન રાખવું જેમ પુરુષ સ્ત્રી વગર કાંઈ નથી તેમ સ્ત્રી પણ પુરુષ વગર પાંખ વગરના પાંખ જેવી છે.તેથી બંનેએ બેસૂરા સુરને સૂરીલો બનાવવા એક સરખા તાલ મેળવવા જ ઘટે..

જો સમજે ખરેખર મહિલાને સન્માન આપવું હોય તો વર્ષનો માત્ર એક દિવસ મહિલા દિવસ નહિ પણ ૨૪/૭ મહિલાના જ હોવા જોઈએ જ્યાં મહિલાની દાદાગીરી જ ન હોય પણ તેના સમર્પણની કદર હોય.મહિલા વગર સંસાર સૂનો થઈ શકે છે. દિવસમાં ૨૪ કલાકમાં નારી સાક્ષાત દુર્ગા, કાલી,પાર્વતી,અન્નપૂર્ણા,શક્તિ અને લક્ષ્મીનું રૂપ લઈ જગતને દીપાવે છે.જે દેવીઓની આપણે સાકર સ્વરૂપે પૂજા - અર્ચના કરી છીએ એ સાક્ષાત દેવી એટલે આપણી આસપાસની નારી.

કમજોર ન સમજતા મને નારી છું હું,
સો મર્દો પર આજ એકલી જ ભારી છું હું,
રાખશો પ્રેમથી તો કોમળ ફૂલનો હાર છું હું,
નહિતર તેજ તલવારની ધાર છું હું.
નારી છું હું ચિનગારી છું હું....

### તપાસથી હું ડરતો નથી, વાઝે ને સસ્પેન્ડ કરી ધરપકડ કરવા માંગ : ફડણવીસ

# સ્કોર્પિયો માલિક મનસુખ મૃત્યુ કેસ : પીઆઈ સચિન વાઝેએ હત્યા કરી હોવાનો પત્નીનો આક્ષેપ

## બીજેપી અને હોમ મિનિસ્ટર દેશમુખ આમને સામને આક્ષેપ પ્રતિઆક્ષેપ

ચક્રવાત ટીમ મુંબઇ તા ૯

એન્ટિલિયા બહાર સ્ફોટકથી ભરેલી સ્કોર્પિયો કાર પોલીસ ઈન્સ્પેક્ટર સચિન વાઝે વાપરતા હતા અને મારા પતિ મનસુખને ઓળખતા હતા તેમ જ તેમની હત્યા વાઝે એ કરી હોવાની પોતાને શંકા હોવાની ફરિયાદ મૃતક મણસુખની પત્ની વિમલાએ કરી હોવાનું વિપક્ષી બીજેપી નેતા દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં જાહેર કરી વાઝેને તાત્કાલિક સસ્પેન્ડ કરી ધરપકડ કરવાની માંગણી કરી હતી. આ માટે પોતાની પાસે ફરિયાદની કોપી હોવાનું જણાવી સત્તાધારી પક્ષના સભ્યોની બોલતી બંધ કરી દીધી હતી.

જો કે હોમ મિનિસ્ટર અનિલ દેશમુખે ફડણવીસને જવાબ આપતા કહ્યું કે આ મૃત્યુની તપાસ હાલમાં એટીએસ કરી રહી છે તેમ જ જરૂર પડ્યે એસઆઈટી સીટ દ્વારા કરાવવા તૈયાર છે. આ ઉપરાંત તેમણે દમણના સાંસદ મોહન ડેલકર જેમણે મુંબઈમાં આત્મહત્યા કરી હતી તેમની સુસાઇડ નોટમાં પ્રફુલ ખેડા પટેલ નામના વહીવટી અધિકારી તેમ જ અનેક રાજકીય નેતાઓના નામ છે જેમની તપાસ થશે.આ ઉપરાંત નાગપુરમાં રાજેશ શ્રીવાસ્તવ નામના એમપી ના એક અધિકારીએ પણ આત્મહત્યા કરી હતી અને ત્યાંના નેતાઓના નામ છે.આમ મહારાષ્ટ્ર સરકાર પર આ લોકોને ન્યાય મળવાની આશા હતી તેથી જ અહી આવી મૃત્યુ પસંદ કર્યું હોવાની જાહેરાત કરી જવાબદારો સામે કડક પગલાં. લેવશેનું જણાવ્યું હતું. જેના જવાબમાં ફડણવીસે આ બંને આત્મહત્યાની નોટમાં કોઈ બીજેપી નેતાનું નામ ન હોવાનું તેમ જ પોતાના પાસે તેની કોપી હોવાનું જણાવી સત્તાધારી પક્ષના હવા કાઢી નાખી સૌ પહેલા મનસુખ હત્યા કેસમાં શિવસેના જેને બચાવવા માંગે છે તે પોલીસ અધિકારી વઝેને તાત્કાલિક સસ્પેન્ડ કરી ધરપકડ કરવાની માંગણી કરી હતી. તેમ જ વાઝે પર હાઈકોર્ટમાં કેસ હજી ચાલુ હોવાનું જણાવ્યું હતું. વાઝે શિવસેનાના જોડાયા છે.ીજી બાજુ હોમ મિનિસ્ટર દેશમુખે અન્વય નાઈક મૃત્યુ પ્રકરણ ફડણવીસ ના કાળ માં દબાવી દેવાયો હોવાનું જણાવી આ માટે ફડણવીસ ની તપાસ થશે તેમ જણાવતા વિપક્ષી નેતા દેવેન્દ્ર ફડણવીસે પોતે કોઈ તપાસથી ડરતા ન હોવાનું જણાવી પોતાની તપાસ કરવાનો સરકારને પડકાર ફેક્યો હતો. આમ આજે દિવસભર વિપક્ષ અને શાસકપક્ષ વચ્ચે આક્ષેપ પ્રતિઆક્ષેપ થયા હતા અને ઘોંઘાટને કારણે સભાગ્રહ અનેક વખત થોડો સમય મુલતવી રાખવું પડ્યું હતું.દરમિયાન ફડણવીસે હોમમિનિસ્ટર દેશમુખ પર શંકા વ્યક્ત કરી હતી. હાલમાં મનસુખ હત્યાને કારણે સચિન વઝેની મુશ્કેલી વધી છે તેમ જ તેને સસ્પેન્ડ કરી ધરપકડ થવાની સંભાવના છે.

## અન્વય નાઈક મૃત્યુની તપાસ દબાવવા માટે ફડણવીસની તપાસ હોમ મિનિસ્ટર ફડણવીસનો પડકાર

### ઉદ્ધવ ઠાકરેની નેતાઓ સાથે અર્જન્ટ બેઠક

શિવસેનામાં જોડાયેલા વિવાદાસ્પદ પીઆઈ સચિન વાઝે વિરુદ્ધ મૃતક મનસુખની પત્નીએ પોલીસમાં કરેલી ફરિયાદની કોપી કઈ રીતે પહોંચી તેમ જ તેમની પાસે અન્ય ક્યાં પુરાવા છે અને સભાગ્રહમાં વિપક્ષને કઈ રીતે જવાબ આપી ભીસ માં લેવા તેની ચર્ચા કરવા મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ એક અર્જન્ટ મીટીંગ બોલાવી હતી જેમાં હોમ મિનિસ્ટર અનિલ દેશમુખ. એકનાથ શિંદે તેમ જ અન્યો ઉપસ્થિત હતા.

# ધરપકડના ડરથી એક જ રાતમાં પ્રેમિકા સાથે લગ્ન

## લગ્નની લાલચ બતાવી શારિરિક સબંધ બાંધ્યો : પરિવારનો વિરોધ કહી લગ્નનો ઇનકાર

ચકવાત ટીમ, મુંબઈ તા. ૯

પુણેની એક નામાંકિત કંપનીમાં કામ કરતી વખતે આઈટી એન્જિનિયરને એક યુવાન અને એક યુવતી સાથે પ્રેમ થઈ ગયો. છેલ્લા બે વર્ષથી તે યુવક યુવતી સાથે લગ્ન કરતો હોવાનું કહીને તેની સાથે જાતીય સંબંધ બાંધતો હતો. જ્યારે યુવતીએ તેને વારંવાર તેની સાથે લગ્ન કરવાનું કહ્યું ત્યારે તેણે તેનો ઈનકાર કરતા કહ્યું કે તેનો પરિવાર દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. પીડિતાએ યરવડા પોલીસ મથકે પહોંચી યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે યુવકને પોલીસ સ્ટેશન બોલાવ્યો અને સત્યતા જાણવા મળી હતી. બળાત્કારનો કેસ દાખલ કરવા બદલ તેની ધરપકડ કરવામાં આવશે તેમ કહીને, યુવકે રાત્રે યુવતી સાથે હિન્દુ રીતથી લગ્ન કર્યા.

અક્ષય અને અનિતા (બંનેના નામ બદલાયા છે) ઉચ્ચ શિક્ષિત છે. અક્ષય (૩૦) ઉત્તર પ્રદેશનો; અનિતા (૨૫) મહારાષ્ટ્રમાં રહે છે. બંને કામ માટે પુણે સ્થાયી થયા હતા. બંને પુણેની એક નામાંકિત આઈટી કંપનીમાં મોટી સ્થિતિમાં કામ કરી રહ્યા છે. બંને કંપનીમાં એક જ જગ્યાએ કામ કરતા હોવાથી બે વર્ષ પહેલાં બંનેને પ્રેમ થયો હતો. અક્ષયે લગ્નની લાલચ બતાવીને અનીતા સાથે સમયે સમયે શારિરીક સબંધ બાંધતો હતો.

અનિતા જ્યારે લગ્નના વિષય બાબતે વાત કરતી ત્યારે અક્ષયે પરિવારના વિરોધનો હવાલો આપીને તે ટાળવાનું શરૂ કર્યું. અનિતાએ ઘણી વાર વિનંતી કરી હતીપરંતુ તે કે તે લગ્નનુ ઈનકાર કરતો હતો.. પરિણામે, અનિતા શનિવારે સવારે કોંધવા પોલીસ સ્ટેશન પહોંચી હતી. મહિલા અધિકારીઓને જ્યારે હકીકતની ખબર પડી ત્યારે આ ઘટના યરવડા બોર્ડર પર બની હતી અને તેઓએ તેને યરવડા પોલીસ સ્ટેશન મોકલી આપી હતી..

તે યરવડા પોલીસ સ્ટેશને ગઈ હતી. યુવક પર બળાત્કારનો ગુનો નોંધવાનો હોવાથી તાત્કાલિક પોલીસ સ્ટેશન બોલાવાયો હતો. પોલીસે પૂછપરછ કરતાં આ યુવકે ભૂલોની કબૂલાત કરી હતી. તેને લગ્નના બહાના હેઠળ તેની સાથે બળાત્કાર કરવા બદલ તેની ધરપકડ કરી જેલમાં મોકલી દેવામા આવશેનુ પોલીસ દ્વારા કહેવામાં આવ્યું હતું. જેથી ગભરાયેલા યુવકે વકીલોને સાંજે પોલીસ સ્ટેશન બોલાવ્યા અને ચર્ચા-વિચારણા કર્યા બાદ તેણે શનિવારે રાત્રે અગિયાર વાગ્યે યુવતી સાથે હિન્દુ ધર્મ અનુસાર લગ્ન કર્યા હતા.

# આસનગાંવમાં પ્લાસ્ટિકની કંપનીમાં આગ લાગતા ૧ ૨ ફાયરબ્રિગ્રેટ પહોંચ્યા



ચક્રવાત ટીમ, મુંબઈ ૯

થાણે જિલ્લાના શાહપુર તાલુકામાં આસનગાંવમા આવેલપ્લાસ્ટિકની એક કંપનીમા આગ લાગી છે. આગ સવારે ૭.૪૦ વાગ્યે શરૂ થઈ હોવાનું જાણવા મળ્યું છે અને ફાયરની ૧ ૨ ગાડીઓ સ્થળ પર રવાના કરાયા છે. ફાયર બ્રિગેડ દ્વારા બ્લેઝને કાબૂમાં લેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.બે યુનિટ આગમા ખાક થઈ ગયા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, શાહપુર તાલુકાના વેહલોલી-આસનગાં કાંટો નજીક ક્રિષ્ના પ્રમોશન કંપનીમાં આગ લાગી હતી. દરમિયાન, ભિવંડી, કલ્યાણ-ડોમ્બિવલી ફાયર બ્રિગેડ આગની બાતમી મળતાં ઘટના સ્થળે પહોંચી હતી અને આગને કાબૂમાં લેવા પ્રયાસો ચાલુ છે. સદનસીબે, આ ઝગમગાટમાં કોઈનું મોત થયું નથી. પરંતુ આકાશમાં ધુમાડો જોવા મળી રહ્યો છે અને નાગરિકોમાં હલચલ મચી ગઈ છે. આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી.

# ખરાબ નસીબ! માતા સરપંચ બનતા સવારે ઘરની બહાર શોભાયાત્રા કાઢી : રાત્રે પુત્રની અંતિમ યાત્રા

ચક્વાત ટીમ, મુંબઈ તા. ૯

કર્તવ્ય કર્મચારી અને સંસારિક માણસ તરીકેની ઓળખ ધરાવતા સુભાષ ખંડાગલે ઔરંગાબાદ પોલીસ કમિશનરના રાઈટર(વાચક) છે.૮ માર્ચે માતા માંડવા ગામના સરપંચ બનતાં ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ગામ પરિવાર સાથે ખુશ પણ હતું. માતાની જીતની ઉજવણી કરતી વખતે સુભાષ રાઉસાહેબ ખંડાગલે અચાનક ધરાશાયી થઈ ગયા. તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા હતા.જોકે, સારવાર માટે હોસ્પિટલ લઈ જતાં જ તેનું મોત થયું હતું. સવારે, સરઘસ ઘરેથી, ગામથી શરૂ થયું, અને ત્યાંથી, કમનસીબ સમય આવ્યો કે અંતિમ સંસ્કારની અંતિમ યાત્રા માટે ખંડાગળે



પરિવાર અને ગામ લોકોએ ભાગ લેવો પડ્યો હતો.. ભાગ્યને તેમનામાં આ ખુશી જોવા મળી ન હતી. ખંડાગલે એક 'રાજા' માણસ, હાર્દિકના વ્યક્તિત્વ તરીકે જાણીતા છે. જો કે, પોલીસ વિભાગમાં ફરજ કડકપણે બજાવતા હતા. કાયદાના મામલામાં તેમનું કાર્ય, પ્રસંગે, તે કોર્ટમાં વકીલ કરતાં પોલીસ દળની શ્રેષ્ઠ બાજુ માંડતા હતા.મધ્યમ ગાળામાં એમઆઈડીસી વાલુજ વિસ્તારમાં માથેફિરૂથી ટુ વ્હીલર્સ સળગાવવાના બનાવો બન્યા હતા. સબ-ઈન્સ્પેક્ટર ખંડાગલે ફરજ પર હતા ત્યારે બાઈકને સળગાવનાર વ્યક્તિ ઉપર ફાયરિંગ કર્યુ હતું. ગુનેગારોએ અંધકારનો લાભ લીધો અને બહાર નીકળી ગયા. જોકે, ખંડાગલેના ફાયરિંગના આતંક બાદ ટુ વ્હીલર સળગાવવાનું બંધ થઈ ગયું હતું. તેમના કાર્યકરો કહે છે કે તેમના કાર્યકાળમાં પ્રામાણિકતા એ તેમની વિશેષતા હતી. તેઓ માંડવા ગામમાં ભાઉ તરીકે પણ જાણીતા હતા. ખંડાગલે તાજેતરની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં તેમની પેનલની પસંદગી કરી હતી. તેનું સ્વપ્ન ગામનો વિકાસ કરવાનો હતો. તેમની માતા સરપંચ ચૂંટાતા વિજય સરઘસ ૮ માર્ચ સોમવારે ગામના ખંડાગલેના ઘરેથી શરૂ થયુ હતુ.. આખા ગામમાં આનંદ હતો. શોભાયાત્રાના માર્ગ ઉપર સદા, રંગોળી અને ફૂલની પાંખડીઓ શણગારવામાં આવી હતી. તેની માતાની જીતમાં, ખંડાગલે નૃત્ય કરતો હતો અને નિયતિએ તેની તરફ આંખ મીંચી દીધી. સમય આ ખુશી સહન ન થતા ખંડાગલેને અચાનક હાર્ટ એટેક આવ્યો હતો. તેમને તાત્કાલિક ઔરંગાબાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જોકે, તેણે રસ્તા પર જ જીવ ગુમાવ્યો હતો. થોડા સમય પહેલા આનંદમાં ગણાતા માંડવા ગામે શોક ફેલાયો હતો. તેમના અકાળ અવસાનથી પોલીસ દળ અને માંડવા પંચકૃશીમાં હલચલ મચી ગઈ છે.

### બાબુલનાથ મંદિરમાં મહાદેવ શણગાર



મહાશિવરાત્રી નિમિત્તે બાબુલનાથ મંદિરમાં આકર્ષક રંગોળી કરવામાં આવી છે. કોરોના ને કારણે આ વખતે શિવરાત્રિના દિવસે ભક્તોને બાબુલનાંથ મહાદેવના દર્શન નહીં કરવા મળે તેથી આવતીકાલે સાંજથી મંદિર બે દિવસ બંધ રહેશે.

# મુંબઈની દાદીએ તેનો ૧૦૦મો જન્મદિવસ કોરોના રસીકરણ કેન્દ્રમાં ઉજવ્યો

ચક્વાત ટીમ, મુંબઈ તા. ૯

છેલ્લા એક વર્ષથી કોરોનાએ વિશ્વમાં વિનાશ સર્જ્યો છે. કોરોના વિશે લોકોના મનમાં ભારે ડર છે. પરંતુ હવે કોરોના રસીકરણ શરૂ થયું હોવાથી લોકોને થોડી રાહત મળી છે. જો કે, રસીકરણના અભાવને કારણે વૃદ્ધોને પ્રાધાન્ય આપવામાં આવે છે. આ પૃષ્ઠભૂમિની સામે, દેશના ઘણા વૃદ્ધોને કોરોના સામે રસી આપવામાં આવી છે. મુંબઈમાં એક દાદીમાને પણ રસી અપાઈ છે. જો કે, આની વિશેષતા એ છે કે રસીકરણના દિવસે, દાદી ૧૦૦ વર્ષના થયા. તે તેમનો ૧૦૦ મો જન્મદિવસ હતો.

મુંબઈના બાંદ્રા-કુર્લા વિસ્તારમાં રહેતી દાદીએ પહેલા રસીકરણ કેન્દ્રમાં કોરોનાની રસી લીધી હતી અને ત્યારબાદ તેનો જન્મદિવસ રસીકરણ કેન્દ્રમાં સ્ટાફ સાથે ઉજવ્યો હતો.. જન્મદિવસની ઉજવણીનો વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ



થઈ રહ્યો છે. સૂત્રો દ્વારા મળેલ માહિતી અનુસાર, ૧૦૦ વર્ષ જૂની આ દાદીનું નામ 'પ્રભાવતી ખેડકર' છે. તે મુંબઇના અંધેરી વિસ્તારમાં રહે છે. તેઓ રસીકરણ માટે કેન્દ્રમા આવ્યા હતા.. તેમના રસીકરણ કાર્ડમાં ૫ માર્ચ ૧૯૨૧ ની જન્મ તારીખ હતી. આ જોઈને, કેન્દ્રના આરોગ્ય અધિકારીઓએ તાત્કાલિક એક કેક મંગાવી અને તેનો જન્મદિવસ મનાવવાનું નક્કી કર્યું. અને ૧૦૦ વર્ષીય દાદીના જન્મદિવસનો આ વીડિયો જન્મદિવસ ઉજવ્યા બાદ થોડાક સમયમા સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

# ગોવામાં એનસીબી દ્વારા કરાયેલા અનેક દરોડામાં બે વિદેશી નાગરિકો સહિત ૩ની અટક

ચક્વાત ટીમ, મુંબઈ તા. ૯

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો મુંબઇ અને સબ ઝોનલ યુનટ ગોવા ટીમે હાથ ધરેલા સંયુકત દરોડાની કાર્યવાહીમાં બે વિદેશી નાગરિકો સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે તેમના જથ્થામાંથી મોટી માત્રામાં પ્રતિબંધિત ડ્રગ્સ પણ જપ્ત કરવામા આવ્યુ છે.. તમામ આરોપીઓ પર નાર્કોટિક્સ ડ્રગ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સ (એનડીપીએસ) એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, એનસીબીની ટીમે રવિવાર અને સોમવારની વચ્ચેની રાતે અસાગાઓની મઝાલ વાડોમાં તલાશી લીધી હતી, જેમાં તેઓએ એલએસડી ચરસ ૨૮ ગ્રામ, કોકેન ૨૨ ગ્રામ, ગાંજા ૧,૧૦૦કિ.ગ્રા.,૧૬૦ ગ્રામ કે સફેદ પાવડર, નાર્કોટિક્સ ડ્રગ્સ / સાયકોટ્રોપિક સબસ્ટન્સ, ૫૦૦ ગ્રામ બ્લુ ક્રિસ્ટલ પદાર્થ સાયકોટ્રોપિક પદાર્થ છે અને ૧૦,૦૦૦ રૂપિયા રોકડ છે. ત્યારબાદ પોલીસે બે વિદેશી નાગરિકો - નાઈજીરીયાના રાષ્ટ્રીય ઉગોચુકુ સોલોમન ઉબાબુકો અને કોંગોના જ્હોન અનંત ઉર્ફે ડેવિડની ધરપકડ કરી છે.. તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે અને પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ઉબાબુકોને અગાઉ ગોવા પોલીસે ૨૦૧૩માં ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલ બંનેની માહિતીના આધારે એનસીબી ટીમે પ્રસાદ વાલકેના પરિસરની તલાશી લીધી હતી, જેમાં તેઓને વ્યાપારી જથ્થામાં એલએસડી બ્લોટસ મળી હતી. દરમિયાન વાલ્કે અને તેના સાથીઓને પકડવા માટે શોધ ઓપરેશન ચાલુ છે. રવિવારે એક અલગ ઓપરેશનમાં એમસીબી મુંબઈની ટીમે બીજા મોટા ડ્રગ સપ્લાયર હેમંત શાહ ઉર્ફે મહારાજને મીરામર, પંજીમથી પકડ્યો હતો. સૂત્રોએ દાવો કર્યો છે કે અનુજ કેસવાની અને રેગલ મહાકાલની પૂછપરછમાં શાહનું નામ બહાર આવ્ય હતું, જ્યાં અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની મૃત્યુ સાથે સંકળાયેલા ડ્રગના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. મધ્ય પ્રદેશના રહેવાસી શાહની ઓળખ એલએસડી અને ચરસના સપ્લાયર તરીકે થઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે બાતમીના આધારે કાર્યવાહી કરતાં પોલીસે મીરામારમાં છટકું ગોઠવી શાહને પકડ્યો હતો. તેમના નિવાસસ્થાન પર હાથ ધરવામાં આવેલી એક શોધમાં પરિણામે વેપારી જથ્થાના એલ.એસ.ડી. અને ચરસ ૩૩૦ ગ્રામના ૧૫ બ્લોટો કબજે કરાયા હતા.

# જવેલર્સનો કર્મચારી લોકઅપ ભેગો : ટ્રેનમાં બેગમાંથી સોનુ રોકડ ચોરી થયાની ખોટી ફરિયાદ પોલિસમા નોંધાવી

ચક્વાત ટીમ, મુબઈ તા. ૯

જવેલર્સના કર્મચારીએ ભાયંદરથી ચર્ચગેટ જતા ટ્રેનમા બેગમાથી સોનાની ચેન, રોકડ અને ચાંદીની લગડી સહિત ૩,૭૩,૭૧૦ /- રૂપિયાની ચોરી થયાની ફરિયાદ રેલ્વે પોલિસમા નોંધાવી હતી.પોલિસે તપાસ કરતા ફરિયાદ કરનારે પોતે સાથીદાર સાથે મળીને તે માલ હડપ કરવા જુઠ્ઠાણુ ચલાવી પોલિસને અને જવેલર્સને ગેરરસ્તે દોરવવાનો પ્રયાસ કરતા બે જણની રેલ્વે ક્રાઈમ બ્રાંન્ચ પોલિસે અટક કરી છે.

સૂત્રો દ્વારા જાણવા મળે છે કે ભાયંદર પૂર્વમા અનમોલ જવેલર્સમા નોકરી કરતો કર્મચારી અમર માગુસિંગ રાજપૂત (૨૩) ૨૭ ફેબ્રુઅરી ૨૦૨૧ના રોજ બપોરે ટ્રેનમા ચર્નીરોડ જવા ટ્રેનમા જનરલ ડબ્બામા ચડીને દરવાજા પાસે સાઈડમા બેગ સાથે ઉભો હતો. તે બેગમા સોનાની ચેન, રોકડ અને ચાંદીની લગડી સહિત ૩,૭૩,૭૧૦ /-કિમતી માલ હતો..ટ્રેન ચર્નીરોડ સ્ટેશને પહોચતા નીચે ઉતરીને બેગ તપાસતા નીચેથી કોઈએ કાપેલ જોવા મળી હતી.તેમજ તેમા મુકેલ માલ તેમજ રોકડ ગાયબ હતી.તેણે ભાયંદર આવીને જવેલર્સની દુકાનના માલિકને સઘળી હકિકત જણાવ્યા બાદ ૧ માર્ચના રોજ ચર્ચગેટ રેલ્વે પોલિસમા ફરિયાદ કરતા અજ્ઞાત વ્યક્તિ વિરુધ્ધ ગુનો નોંધવામા આવ્યો હતો.

બ્રાંન્દ્રા રેલ્વે ક્રાઈમ બ્રાંન્ચ યુનિટ દ્વારા પોલિસમા ફરિયાદ કરનાર અનમોલ જવેલર્સમા નોકરી કરતો કર્મચારી અમર માગુસિંગ રાજપૂતની કડક પૂછપરછ કરતા તેણે અને સાથીદારે મળી માલ હડપ કર્યાનું તપાસમા બહાર આવ્યુ હતુ.પોલિસે તે બંન્ને આરોપીઓની અટક કરી છે. તપાસમા આરોપીએ પોલિસને ચોરી થયેલ માલની કિમત જવેલર્સ માલિકે વધારે લખાવવાનું કહેતા પોલિસમા વધારે મુલ્ય દર્શાવ્યાની માહિતી આપી હતી. પોલિસે જવેલર્સના માલિકને આ બાબતે નોટિસ મોકલી તપાસ માટે બોલાવ્યો હતો. મિરા-ભાયંદર જવેલર્સ એશોસિયેશનના અધ્યક્ષ ભવર મહેતાએ તે જવેલર્સને પોલિસે બોલાવીને તેની પાસે ૩ લાખ રૂપિયાની માગણી કર્યાનો આક્ષેપ કર્યો છે. આ બાબતે તેઓ તપાસ અધિકારી વિરુધ્ધ ફરિયાદ વરિષ્ઠ અધિકારીઓ પાસે ફરિયાદ કરવાના હોવાની માહિતી આપી છે. જ્યારે પોલિસ અધિકારીએ રૂપિયા માગણી બાબતની વાત નકારી હતી.

# નાંદેડના ખેડૂતને વીજળીનું કનેક્શન થયા વિના ૩૪,૦૦૦ રૂપિયાનું બિલ આવ્યું

ચક્વાત ટીમ, મુંબઈ તા. ૯

વીજળીના બિલ વધવાને કારણે એમએસઈડીસીએલ દ્વારા સતત ચર્ચા કરવામાં આવી રહી છે. એમ.એસ.ઈ.ડી.સી.એલ. દ્વારા અવારનવાર ખોટા વીજ બિલ મોકલવામાં આવ્યાં હોવાનું બહાર આવ્યું છે. વીજ કનેકશન ન હોવા છતાં પણ નાંદેડ જિલ્લાના ખેડૂતને બીએસ મોકલેલ હોવાનું બહાર આવ્યું છે. કંધાર તાલુકામાં ખેડુતોના ખેતરોમાં વીજળી નથી પરંતુ વીજળીના બિલ અંગે ઘણી વાતો થઈ રહી છે.

નાંદેડ જિલ્લાના કંધાર તાલુકાના જંગમવાડી ગામના ખેડુતોને વીજળીનું બિલ એમએસઈડીસીએલે મોકલ્યું છે. વીજળીનું કનેકશન ખેતરમાં પહોંચ્યું નથી પરંતુ બિલને કારણે ખેડૂત મોટી મુશ્કેલીમાં હતો. ખેડૂત પીરાજી ઝાંપલવાડે ૨૦૧૪ માં વીજ જોડાણ માટે અરજી કરી હતી. આ ખેડુતે તેમના કુવા માટે રીતસરનું કૃષિ પંપનું કોટેશન ભર્યું હતું. મહારાષ્ટ્ર દ્વારા પીરાજી ઝાંપલવાડને આજદિન સુધી વીજ જોડાણ આપવામાં આવ્યું નથી. જોકે, આ ખેડૂતને ૩૪,૦૦૦ રૂપિયાનું લાઈટ બિલ મોકલીને એમએસઈડીસીએલ રેકોર્ડ બનાવ્યો છે. કોટેશન ૨૦૧૪ માં કાઢવામા આવ્યું હતું. એમ.એસ.ઈ.ડી. સી.એલ. કચેરી ગયા, પરંતુ વીજ કનેકશન મળ્યું નહીં. પીરાજી



ઝાંપલવાડે માંગ કરી હતી કે મારા માતા-પિતા દ્વારા મોકલાયેલ વીજ બિલ માફ કરવામાં આવે. ખેડૂત ઝાંપલવાડે જણાવ્યું હતું કે, જો વીજળીનું બિલ માફ ન કરવામાં આવે તો જીવન કે મૃત્યુનો સવાલ ઉભો થયો છે.

માત્ર બે મહિનામાં, વસઈમાં એક રાઈસ મિલના માલિકને ૮૦ કરોડનું બિલ મોકલવામા આવ્યું હતુ, આટલું મોટું બિલ મળતાં મિલ માલિક ચોંકી ઉઠ્યો હતો. જોકે, એમએસઈડીસીએલે તેની ભૂલ સુધારીને મિલ માલિકને સુધારેલ બિલ જારી કર્યુ છે. ભૂલ પણ સુધારી.ને એક કર્મચારીને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મીટર રીડિંગ એજન્સી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

# ઉત્તરપ્રદેશથી બોગસ નોટો લઈ આવેલ આરોપી રંગેહાથ ઝડપાયો

ચક્રવાત ટીમ, મુંબઈ ,તા. ૮

ઉત્તર પ્રદેશથી લાવવામાં આવેલી બોગસ નોટો સાથે આરોપીને પકડી પાડી સાકીનાકા પોલીસે બસો રૂપિયાની કિંમતની ૭૭૮ બોગસ નોટ જપ્ત કરી હતી. ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ નરેન્દ્ર ઘનશ્યામ સક્સેના તરીકે થઈ હતી. સક્સેના સાકીનાકાના યાદવ નગર વિસ્તારમાં રહેતો હોવાનું પોલીસે જણાવ્યું હતું. યાદવ નગરમાં એક ગ્રાહકને સક્સેના બોગસ નોટો આપવા આવવાનો હોવાની માહિતી મળતાં પોલીસે શનિવારે મોડી રાતે છટકું ગોઠવ્યું હતું. પકડાયેલા આરોપી પાસેની બૅગમાંથી બસો રૂપિયાની કિંમતની ૭૭૮ બોગસ નોટ મળી આવી હતી. ઉત્તર પ્રદેશથી લાવવામાં આવેલી આ નોટો મુંબઈમાં અમુક લોકોને આપવાની હતી, એવું તેણે પૂછપરછમાં પોલીસને જણાવ્યું હતું. આ કેસમાં સંડોવાયેલા સક્સેનાના સાથીઓની પોલીસ શોધ ચલાવી રહી છે.

# ક્રૂડ પામતેલના વાયદાઓમાં ઓપન ઈન્ટરેસ્ટ ૧,૦૭,૪૯૦ ટનના સ્તરે

ચક્વાત ટીમ, મુંબઈ,૦૯

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને કોમોડિટી ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૮૦૯૮૧ સોદામાં રૂ.૧૩૦૩૦.૪૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજીનો માહોલ હતો, જ્યારે તમામ બિનલોહ ધાતુઓ ઘટી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસમાં વૃદ્ધિ વાયદાના ભાવમાં રહી હતી. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલ (સીપીઓ)ના વાયદાઓમાં ૩૯,૯૬૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૦૭,૪૯૦ ટનના સ્તરે રહ્યો હતો. કપાસ અને કોટનના વાયદામાં નરમાઈ સામે રબર, સીપીઓ અને મેન્થા તેલમાં સુધારો વાયદાના ભાવમાં થયો હતો. વિશ્વબજારની વાત કરીએ તો ડોલર ઈન્ડેક્સ સાડા ત્રણ મહિનાની ઊંચાઈએથી ઘટ્યો હતો. ડોલર ઈન્ડેક્સ ૦.૨૯ ટકા ઘટીને ૯૨.૦૬૨ પોઈન્ટના સ્તરે અને યુએસ બોન્ડ યિલ્ડ ૪.૨૫ ટકા ઘટીને ૧.૫૨૬ના સ્તરે પહોંચ્યો હતો. જેના પગલે વિશ્વબજારમાં સોનાનો ભાવ ૧.૫૯ ટકા વધીને ૧ ઔંશદીઠ ૧૭૦૪ ડોલર અને ચાંદીનો ભાવ ૧ ઔંશદીઠ ૧.૯૪ ટકા વધીને ૨૫.૭૬ ડોલર બોલાઈ રહ્યાના સમાચાર હતા. વિશ્વબજાર પાછળ ઘરેલૂ બજારમાં હાજર અને વાયદા બજારમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો. એમસીએક્સ પર કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૦૪૦૪ સોદાઓમાં રૂ.૫૫૧૭.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૩૪૯ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૫૯૪ અને નીચામાં રૂ.૪૪૨૬૩ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૩૪ વધીને રૂ.૪૪૫૫૨ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૧૨ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૫૮૫૯ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૬ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૪૫૦ થયા હતા, જ્યારે સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૫ વધીને બંધમાં રૂ.૪૪૫૪૮ ના ભાવ રહ્યા હતા. બચાંદીના વાયદાઓમાં ચાંદી મે કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૬૧૭૭ખૂલી, ઊપરમાં રૂ.૬૬૯૪૯ અને નીચામાં રૂ.૬૫૯૦૧ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૩૨ વધીને રૂ.૬૬૭૮૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૯૨૫ વધીને રૂ.૬૬૮૩૩ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ.૯૧૫ વધીને રૂ.૬૬૮૨૧ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૬૯૪૯ સોદાઓમાં રૂ.૨૪૯૬.૬૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૭૯૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૨૩ અને નીચામાં રૂ.૪૭૧૫ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૮ વધીને રૂ.૪૮૦૭ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૪૨૨ સોદાઓમાં કુલ રૂ.૪૮૨.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન માર્ચ વાયદો ગાંસડીદીઠ રૂ.૨૨૨૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૨૬૦ અને નીચામાં રૂ.૨૨૧૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૦ ઘટીને રૂ.૨૨૧૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૧૦૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૩.૯ વધીને બંધમાં રૂ.૧૧૦૧.૫ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૪ અને નીચામાં રૂ.૯૫૮.૧ રહી, અંતે રૂ.૯૬૨ બંધ રહ્યો હતો.

# વિશ્વ મહિલા દિવસની ૧૦૮ કર્મચારી બહેનો દ્વારા અનોખી ઉજવણી કરાઈ



ચક્રવાત ટીમ પ્રાચી, તા.૦૯

ગીર સોમનાથ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સના મહિલા કર્મચારીઓને કોરોના કાળની અંદર પોતાના પરિવારની ચિંતા કર્યા વગર સેવા આપી હતી અને હાલ પણ નિષ્ઠા પૂર્વક સેવા આપી રહ્યા છે ત્યારે ગીર સોમનાથ જિલ્લા૧૦૮ એમ્બ્યુલન્સના મહિલા કર્મચારીઓ એ વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરી હતી જેમાં ગીર સોમનાથ ૧૦૮ એમ્બ્યુલન્સના ઉચ્ચ જિલ્લા અધિકારી જયેશ કારેના અને જિલ્લા અધિકારી યુવરાજસિંહ ઝાલા અને ૧૦૮ના મહિલા કર્મચારીઓ દ્વારા કેક કાપી અને ૧૦૮ મહિલા કર્મચારીઓને વિશ્વ મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

# મુળી તાલુકાનાં ગામોમાં ખનિજનું ગેરકાયદે ખનન-વહન

ચક્રવાત ટીમ મુળી, તા.૦૯

મુળી તાલુકો ખનિજ સંપદાઓ થી ભરેલો છે અહીં અનેક ખનિજ મળી આવે છે જેમાં તાલુકા નાં ગઢડા,સરલા,દૂધઈ, કુંતલપુર,કળમાદ,સરા,લીયા, ગામોમાં સફેદમાટી પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે જે ફાયરકલે ખનિજ થી ઓળખ છે તેમાં દરરોજ આશરે ૪૦૦ ડમ્પર ટ્રક અને હીટાચી જે.સી.બી મશીન દ્વારા ખનન કરી દરરોજ મોરબી થાનગઢ અને વાંકાનેર કલોલ હિમ્મતનગર તરફ સિરામિક એકમોમાં ઠલવાઈ રહી છે ખનિજ ચોરો અને અધિકારીઓ અને પોલીસ અને ખાણ ખનીજ વિભાગ માં હપ્તા પહોંચી જતાં હોય માટે કોઈ કાર્યવાહી થતી નથી આ કામ મોટાભાગે સરકારી અને ગૌચર જમીન પર ચાલી રહ્યું છે તાલુકા નાં અન્ય ગામો જેવાં કે વગડીયા,પલાસા,ખાખરાળા,ગઢડા,ખંપાળીયા, જેવાં ગામો માં પુષ્કળ



પ્રમાણમાં કાચો કોલસો મળી આવે છે જે ખનિજ કાર્બોસેલ થી ઓળખ છે આ ખનિજ જમીન ની ૧૦૦ ફુટ ઉંડાઈ થી મળી આવે છે જે કુવા ૧૦×૧૦ નાં કરી ખનિજ કાઢવામાં આવે છે જેમાં દરવર્ષે અનેક મજુરો નાં દટાઈ જવાથી મોત પણ નિપજે છે આવા કુવા તાલુકાના ગામોમાં ૨૦૦ ઉપર ચાલી રહ્યા છે જેમાં એક કુવા માં થી દરરોજ ૫૦ ટન કોલસો કાઢી ઈંટ નાં ભઠ્ઠા માં ગુજરાત ભરમાં મોકલવામાં આવે છે જેનો એક કુવાનો હપ્તો તમામ અધિકારીઓ નો થઈ ૧,૨૬૦૦૦/ જેટલો હાલ છે એટલે દરરોજ ૧૦ હજાર મેટ્રિક ટન કોલસો ખનન વહન થાય છે અને તેનો માસિક હપ્તા અઢી કરોડ થાય છે એવી જ રીતે સફેદમાટી નો કાળો કારોબાર ચાલે છે અન્ય ગામોમાં જેવાં કે રાસીગપર, વડધ્રા, વેલાળા, લીયા, આંબરડી,રાણીપાટ,ભેટ,જેવા ગામોમાં સાદી રેતી મળી આવે છે તેને વોસ કરી ફેક્ટરીઓમાં મોટા પ્રમાણમાં મોકલવામાં આવે છે તાલુકા માં આવા વોશ પ્લાન્ટ ગેરકાનૂની ૧૦૦ ધમધમી રહ્યા છે જે સરકારી જમીનમાંથી માટી ઉપાડી વોશ કરી રેતી અલગ પાડવામાં આવે છે જેને ખનિજ માં સિલીકાસેન્ડ થી ઓળખ છે મુળી તાલુકાનાં ગામોમાં કુલ ખનિજ વહન પાછળ કુલ ૧૦૦૦ ટ્રક કામે લાગેલા છે તેનો હપ્તો પણ અલગ હોય છે કોલસો કાઢવા માટે ૪૦૦ ચરખી મશીન લાગેલા છે સફેદમાટી અને રેતી માટે ૫૦ હિટાચી મશીન અને ૧૦૦ જે.સી.બી.મશીન કામ કરી રહ્યા છે અને તાલુકા નાં ખનિજ માફિયાઓ દ્વારા માસિક ૬ કરોડ હપ્તો અધિકારી સુધી પહોંચી જાય છે માટે કોઈ અધિકારી દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવતુ નથી અને આંખ આડા કાન કરી ભ્રષ્ટાચાર કરી સરકાર ની તિજોરી ને માસિક કરોડો રૂપિયાનુ નુકસાન કરી રહ્યા છે આ બાબતે તમામ ગામોમાં થી સરપંચ દ્વારા મામલતદારને દર ત્રણ મહિને લેખિત રજૂઆત કરવામાં આવે છે તે પણ તેમનાં બચાવ માટે આ કામોમાં સરપંચ,તલાટી, મામલતદાર,ખાણ ખનીજ શાખા, પોલીસ અને તેમની તમામ વિભાગો,અને તાલુકા નાં રાજકીય આકાઓ ની મિલીભગતથી આ ખનિજ સંપદાને લુંટી રહ્યા છે.

# મુંબઈમાં બાઈક અને બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત : એકનું મોત

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૯

જળગાંવમા આવેલ રેમન્ડે કંપનીમાં જવા માટે લિફ્ટ માટે ટુ-વ્હિલર પર જવા એક કંપનીના સાથીદાર પાસેથી લિફ્ટ લીધી હતી, અને એક મિનિટમાં જ, એક ફૂળ સ્પીડમા રેતી ભરીને આવતા ડમ્પરે ટુ-વ્હીલરને ટક્કર મારી હતી, જેના કારણે ટુ-વ્હીલર આવી રહેલી એસ.ટી.બસ સાથે ટકરાઈ હતી.. સિદ્ધાર્થ ત્ર્યમ્બક મોરે (૫૭, રહે. સિંધી કોલોની) નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું જ્યારે અક્ષય વિજય પાટીલ (૩૦, રહે. શિવમ નગર, નિમખેડી વિસ્તાર) ગંભીર ઘાયલ થયો હતો.. ઈચ્છા દેવી ચોક પાસે સિદ્ધિવિનાયક હોસ્પિટલ સામે મંગળવારે સવારે ૮.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો. ધીરજ મોહન ડાંગર (૧૮, રહે. કડગાંવ, જલગાંવ તાલુકા) ની ડમ્પર સાથે ધરપકડ કરવામાં આવી છે.

સુત્રોના જણાવ્યા અનુસાર સિદ્ધાર્થ મોરે રેમન્ડ કંપનીમાં કામ કરતો હતો. તે દરરોજ સવારે ઘરેથી ફરજ પર જવા માટે ઈચ્છા દેવી ચોક જતો હતો. ત્યાંથી તે કંપનીમાં જતા કોઈ પરિચિતની બાઈક પર ફરજ પર જતો હતો. આવી જ રીતે મંગળવારે તે પગપાળા ઈચ્છા દેવી ચોકમાં આવ્યો હતો. તે જ સમયે, તેમણે ફરજ પર રહેલા તેના સાથી અક્ષય વિજય પાટીલને લિફ્ટ માટે કહ્યું. ટુ વ્હીલર પર આગળ વધવા જઈ રહ્યો હતો ત્યારે માત્ર એક જ મિનિટમાં ટુ-વ્હિલરને ડમ્પરે ટક્કર મારી હતી. ટુ-વ્હીલર જલગાંવ-જામનર બસ સાથે ટકરાઈ હતી. મોરેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું જ્યારે પાછળ બેઠેલા અક્ષયનું માથામાં ગંભીર ઈજાઓ થતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

# છાછર ગામે ઘર-ઘર પાણી પહોંચાડવા વાસ્મો યોજનાનું ખાતમૂહુર્ત કરાયુ

ચક્રવાત ટીમ ઉના, તા.૦૯

છાછર ગામે વાસ્મોયોજના દ્વારા ઘર ઘર પાણી આપવા માટેનું ખાતમુહૂર્ત રાખવામા આવેલ તેમા દિનુભાઈ સોલકીના પરીવાર તરફથી રવીભાઈ સોલંકી તેમજ કોડીનાર નગરપાલિકા સભ્ય પ્રતાપસિહ બારડ, યુનિયન બેંકના ડાઈરેકટર હરીભાઈ વાળા, જિલ્લા પંચાયતના સભ્ય હમીરભાઈ વાજા, છાછર ગામના સરપંચ વાઢેળ છગનભાઈ તેમજ ગામના આગેવાનો કરસનભાઈ ગેડીયા, ગોરધનભાઈ વળુ, ડૉ. હરેશભાઈ, અમુભાઈ જાની, પ્રેમજીભાઈ મકવાણા, કાળુભાઈ મકવાણા, દેવજીભાઈ ગેડીયા, વાલાભાઈ મકવાણા, અમીન ભાઈ પટેલ, લીકુભાઈ નકવી, મેઘજીભાઈ ચાવડા, પ્રાથમીક શાળાના આચાર્ય રઘુવીર, હરાજભાઈ બારડ, મનસુખભાઈ ગેડીયા, બાબુભાઈ વળુ, તાલુકા પંચાયત સભ્ય આસમભાઈ બાદરાણી, હનીફભાઈ વાકોટ, તેજાભાઈ રાઠોડ, વિરાભાઈ



ચાવડા, જીવાભાઈ સોંદરવા, રાણાભાઈ વાઢેળ, ગોવીંદભાઈ રાઠોડ, અમુભાઈ ચુડાસમા, કમાભાઈ જાદવ, આંગણવાડી બહેનો, આશા બહેનો તેમજ ડૉ. કિંજલબેન પટેલ, એફ.એસ. ડબલયુ લીલાબેન સોસા, વાસમો ઓફીસથી કપીલભાઈ બાભણીયા, અંબુજા સિમેન્ટ કંપની તરફથી ભોળાભાઈ રામ વિગેરે હાજર રહેલા તમામનો આભાર વ્યક્ત કરે છે.

# ઉપલેટાના ભાયાવદરમાં થયેલ આત્મહત્યા બાબતે સાત વ્યક્તિઓ વિરૂદ્ધ માનસિક ત્રાસની નોંધાઈ ફરિયાદ

ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૦૯

ઉપલેટા તાલુકાના ભાયાવદર શહેરમાં રહેતા ભરતસિંહ ભીખુભા જાડેજા ઉ.વ. ૫૭ નામના વ્યક્તિએ કોઈ અગમ્ય કારણો સર ગળાફાસો ખાઈ આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી હતી. આ આત્મહત્યા માનસિક ત્રાસથી કંટાળી અને આત્મહત્યા કરી હોવાની ફરિયાદ ભાયાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ છે.

ભાયાવદરમાં થયેલ આત્મહત્યા બાબતે ફરિયાદી પુત્ર કૃષ્ણકુમારસિંહ ભરતસિંહ જાડેજાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના પિતા ભરતસિંહ જાડેજાએ જૂનાગઢ મધુવન ગોલ્ડ આર્ટમા વર્ષ ૨૦૧૮ માં અલગ-અલગ ત્રણ વખત મળી કુલ રોકડ રૂપીયા ૩,૦૦,૦૦૦/- તથા સોનાના જુના દાગીના ૧૧૮.૩૫ ગ્રામ જમા કરાવેલ હતા અને તેના બદલામાં એક વર્ષ પછી વ્યવહારીક પ્રસંગ વખતે ૨૧૦ ગ્રામ (૨૧ તોલા) નવા ઘાટના સોનાના દાગીના બનાવી આપવાની વાત થયેલ ત્યારે દિકરીના લગ્ન હોય જેથી સોનાના ઘરેણાની માંગણી કરતા લાડલેશ પાટડીયા, શ્યામ પાટડીયા, ભાવેશ પાટડીયા, વિનોદરાય પાટડીયા અચાનક ઉશ્કેરાયને જેમ ફાવે તેમ બોલવા લાગેલ અને કહેલ કે આ તે જમા કરાવેલ પૈસા કે સોનાના દાગીના તને નથી આપવા તારે થાઈ તે કરી લેજે એન જો મારા વિરુધ્ધ ફરીયાદ કરી તો તને કયાંક ખોય નાખીશુ તેમ કહેલ હોવાની વાત ફરિયાદમાં જણાવેલ.

આ લાડલેશભાઈના મિત્રો જોશીપરા જુનાગઢ વાળા મગનભાઈ પોશીયા તથા મુળ ભાયાવદરના અને હાલ અમદાવાદ રહેતા કાંતીભાઈ વેગડા આવી ગયેલ અને આ બન્નેએ વચ્ચે પડી કહેલ કે અમે આ પેઢીમાં ભાગીદાર તરીકે જોડાવાના છીએ જેથી તમારા પૈસા તથા દાગીના તમને મળી જશે એમ કહી બે ચેક આપેલ હતા. જે બાદ વર્ષ ૨૦૨૦ માં ફરી તેમના દાગીના માંગવા જતા લાડકેશભાઈ, મગનભાઈ, કાન્તીભાઈ, શ્યામભાઈએ સોનાના દાગીના અને પૈસા નહિ આપીએ તેવું જણાવેલ અને આ અંગે કોઈ ફરિયાદ કરશે તો જીવથી જશો તેવી પણ ધમકી આપી હોવાની વિગતો ફરિયાદમાં નોંધાવાઈ છે.

ફરિયાદીએ વધુમાં જણાવ્યું છે કે તેમને જામકંડોરણા-જામનગર હાઈવે પર તેમની ત્રીસેક વર્ષથી રંગોલી હોટેલ છે તેમની પાછળ જામકંડોરણા ગામના નારદ બાલધાને પેટ્રોલપંપ શરૂ કરવાનો હોવાથી નારણ બાલધાએ મૃતકને પોલીસ ખાતામાં અને સરકારી કચેરીઓમાં ખોટી અરજીઓ કરાવી હોટલ પડાવી અને રસ્તે રઝળતો કરી જીવતો રહેવા નહી દેવાની વિગતો પણ ફરિયાદમાં નોંધાવાઈ છે સાથે જ છેલ્લા એક વર્ષથી પોલીસમાં ખોટી અરજીઓ કરી અને ત્રણ માસ પહેલા તેમની રંગોલી હોટલ પડાવી નાંખેલ જેથી મૃતક ભરતસિંહ આવા તમામના માનસિક ત્રાસથી કંટાળી અને ગળાફાસો ખાઈ આત્મહત્યા કરી હોવાની ફરિયાદ ભાયાવદર પોલીસ સ્ટેશનમાં મૃતકના પુત્ર અને ફરિયાદી કૃષ્ણકુમારસિંહ ભરતસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

# આગામી ૧૭ તારીખે મોરબી જીલ્લાની તમામ તાલુકા પંચાયતના પ્રમુખ માટે ચૂંટણી યોજાશે

ચક્રવાત ટીમ મોરબી, તા.૦૯

મોરબી જિલ્લાની મોરબી, માળીયા-મીયાણા, ટંકારા, વાંકાનેર અને હળવદ તાલુકા પંચાયતોના પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી માટે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અધિસુચના બહાર પાડવામાં આવી છે. જેમાં આગામી તારીખ ૧૭ ના રોજ તમામ તાલુકા પંચાયતની પ્રથમ બેઠક બોલાવવા નકકી કરેલ છે.

મોરબી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તાલુકા પંચાયતના નવા ચૂંટાયેલા તમામ સભ્યોને નોટિસ પાઠવી આગામી તા.૧૭ના રોજ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણી યોજવા બેઠક બોલાવવા જણાવાયું છે. આ અંગેની નોટીસ તમામ તાલુકા પંચાયતના સભ્યોને મોકલી અપાયેલ છે. સભ્યોને પ્રમુખ, ઉપપ્રમુખની ઉમેદવારી માટે નિયત નમુનાના ફોર્મ જે તે તાલુકા પંચાયત કચેરીથી મેળવવાના રહેશે અને બે ફોર્મ ભરીને પ્રથમ બેઠકના અગાઉના દિવસે એટલે કે તા. ૧૬ના રોજ સવારે ૧૧ થી ૨ કલાક સુધીમાં ભરીને જે તે તાલુકા વિકાસ અધિકારીને પહોંચતા કરવાના રહેશે. ઉમેદવારી પત્રોની ચકાસણી કચેરીમાં તા.૧૬ના રોજ બપોરે ૨ કલાકે કરવામાં આવશે.

# બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના અળવ ગામે યુવાનની કરપીણ હત્યા





ચક્રવાત ટીમ બોટાદ, તા.૦૯

બોટાદથી અળવ ગામે આવી રહેલ યુવાનને રસ્તા પર સાંકડા નાળા માં લઈ જઈ બપોરે સાડા ચાર વાગ્યા આસપાસ ક્રૂર હત્યા કરી નાખવામાં આવી હોવાનું મનાય છે. મહેશ જીવણભાઈ સોલંકી નામનાં આ ૧૮ વર્ષ ના યુવાનને મારી તેની લાશને તરલ પદાર્થ છાંટી સળગાવી નાખવામાં આવી હતી. વાલીઓ દ્વારા પૂર્વ યોજીત કાવતરું રચી વિડિયો વાયરલ કર્યાના આક્ષેપ કરનાર દ્વારા અદાવત રાખીને હત્યા કરી હોવાનું જણાવ્યું. મૃતદેહને તાત્કાલિક સોનાવાલા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં જ્યાં પ્રાથમિક પીએમ બાદ, ફોરેન્સિક સાયન્સ એક્સપર્ટ પોસ્ટમોર્ટમ કરવા માટે મૃતદેહને ભાવનગર ખાતે ખસેડવામાં આવશે. સમગ્ર સ્થિતિને લઈ પોલીસ દ્વારા તપાસ પંચનામુ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી.

# મહીસાગરમા ભાજપને ભવ્ય જીત બદલ સત્કાર સમારંભ કાર્યક્રમ યોજાયો

ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૯

સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં મહીસાગર જીલ્લા પંચાયત અને જીલ્લાની છ તાલુકા પંચાયતમાં ભાજપને ભવ્ય જીત મળી છે. જિલ્લા પંચાયતમાં કુલ ૨૮ બેઠકમાંથી ૨૨ બેઠકો તેમજ છ તાલુકા પંચાયતની કુલ ૧૨૬



બેઠકોમાં ૮૭ બેઠકો પર ભાજપે જીત મેળવી છે. ભાજપની ભવ્ય જીતને વધાવવા જિલ્લા અને તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવારોનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. લુણાવાડા ગોંસાઈ સમાજવાડી ખાતે લુણાવાડા અને ખાનપુર તાલુકાનાં ઉમેદવારોના સત્કાર સમારંભમાં જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીઆ, સાંસદ રતનસિંહ રાઠોડ,ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, સંતરામપુર ધારાસભ્ય કુબેરભાઈ ડિંડોર સહિત સંગઠન અગ્રણીઓ અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ ઉમેદવારોનું ખેસ અને શાલથી સન્માન કરી શુભેચ્છા પાઠવી હતી. કેન્દ્ર અને રાજય સરકારની પ્રજાકલ્યાણકારી નીતિઓ તેમજ કાર્યકરોના પ્રચંડ પુરુષાર્થના પગલે મળેલી જ્વલંત સફળતાને સાર્થક કરવા છેવાડાના માનવી સુધી યોજનાઓના લાભ પહોંચાડી પ્રજાલક્ષી કાર્યો કરવા અપીલ કરી હતી.આ સમારોહમાં પરાજિત ઉમેદવારોનું પણ સન્માન કરી હારને ભુલી જનસેવાના કાર્યોમાં કરવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો.

# બોટાદમાં નિર્માણ થઈ રહેલ અંડરબ્રિજનુ નામ ડો.બાબા સાહેબ આંબેડકર રાખવા આવેદન



ચક્રવાત ટીમ બોટાદ, તા.૦૯

બોટાદ જિલ્લા ખાતે સાળંગપુર રોડ સરકારી હાઈસ્કૂલ તેમજ સારંગપુર તરફ જતો માર્ગ માં અંડર બ્રિજ બનાવવામાં આવેલ છે જેનું નામ ડો.બાબાસાહેબ આંબેડકર રાખવા બાબતે બહુજન સમાજ પાર્ટી તરફથી કલેકટર સાહેબ શ્રી ને આવેદનપત્ર આપી ને રજૂઆત કરવામાં આવી.

બોટાદ સારંગપુર રેલવે ક્રોસિંગ ફાટક પાસે જ અંડર બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે તે અંડર બ્રિજ અનુ.જાતિ વિસ્તારની ખુબ જ નજીક આવેલ હોઈ ત્યારે વિશ્વ વિભૂતિ બંધારણના ઘડવૈયા એવા ડો.બાબાસાહેબ આંબેડકર નું નામ રાખવામાં આવે તેવી અમારી સમસ્ત અનુસૂચિત જાતિ ના લોકો ની માંગણી છે.

# સંતરામપુર હાઈવે પર બારેલા પેટ્રોલ પંપ પાસે સ્પીડ બ્રેકર્સ મૂકવાની માગ કરતા સ્થાનિકો

ચક્રવાત ટીમ સંતરામપુર, તા.૦૯

સંતરામપુર હાઈવે સતત સદંતર ચાલતો માર્ગ છે બારેલાથી નસીકપુર ચોંકી પાસે સ્પીડ બ્રેકર્સ મૂકવામા આવે તો વાહન ચાલકો માટે અકસ્માત નિવારણ થાય તેવુ સ્થાનિકો ઈચ્છી રહ્યા છે.

પરંતુ પંદર દિવસ અગાઉ સંતરામપુર તાલુકાના ગુવાલીયા ગામના એક જ પરીવારના ચાર સભ્યોના કરુણ મોત નિપજ્યા હતા કાલે પણ ફરી પોલીસ ચોકી નજીક અકસ્માત ને એક અકસ્માતને વાહન ચાલક અકસ્માતને ભેટ્યો હતો પરંતુ પેટ્રોલ પંપ વાહન ચાલકો પેટ્રોલ ડીઝલ લેવા રસ્તો પસાર કરવામાં પણ રાહદારીઓને સરળતા પડે એ અનુસાર સ્પીડ બ્રેકર્સ મૂકવાની માગ ઉઠવા પામી છે જો સ્પીડ બ્રેકર્સ મૂકવામાં આવે તો આ લુણાવાડાની સંતરામપુર હાઈવે પર અકસ્માતમાં થતો વધારો અટકે તેવી પરિસ્થિતિ બાંધેલા પેટ્રોલ પંપ જોવા મળે છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જામનગર ખાતે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

ચક્રવાત ટીમ હડિયાણા, તા.૦૯



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર ખાતે તા.૦૮.૦૩.૨૦૨૧ ના રોજ ખેડૂત મહિલાઓની સાથે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવેલ. ICAR દિલ્હીથી પ્રસારીત કરવામાં આવેલ કાર્યક્રમમાં વિડીયો કોન્ફરન્સથી જોડાયેલ જેમાં કેબિનેટ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરજીએ બહેનોને અભિવાદન પાઠવેલ અને હજુ કૃષિમાં આગળ આવવા માટેનું માર્ગદર્શન આપેલ તેમજ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના રાજ્યમંત્રી, પરષોતમ રૂપાલાજી અને કૈલાસ ચૌધરીજીએ પણ બહેનોને સંબોધિત કરેલ. આ ઉપરાંત ૈઝછઈના અન્ય અધિકારીગણ દ્વારા પણ બહેનોને સંબોધન કરવામાં આવેલ જે કાર્યક્રમમાં દેશના ખૂણે ખૂણાથી બહેનો જોડાયેલ. કેવીકે જામનગર ખાતે પણ ૭૨ જેટલા બહેનો ઉપસ્થિત રહેલ જેમને આધુનિક કૃષિમાં બહેનોની જરૂરીયાત વિષય પર કેવીકેના વડા ડો. કે.પી.બારૈયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ "કૃષિમાં મહિલાઓનો ફાળો" વિષય પર વકૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ અને સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોને પ્રોત્સાહિત પુરસ્કાર અને પ્રમાણ પત્રો આપવામાં આવેલ આ રીતે ખેતી કરતા બહેનોનો જુસ્સો વધારવા અને તેમનું મહત્વ સમજાવવા ખેડૂત તાલીમ કેન્દ્ર, આત્મા પ્રોજેક્ટ, વન વિભાગ, બાજરા કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અધિકારીશ્રીઓએ સાથે મળીને એકબીજાના સહકારથી આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવેલ.

# લુણાવાડા નગરપાલિકા ઉપ પ્રમુખના ઘર પાસે જ ખદબદતી ગંદકી : શહેરની ગંદકી કેવી રીતે થશે દૂર ?

ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૯

લુણાવાડા નગરપાલિકા માં એનસીપી અને કૉંગ્રેસનું શાસન છે નગરપાલિકા પ્રમુખ એન સી પી ના બ્રીનદા બહેન શુક્લા છે તો ઉપ પ્રમુખ મીના બેન રાકેશભાઈ પંડ્યા છે ત્યારે કૉંગ્રેસ શાસિત નગરપાલિકાના ઉપ પ્રમુખ મીના બેનના ઘર પાસેજ ગંદકીના ઢગ જોવા મળતા તેમની કાર્ય પ્રણાલી પર સવાલો ઉભા થાય છે કે ઉપ પ્રમુખ મીના બેન પંડ્યા ના ઘર પાસેજ તેમજ તેમના ઘરથી ૨૦૦ મીટર દૂર રહેતા સત્તા ધરી પાર્ટી કૉંગ્રેસના સભ્ય જીજ્ઞેશ પંડ્યા ના ઘર નજીક આટલી બધી ગંદકી છે કે રોગચાળો ગમે ત્યારે ફાટી નીકળશે તેવું દેખાઈ રહ્યું છે મીનાબેન પંડ્યા



પોતે ઉપ પ્રમુખ હોવા છતાં પોતાના ઘર પાસેની ગંદકી દૂર કરી શકતા નથી તો વિચારવા જેવો પ્રશ્ન છે કે લુણાવાડા શહેરની જનતા કેટલી બધી ગંદકી સહન કરતી હશે.

ત્યાંના રહીશો પણ ઉપ પ્રમુખના ઘર પાસેની ગંદકીથી કંટાડી ગયા છે અને વારંવાર રજુઆત કરવા છતાં સફાઈ થતી નથી તેવું જાણવી રહ્યા છે સત્તા પર આવ્યા ત્યારે જનતાને કહ્યું હતું અમે જનતાની પ્રાથમિક જરૂરીયાત લાઈટ, પાણી અને ગંદકી વિશે સંપૂર્ણ ધ્યાન આપીશું અને જનતાએ અમને જે તક આપી છે તેનો જનતાને પૂરો લાભ આપીશું ત્યારે સવાલ એ થાય છે કે શું આવા જુઠ્ઠા વચનો આપી શાસન કરવામાં આવતું હોય છે ઉપ પ્રમુખના ઘર પાસેજ આવી ગંદકી છે તો તેમના વૉર્ડ નંબર ૨ અને સમગ્ર લુણાવાડા શહેરના શુ હાલ હશે તે સમજી શકાય છે

# જેતપુરમાં એમ્બ્રોડરી મશીનો ચલાવતી મહિલાઓ



ચક્રવાત ટીમ જેતપુર, તા.૦૯

આજ સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવી રહ્યો છે ત્યારે વાત કરીએ જેતપુર ની દિકરી ઓ એમબ્રોડરી મશીન ચલાવી ઘર મા સહાયરૂપ બને છે

ચક્રવાત ટીમ જયેશ સરવૈયા, તા.૦૮

ઔદ્યોગિક શહેર જેતપુરમા આમ તો સાડી નો ઉદ્યોગ મોટા પાયે ચાલી રહ્યો છે, એવા મા આ સાડી મા હવે એમબ્રોડરી નું પણ વિશેશ મહત્વ છે, સામાન્ય રીતે આપને જોઈએ તો એમબ્રોડરી ના મોટા મશીનો પુરુષો ચલાવતા હોય એવું જોવા મળે છે, પરંતુ જેતપુર મા આ અઘરું કામ મહિલા ઓ પણ કરે છે , માટે આજે મહિલા દિવસ નિમિતે થોડુ એમનાં વિશે જાણીએ. જેતપુરની મહિલા કોન્ટ્રાક્ટર સોનલબેન રાતોજા એ ૧૦૦ દિકરી ને એમબ્રોડરી મશીન ચલાવતા શીખવ્યું છે, જેને લીધે આ દિકરી પોતાના પરિવાર મા સહાય રુપ બને છે અને પોતાના પરિવાર માટે એક દિકરા સામાન કામ કરે છે , હાલ તેઓ ૨૦ દિકરી ને આવી આજીવિકા અપાવી ને તેમનાં પરિવાર નો ટેકો બનાવી એક સાહસિક ઉદાહરણ પુરુ પાડ્યું છે. આમ તો આપણે મહિલા ઓ વિશે જેટલું લખવા જઈએ એટલું ઓછું છે, એટ્લે જ તો તેમણે શક્તિ નું સ્વરુપ માનવામાં આવે છે.

# Entertainment

**મેન્સ ક્રિકેટમાં પણ કોઈ નથી બનાવી શક્યું આ રેકોર્ડ**

## સ્મૃતિ મંધાના સતત ૧૦ વન-ડેમાં ૫૦+ રન કરનાર પ્રથમ ખેલાડી

નવી દિલ્હી,તા.૯

ઈન્ડિયન વુમન્સ ક્રિકેટ ટીમે મંગળવારે સાઉથ આફ્રિકાની ટીમને લખનઉ ખાતે ૯ વિકેટે હરાવ્યું છે. ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરતાં ભારતે સાઉથ આફ્રિકાને ૧૫૭ રનમાં ઓલઆઉટ કર્યું હતું. જવાબમાં ટીમ ઈન્ડિયાએ ૨૮.૪ ઓવરમાં ૧ વિકેટ ગુમાવી ટાર્ગેટ ચેઝ કર્યો. આ મેચ જીતીને ભારતે ૫ વનડેની શ્રેણી ૧-૧થી બરાબર કરી છે.

ઓપનર સ્મૃતિ મંધાનાએ મેચમાં એક વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તે સતત ૧૦ વનડે રનચેઝમાં ૫૦+ સ્કોર કરનાર વર્લ્ડની પ્રથમ પ્લેયર બની છે. મેન્સ ક્રિકેટના ઈતિહાસમાં પણ કોઈ આ સિદ્ધિ મેળવી શક્યું નથી.

ભારતીય ટીમ ૨૦૧૮થી વનડેમાં રનચેઝમાં ઊતરી હોય ત્યારે સ્મૃતિનું બેટ ૧૦માંથી ૧૦ વાર બોલ્યું છે. છેલ્લા ત્રણ વર્ષમાં તેણે ક્યારેય રનચેઝમાં ૫૦થી ઓછો સ્કોર કર્યો નથી. આ ૧૦ ઈનિંગ્સમાં તેણે ૧૨૩.૮૩ની એવરેજથી ૭૪૩ રન બનાવ્યા છે. આ દરમિયાન તેનો હાઈએસ્ટ સ્કોર ૧૦૫ રનનો રહ્યો છે.



તેણે આ છેલ્લા ત્રણ વર્ષમાં વનડેમાં રનચેઝ કરતી વખતેઃ ૬૭, ૫૨, ૮૬, ૫૩*, ૭૩*, ૧૦૫, ૯૦*, ૬૩, ૭૪ અને ૮૦* રન બનાવ્યા છે.

ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરતાં ભારતે સાઉથ આફ્રિકાની ટીમને ૧૫૭ રનમાં ઓલઆઉટ કરી હતી. ટીમ ઈન્ડિયા વતી સીનિયર ફાસ્ટ બોલર ઝુલન ગોસ્વામીએ ૪, ઓફ-સ્પિનર રાજેશ્વર ગાયકવાડે ૩, માનસી જોશીએ ૨ અને હરમનપ્રીત કોરે ૧ વિકેટ ઝડપી. સાઉથ આફ્રિકા વતી લારા ગોડેલે ૪૯, સુન લુઈસે ૩૬ રન કર્યા. અન્ય કોઈ બેટ્સમેન ૧૫ રનનો આંક પણ વટાવી શક્યો નહોતો. પાંચ બેટ્સમેન સિંગલ ડિજિટમાં આઉટ થયા હતા. ભારતે રનચેઝમાં જેમિમાહ રોડ્રિગ્ઝની વિકેટ સસ્તામાં ગુમાવી દીધી હતી. તે ૯ રનના વ્યક્તિગત સ્કોરે એસ. ઈસ્માઈલની બોલિંગમાં બોલ્ડ થઈ હતી.

## અમે બહાનું નથી કાઢતા પરંતુ અમદાવાદની ગરમીમાં અમારૂ વજન ઘટ્યું : બેન સ્ટોક્સ

અમદાવાદ,તા.૯

ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે સ્પષ્ટતા કરતાં એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતુ કે "ભારત સામે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતેની ચોથી ટેસ્ટમાં તેનું અને સાથી ખેલાડીઓનું ગરમીમાં અચાનક જ વજન ઘટી ગયું હતું. મેચ પહેલાં ઘણા ખેલાડીઓને પેટમાં ગડબડ થઈ હતી." ૨૯ વર્ષીય સ્ટોક્સે કહ્યું હતું કે ખેલાડીઓ પૂરેપૂરી રીતે ઈંગ્લેન્ડ વતી રમવા ડેડિકેટેડ છે. ગયા અઠવાડિયે આ જ જોવા મળ્યું હતું. ઘણા ખેલાડીઓ બીમાર હતા



તેમ છતાં તેમણે ૪૧ ડીગ્રી ગરમીમાં રમવાનું ચાલુ રાખ્યું હતું. સ્ટોક્સે વધુમાં કહ્યું હતું કે એક અઠવાડિયામાં મારું વજન ૫ કિલો ઘટી ગયું હતું, જ્યારે ડોમિનિક સિબલેનું ૪ કિલો અને જેમ્સ એન્ડરસનનું ૩ કિલો વજન ઘટી ગયું હતું. જેક લિચ બોલિંગ સ્પેલ દરમિયાન ચાલુ મેચે શૌચાલય ગયો હતો.

## રિષભ પંત એક દિવસ ધોનીના તમામ રેકોર્ડને તોડી નાંખશે : કિરણ મોરે

(જી.એન.એસ.)રાજકોટ,તા.૮

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે અમદાવામાં ચોથી ટેસ્ટ પુરી થઈ, ભારતીય ટીમે ચાર ટેસ્ટ મેચોની સીરીઝમાં ઈંગ્લિશ ટીમને ૩-૧થી સજ્જડ હાર આપી અને સીરીઝ પોતાના નામે કરી લીધી હતી. ભારતીય ટીમની જીતમાં સતત યુવા ખેલાડીઓનો ફાળો વધી રહ્યો છે. આ સીરીઝમાં પણ યુવા ખેલાડીઓએ પોતાનો દામ બતાવ્યો છે. સીરીઝમાં યુવા વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતે બધાનુ ધ્યાન ખેંચ્યુ છે. સીરીઝમાં ઋષભ પંત હીરો



બનીને ઉભર્યો છે, ત્યારે પૂર્વ ચીફ સિલેક્ટર અને સ્ટાર ક્રિકેટર કિરણ મોરે કહ્યું કે, પંત એકદિવસ ધોનીના રેકોર્ડને તોડી નાંખશે.

ચોથી ટેસ્ટમાં ઋષભ પંતે જબરદસ્ત ૧૦૧ રનની શતકીય ઈનિંગ રમી, આની સાથે પંતની ચારેયકોર પ્રસંશા થવા લાગી હતી. આ સંદર્ભમાં ભારતના પૂર્વ ક્રિકેટર કિરણ મોરેએ પણ ભવિષ્યવાણી કરતા કહ્યું કે, પંત ધોનીના તમામ રેકોર્ડ તોડી નાંખશે. કિરણ મોરેએ કહ્યું કે ૨૦ ટેસ્ટમાં પંતની આ બીજી સદી છે, તેની પ્રગતિને ધ્યાનમાં રાખતા તે દિવસો દુર નથી કે જ્યારે તે ભારતીય દિગ્ગજ વિકેટકીપર એમએસ ધોનીના રેકોર્ડને તોડી દેશે. અનુભવની સાથે ઋષભ પંત એક લાંબો રસ્તો બનાવશે.

## રેસલર બજરંગ પુનિયાએ અંતિમ ૩૦ સેકન્ડમાં બે પોઈન્ટ મેળવી ગોલ્ડ મેડલ જીત્યો

(જી.એન.એસ.)રોમ,તા.૮

ટોક્યો ઓલિમ્પિકની તૈયારીમાં લાગેલા ભારતીય રેસલર બજરંગ પુનિયાએ અંતિમ ૩૦ સેકેન્ડમાં બે પોઈન્ટ મેળવી માટિયો પેલિકોન રેક્િંગ કુશ્તી સિરીઝમાં ગોલ્ડ મેડલ જીતીને પોતાના ટાઈટલનો બચાવ કર્યો જેથી તેણે પોતાના વજન વર્ગમાં ફરીથી નંબર-૧ નું સ્થાન હાસિલ કરી લીધું છે.મંગોલિયાના તુલ્ગા તુમૂર ઓચિર વિરુદ્ધ ૬૫ કિલોની ફાઈનલમાં બજરંગ અંતિમ ક્ષણો સુધી ૦-૨થી પાછળ ચાલી રહ્યો હતો પરંતુ અંતિમ ૩૦ સેકેન્ડમાં તેણે બે પોઈન્ટ



બનાવી સ્કોર બરાબર કરી લીધો. આ મુકાબલામાં ભારતીય રેસલરે અંતિમ પોઈન્ટ બનાવ્યા હતા અને તે આધાર પર તેને વિજેતા જાહેર કરવામાં આવ્યો. બજરંગ આ સ્પર્ધા પહેલા પોતાના વજન વર્ગની રેક્િંગમાં બીજા સ્થાને હતો પરંતુ અહીં ૧૪ પોઈન્ટ હાસિલ કરી તે ટોપ પર પહોંચી ગયો.

**રૂહિનું પ્રમોશન કર્યું થિયેટરમાં...**



રાજકુમાર રાવ જાનવી કપૂર અને વરુણ શર્મા એ તેમની આવનારી ફિલ્મ રૂહી ને પ્રમોટ કરવા સિનેમહોલ પહોંચ્યા હતા.

## સુશાંત માટે ડ્રગ્સ ખરીદતા હતા રિયા અને શૌવિક : એનસીબી



(જી.એન.એસ.)મુંબઈ,તા.૭

સુશાંતસિંહ રાજપૂત ડ્રગ્સ કેસમાં નાર્કોટિક્સ ક્રાઈમ બ્યુરો(એનસીબી)એ હાલમાં જ ચાર્જશીટ દાખલ કરી છે. તપાસ એજન્સીએ રિયા ચક્રવર્તી સહિત ૩૨ લોકો વિરુદ્ધ ડ્રગ્સની ગેરકાયદે તસ્કરી અને તેને ખરીદવાના આરોપમાં ચાર્જશીટ દાખલ કરી છે. આ બધા પર એનડીપીએસ એક્ટના કલમ ૨૭ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને આ કેસમાં ઓછામાં ઓછા ૧૦ વર્ષ અને વધુમાં વધુ ૨૦ વર્ષ સુધી કેદની સજા છે. એનસીબીએ રિયા ચક્રવર્તી વિરુદ્ધ વધુ એક કેસ નોંધ્યો છે. તપાસ એજન્સીનું કહેવું છે કે, રિયાએ નવેમ્બર ૨૦૧૯થી તેના ઘરે ડ્રગ્સની ડિલીવરી કરવા પર સંમતિ આપી હતી અને સુશાંત માટે પોતાના ઘરમાંજ ડ્રગનો ઉપયોગ કરવાની વ્યવસ્થા કરી હતી. આટલું જ નહીં, એનસીબીએ એવો પણ દાવો કર્યો હતો કે તેમણે પોતાના પૈસાથી જ ડ્રગ મંગાવ્યા હતું. એનસીબીનું કહેવું છે કે, રિયાએ પોતાના ભાઈ શૌવિક માટે પોતાના પૈસાથી કથિત રૂપે ડ્રગ્સ મંગાવ્યું હતું. તેથી એજન્સીનું કહેવું છે કે, રિયા ચક્રવર્તીએ આંતર-રાજ્ય ડ્રગ્સની ખરીદી, વેચાણ અને ટ્રાન્સપોર્ટ, માલિકીનો હક અને આયાત અને નિકાસ બન્નેનું કાવતરું રચ્યું હતું. તે ગાંજા, બડ અને મારિજુઆનાની પણ ખરીદી કરી હતી. તે સિવાય, ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે, ડ્રગ્સના ખરીદ-વેચાણ માટે રિયા સાથે તેનો ભાઈ શૌવિક, સુશાંત સિંહ રાજપૂતનો હાઉસ મેનેજર સેમ્યુઅલ મિરાંડા, રસોઈયો દિપેશ સાવંત અને ઋષિકેશ નામનો એક શખ્સ સહિત અનેક લોકો સામેલ હતા.

## ગુજરાતના કેસને લઈને ટિપ્પણી કરતાં સ્વરા ભાસ્કર વિવાદોમાં



(જી.એન.એસ.)મુંબઈ,તા.૮

મોટાભાગના વિવાદોમાં ઘેરાનાર સ્વરા ભાસ્કર ફરી એકવાર પોતાના નિવેદનના લીધે ટ્રોલ થઈ ગઈ છે. જોકે ગુજરાતના એક કોર્ટએ યોગ્ય પૂરાવા ન મળતાં ૧૨૨ લોકોને ૨૦ વર્ષ બાદ છોડી મુકવામાં આવ્યા છે. આ મુદ્દાને મુસ્લિમો સાથે જોડતાં સ્વરાએ સાંપ્રદાયિક ટિપ્પણી કરી, ત્યારબાદ સીનિયર આઈપીએસ અધિકારી અરૂણ બોથરાએ તેના કાનૂની જ્ઞાન પર સવાલ ઉઠાવતાં નિર્દોષ સાબિત થવા અને યોગ્ય પુરાવા ન મળવા વચ્ચે મોટું અંતર સમજાવ્યું. મળતી માહિતી અનુસાર ગુજરાતના સુરતમાં પ્રતિબંધિત સંગઠન એસઆઈએમઆઈ સાથે સંબંધ રાખનાર ૧૨૨ લોકો વિરૂદ્ધ યુએપીએ હેઠળ વર્ષ ૨૦૦૧ માં કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

લગભગ ૨૦ વર્ષની સુનાવણી બાદ લોકલ કોર્ટે તમામ આરોપીઓને કેસમાંથી મુક્ત કરી દીધા. ફેંસલો સંભળાવતાં કોર્ટે ટિપ્પણી કરી કે સરકારી પક્ષ આરોપીઓએ વિરૂદ્ધ નક્કર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા, એટલા માટે તેમને છોડી મુકવામાં આવે છે. ગુજરાતની કોર્ટનો ચૂકાદો આવ્યા પછી સ્વરા ભાસ્કરએ તેને મુસ્લિમો સાથે જોડીને ટિપ્પણી કરી. સ્વરાએ ટ્વીટ કરીને કહ્યું કે ’તેને સરળ ભાષામાં સમજીએ. લગભગ ૧૦૦થી વધુ મુસલમાન આતંકવાદના બનાવટી આરોપોમાં ૨૦ વર્ષોથી જેલની અંદર અંડર ટ્રાયલ રહ્યા. વિચારો ૨૦ વર્ષ. સ્વરાની આ વિવાદાસ્પદ ટિપ્પણી પર ટ્વિટર પર ટ્રોલ થઈ ગઈ. લોકોએ તેમના કાનૂની જ્ઞાનની મજાક ઉડાવી અને કહ્યું કે નિર્દોષ સાબિત થવામાં અને યોગ્ય પુરાવા ન હોવામાં ફરક હોય છે. તેમણે દરેક કેસમાં એક વર્ગ વિશેષ સાથે જોડીને સ્વરા ભાસ્કરની ટીકા પણ થઈ.

સીનિયર આઈપીએસ અધિકારી અરૂણ બોથરાએ ટ્વીટ કરીને કહ્યું ’કોર્ટને આ કેસનો ચૂકાદો કરવામાં ૨૦ વર્ષ લાગ્યા. તેનો અર્થ એ નથી કે આરોપી ૨૦ વર્ષ જેલમાં જ રહ્યા. તે તમામ ૨૦ વર્ષથી જામીન પર બહાર હતા. આપણે તે પણ સમજવાની જરૂર છે કે ખોટા આરોપ લગાવવા અને આરોપ સાબિત થવામાં ફરક હોય છે. બંનેને એક સમાન ન ગણવામાં આવે.

## ઐશ્વર્યા રાય કરવા જઈ રહી છે ધમાકેદાર કમબેક : એક સાથે કરશે ડબલ રોલ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૮

ઐશ્વર્યા રાય- બચ્ચન દક્ષિણ ભારતીય ફિલ્મ દિગ્દર્શક મણિરત્નમ્‌ની ફિલ્મમાં ડબલ રોલમાં જોવા મળશે.ઐશ્વર્યા કારકિર્દીમાં પ્રથમ વખત બેવડી ભૂમિકા ભજવી રહી છે. ઘણા સમય બાદ એશ્વર્યા ફરી રૂપેરી પર્દે તેની અદાઓથી ચાહકોને મંત્રમુગ્ધ કરશે. તેના ચાહકો આતુરતાથી તેની ફિલ્મ માટે રાહ જોઈ રહ્યા છે. જોકે આ ફિલ્મનું નામ શું છે તે હજુ જાણવા મળ્યુ નથી. એશ્વર્યાની આ ફિલ્મ દર્શકોને બે ભાગમાં જોવા મળશે. ગુરુ, બોમ્બે અને રોઝા જેવી હિટ ફિલ્મો બનાવી ચુકેલા મણિરત્નમ્ પોતાની આગામી ફિલ્મ માટે ચર્ચામાં છે.

આ ફિલ્મમાં ઐશ્વર્યા રાય ફક્ત લીડ રોલમાં જ નહીં પરંતુ ડબલ રોલમાં જોવા મળવાની છે. આ ફિલ્મ બાહુબલીના સ્તર રૂપિયા ૫૦૦ કરોડના બજેટની બનાવામાં આવી રહી છે. આ હિંદી સિનેમાની બીજી બાહુબલી ફિલ્મ કહેવાશે. આ ફિલ્મની વાર્તા દેશના મહાન લેખક અને કવિતાકાર આર. કૃષ્ણમૂર્તિ કલ્કિના ઐતિહાસિક પુસ્તક પર આધારિત હશે. આ ફિલ્મની રિલીઝ તારીખ અંગે હજી નિર્ણય લેવામાં આવ્યો નથી. ૫૦૦ કરોડ રૂપિયાનું મેગા બજેટ ધરાવતી ફિલ્મમાં સાઉથના પણ ઘણા ચહેરાઓ હશે. આ ફિલ્મનું પહેલા શેડયુલનું શૂટિંગ પૂરુ થઈ ગયું છે. જ્યારે હવે મેકર્સ બીજા શેડયુલની તૈયારી કરી રહ્યું છે. પોન્નિયિન સેલવન છે, પરંતુ પછીથી તેનું નામ બદલાય તેવી પણ શક્યતા છે.

# રાજ્યમાં ઉનાળાની શરૂઆતથી પાણીની સમસ્યાનો પ્રારંભ

(જી.એન.એસ.)સુરત,તા.૯

ગુજરાતમાં ઉનાળાનો પ્રારંભ થઇ ગયો છે. ચોમાસુ સારૂં છતાં ઉનાળાના પ્રારંભ થી પાણીની વિકટ સમસ્યા સર્જાઇ છે. રાજ્યના મહદઅંશે સૌરાષ્ટ્ર સહિતના જળાશયોમાં જળસ્ત્રોત નીચા ઉતરી જતાં આગામી સમયમાં પણ પાણીની વિકટ સમસ્યા સર્જાઇ શકે છે. ગુજરાતમાં આ વર્ષે ચોમાસુ સારૂં રહ્યું છે. ચોમાસા સમયે રાજ્યના ૨૦૩ જળાશયો પૈકી સૌરાષ્ટ્ર સહિતના અનેક જળાશયો છલકાયાં હતા. પરંતુ હાલ ઉનાળાના પ્રારંભથી જ જળાશયોમાં જળસ્ત્રોત નીચા જતાં મધ્યહાન ઉનાળા સમયે રાજ્યના અનેક વિસ્તારોમાં વિકટ જળસમસ્યા સર્જાવાની દહેશત વર્તાઇ રહી છે.

ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પાસેથી પ્રાપ્ત થયેલી માહિતી મુજબ રાજ્યના ૧૪૦ જળાશયોમાં માત્ર ૪૫ થી ૫૦ ટકા જ જળસંગ્રહ રહ્યો છે. રાજ્યના ચાર જિલ્લા સુરેન્દ્રનગર – દેવભૂમિદ્વારકા – મોરી અને પોરબંદરમાં આગામી સમયમાં પાણીની ગંભીર સમસ્યા સર્જાઇ શકે છે. આજે આ જિલ્લાના જળાશયોમાં ૫૦ ટકા કરતાં પણ ઓછો જળસંગ્રહ રહ્યો છે. ચોમાસુ સારૂં રહેતાં ખેતીના પાક અને વાવેતરની દ્રષ્ટિએ ખેડૂતોને ફાયદો થશે, એવી આશા બંધાઈ હતી.

# ગુજરાતને ભડકે બાળતા તેલના ભાવ : સિંગતેલમાં રૂા. ૧૫ તો કપાસીયાતેલમાં રૂા. ૨૫નો વધારો

(જી.એન.એસ.)રાજકોટ,તા.૯

ગૃહિણીને ફરી એકવાર મોટો ઝટકો લાગ્યો છે. ખાદ્યતેલના ભાવમાં ફરીથી ભાવવધારો ઝીંકવામાં આવ્યો છે. સિંગતેલના ભાવમાં રૂપિયા ૧૫નો ભાવ વધારો ઝીંકાયો છે. આ સાથે જ સિંગતેલના ડબ્બાનો ભાવ રૂપિયા ૨૫૦૦એ પહોંચી ગયો છે. જ્યારે કપાસિયા તેલમાં રૂપિયા ૨૫નો વધારો કરવામાં આવ્યો છે, આ સાથે જ ડબ્બો રૂ.૨૦૨૦એ પહોંચ્યો છે. ખાદ્યતેલમાં ભાવ વધારાનું કારણ મગફળીની ઓછી આવક અને માલની અછત હોવાનું જાણવા મળી રહ્યું છે. માગ



વધતા ખાદ્યતેલના ભાવ વધ્યા છે.

સિંગતેલના ભાવમાં શનિવારે ૧૦ રૂપિયાના ઘટાડા બાદ આજે ફરી ૧૫ રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. સીંગતેલના ડબ્બાના ભાવ ૨૫૦૦ રૂપિયાએ પહોંચ્યા છે. જ્યારે કપાસિયા તેલમાં ૨૫ રૂપિયાનો વધારો થતાં ડબ્બાના ભાવ ૨૦૨૦એ પહોંચ્યો છે. ગત વર્ષે સિંગતેલનો નવો ડબ્બો જે ભાવે મળતો હતો તેના કરતા પણ આ વર્ષે કપાસિયા તેલ વધુ ભાવે વેચાઈ રહ્યુ છે. બીજી તરફ રાજકોટ સિંગતેલમાં આજે ફરી ડબ્બે રૂ. ૧૫નો વધારો થતા ૧૫ કિલોના નવા ડબ્બાનો ભાવ રૂ. ૨૪૫૦થી ૨૫૦૦ બોલાયો હતો.

એક દિવસમાં જ કપાસિયા તેલમાં રૂ. ૨૫નો વધારો થતા ડબ્બાનો ભાવ રૂ. ૧૯૯૦થી ૨૦૦૦ને પાર થયો હતો. આમ તો સૌરાષ્ટ્ર દેશભરમાં કપાસ અને મગફળીનું સૌથી મોટું ઉત્પાદક કેન્દ્ર છે પરંતુ સૌરાષ્ટ્રમાં જાણે કાર્ટેલ રચાઈ હોય તે રીતે પહેલેથી જ ઊંચા ભાવ ધરાવતા સિંગતેલ અને કપાસિયાના તેલના એકધારો અને બેફામ વધારો થઈ રહ્યો છે.

# રાજકોટમાં મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત : એકનું મોત, એકનો બચાવ



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૯

રાજકોટમાં ત્રિકોણબાગ પાસે મોડી રાત્રે અકસ્માત સર્જાતા અફરાતફરી મચી જવા પામી હતી. રાત્રે ટ્રાફીકમાં ટેમ્પોચાલકે એક્સેસને અડફેટે લેતા ભાવનાબેન જગદિશભાઈ સોલંકીનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું જ્યારે એકનો કુદરતી બચાવ થયો હતો. ઘટનાની જાણ થતા જ ઘટનાસ્થળે હાજર લોકો દ્વારા એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી. થોડી ક્ષણોમાં જ ઘટનાસ્થળ પર આવી જઈ પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# બજેટ બાદ પણ ગુજરાતમાં ૨૨૦૩ ઉદ્યોગો બંધ : અમદાવાદના ૨૨૯ ઉદ્યોગો બંધ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૯

એક તરફ કોરોનાને કારણે રાજ્યમાં ધંધા રોજગારને વિધાનસભામાં અપાયેલી માહિતીમાં મોટો ઘટસ્ફોટ થવા પામ્યો છે. રાજ્યમાં હાલ GIDCમાં ૮૫૩૯ જેટલા પ્લોટ અને ૪૯૦ જેટલા શેડ ખાલી પડ્યાં છે. જ્યારે ૨૨૦૩ જેટલા ઉદ્યોગો બંધ હાલતમાં છે. જેમાં માત્ર અમદાવાદ જિલ્લામાં ધમધમતા સૌથી વધુ ૨૨૯ ઉદ્યોગો બંધ થઈ ગયાં છે. રાજ્ય સરકારે તાજેતરમાં કોરોના કાળ દરમિયાન વ્યાપાર ઉદ્યોગોને ઉત્તેજન આપવા માટે આત્મનિર્ભર પેકેજ આપ્યું હોવા છતાં આ સ્થિતિ છે. વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગોની અને પ્લોટની સ્થિતિને લઈને



વિવિધ સવાલો પૂછ્યાં હતાં. જેના લેખિત જવાબમાં ઉદ્યોગ વિભાગ દ્વારા જણાવાયું છે કે બે જિલ્લાને બાદ કરતાં તમામ જિલ્લામાં મળીને કુલ ૨૨૦૩ ઉદ્યોગો બંધ હાલતમાં છે. તો પાંચ જિલ્લાને બાદ કરતાં તમામ જિલ્લામાં પ્લોટ ખાલી હોવાની સ્થિતિમાં છે. વિધાનસભામાં ગુજરાત સરકારે રજૂ કરેલી વિગતો અનુસાર ગુજરાતના ઔદ્યોગિક વસાહતોમાં ૮૫૩૯ પ્લોટ ખાલી પડયા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૨૬૭૦, ભરૂચમાં ૧૭૨૯, જામનગરમાં ૫૩૬,રાજકોટમાં ૩૫૭, પંચમહાલમાં ૩૪૯, પાટણમાં ૩૨૯, મહેસાણામાં ૩૦૨, દાહોદમાં ૨૭૩, સુરતમાં ૨૭૧ અને ગાંધીનગરમાં ૨૪૬ પ્લોટ ઔદ્યોગિક વસાહતોમાં ખાલી છે.

# વિધાનસભામાં ધારાસભ્યએ આપી ગેલેરીમાંથી છલાંગ લગાવવાની ધમકી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૯

ગુજરાત વિધાનસભામાં હાલ શિયાળું સત્ર ચાલી રહ્યું છે, ત્યારે પ્રશ્નોતરીકાળમાં અલગ અલગ સવાલો પર સરકાર જવાબો આપી રહી છે. ત્યારે આજે ગુજરાત વિધાનસભા ગૃહમાં એક વિચિત્ર કિસ્સો જોવા મળ્યો છે. ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્યે ગેલેરીમાંથી છલાંગ મારવાની ધમકી ઉચ્ચારી છે. કોંગ્રેસના બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલે ધમકી ઉચ્ચારી છે. જિલ્લા કક્ષાએ આરોગ્ય અધિકારી ફોન ન ઉપાડતા હોવાની ગૃહમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને રજુઆત કરી હતી. વિધાનસભા અધ્યક્ષે ધારાસભ્યની ફરિયાદને પગલે ગૃહમાં બેસાડી દીધા હતા. ધારાસભ્ય ઉપરની તરફ પ્રેક્ષક ગેલેરીમાં બેસે છે.

વિધાનસભાના પ્રશ્ન કાળમાં આરોગ્ય વિભાગના પ્રશ્નો સમયે બાયડ કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલે બાળકોના આરોગ્યની ચિંતા સરકાર કરે છે જે સારી બાબત છે પરંતુ હવે સરકાર અમારી ચિંતા કરે તો સારું. કારણ કે જિલ્લા કક્ષાના અધિકારીઓ કામ માટે ધારાસભ્યોના ફોન પણ ઉપાડતા નથી અને આવી હરકતોથી રાત્રે મને એવું થાય છે કે હું અહીંથી નીચે કૂદી જાઉં. જો કે ધારાસભ્યના ઉગ્ર વર્તનથી વિધાનસભા અધ્યક્ષ ડો.રાજેન્દ્ર ત્રિવેદી ગંભીર સ્થિતિ પામી ગયા હતા. ત્યારબાદ અધ્યક્ષે બોલતા અટકાવીને નીચે બેસી જવાનો કડક આદેશ આપ્યો હતો. જો કે આ ઘટનાક્રમ સમયે ભાજપ અને કોંગ્રેસમાં પણ સન્નાટો છવાઈ ગયો હતો.

# ગુજરાતની વિકાસયાત્રા : ભંગારને સાચવવા માટે સરકાર કરે છે ત્રણ લાખનો ખર્ચ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૯

ગુજરાત સરકારમાં અધિકારીઓની અનિર્ણાયકતાના કારણે બે વર્ષ પહેલાં બંધ થયેલી અર્ધ સરકારી કંપની આલ્કોક એશડાઉનની મશીનરી અને અન્ય સામગ્રીની હાલત એવી થઈ છે કે હવે કોઈ ભંગારના ભાવે પણ ખરીદવા ઉત્સુક નથી. બીજી તરફ જહાજોના નિર્માણમાં અક્ષમ્ય વિલંબ કરીને કંપનીએ ઈન્ડિયન નેવીને ૭૫ કરોડ રૂપિયા પાછા તો આપ્યાં નથી પરંતુ ૯.૬૦ કરોડ રૂપિયાનો વધારાનો ચૂનો લગાડ્યો છે.

આલ્કોક એશડાઉનના ભાવનગર અને અમરેલીના ચાંચ શિપયાર્ડમાં માટી જેવી બની ગયેલી મશીનરીની જે તે સમયે ૭૦ કરોડ રૂપિયાની કિંમત આંકવામાં આવી હતી પરંતુ આજે આ મશીનરી અધિકારીઓના ગેરવહીવટના કારણે વેચાઈ શકી નથી અને તેનું મૂલ્ય દિવસે દિવસે ઘટતું જાય છે. આજે આ ભંગારને લેવા માટે પણ કોઈ ઉદ્યોગ એકમ તૈયાર નથી.

આલ્કોક એશડાઉન કંપની બંધ થયા પછી તેની ભાવનગરની અસ્ક્યામતો, જમીન તેમજ સાધનસામગ્રી જે તે સ્થિતિમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડને સોંપવામાં આવી હતી જ્યારે કંપનીની ચાંચ ખાતેની મશીનરી અને જમીનનો કબજો અમરેલી કલેક્ટરને આપવામાં આવ્યો હતો. હાલ કંપનીની મશીનરી પડી રહી છે તેને બચાવવા માટે ખાનગી સુરક્ષા એજન્સી રોકીને પ્રતિ માસ ત્રણ લાખ રૂપિયાનો વ્યર્થ ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

સરકારને ખોટના ખાડામાં ઉતારવાની ઉદ્યોગ વિભાગના ઉચ્ચ અધિકારીઓની માનસિકતાનું ઉદાહરણ નેવીનો જહાજ બનાવવાનો ઓર્ડર હતો. ઈન્ડિયન નેવીએ કંપનીને ૨૦૦૮માં છ જહાજો બનાવવા ૬૬૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો પરંતુ કંપનીના ગેરવહીવટના કારણે નેવીને છ પૈકી પાંચ જહાજ મળી શક્યા ન હતા. કંપનીએ નેવીને બેંક ગેરન્ટીની રકમ પણ પાછી નહીં આપતાં ભારતીય નેવીના ૭૫ કરોડ રૂપિયા સલવાઈ ગયા છે.






## બોટાદમાં કાર-બાઈક વચ્ચે અકસ્માત...



બોટાદ ગઢડા રોડ ગુરુકુળ ની બાજુમાં એસ.ટી બસ અને બાઈક વચ્ચે સર્જાયો અકસ્માત અકસ્માતની જાણ થતાં પોલીસ દ્વારા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગળની કામગીરી કરવામાં આવી મળતી માહિતી મુજબ બાઈક ચાલક બસમાં બેઠેલ પેસેન્જર જાનહાનિ થઈ નથી. -રાજેશ શાહ

# વડોદરા સામૂહીક આપઘાત કેસમાં આરોપીઓ પકડવા પોલીસ રાજસ્થાન પહોંચી

## ઠગાઈ કરનાર ૮ જ્યોતીષીઓ રાજસ્થાન ભાગ્યા

(જી.એન.એસ.)વડોદરા,તા.૯

વડોદરા શહેરની સ્વાતિ સોસાયટીમાં સોની પરિવારના સામૂહિક આત્મહત્યા કેસમાં સોની પરિવાર સાથે ૩૨ લાખની છેતરપિંડી કરનારા તમામ જ્યોતિષીઓનું મૂળ વતન રાજસ્થાન હોવાનું પોલીસને જાણવા મળતાં પોલીસની એક ટીમ રાજસ્થાન પહોંચી હતી અને ૮ જ્યોતિષીને પકડવા માટે વિવિધ સ્થળોએ દરોડા પાડ્યા હતા. પોલીસ રાજસ્થાન પહોંચી હોવાની જાણ થતાં જ ફરાર જ્યોતિષીઓના હોશકોશ ઊડી ગયા હતા. પોલીસે આશા વ્યકત કરી હતી કે એક-બે દિવસમાં પોલીસને મોટી સફળતા મળી જશે. ગત ૩ માર્ચે બપોરે વડોદરાના સમા વિસ્તારની સ્વાતિ સોસાયટીમાં રહેતા નરેન્દ્ર સોની અને તેમના પરિવારના ૫ સભ્યોએ સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો હતો, જેમાં નરેન્દ્ર સોની, પૌત્ર પાર્થ અને પુત્રી રિયાનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, ત્યાર બાદ પુત્ર ભાવિન સોની અને તેમનાં માતા દીપ્તિબેનનાં પણ સારવાર દરમિયાન મોત થતાં મૃત્યું આંક ૫ પર પહોંચ્યો હતો.

ભાવિનની પત્ની ઉર્વીની હાલ સારવાર ચાલી રહેલી છે, તે વેન્ટિલેટર પર છે. બીજી તરફ, આ મામલે ભાવિન સોનીએ પોલીસમાં પોતાના પિતાને ૪૫ લાખનું દેવું થયા બાદ અમદાવાદ અને વડોદરાના ૯ જ્યોતિષીએ વિવિધ લાલચ આપીને ૩૨ લાખ ઉપરાંતની ઠગાઇ કરી હોવાનું જણાવી પોલીસમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. સમા પોલીસે વડોદરા અને અમદાવાદના હેમંત જોષી(રહે-ગોત્રી કેનાલ,વડોદરા), સ્વરાજ જ્યોતિષી, પ્રહલાદ, દિનેશ, સમીર જોષી, સાહિલ વ્હોરા, વિજય જોષી, અલ્કેશ સહિતના જ્યોતિષીઓની સામે ગુનો નોંધીને શોધખોળ શરૂ કરી છે, પરંતુ તેમનો કોઈ જ પત્તો મળી શકયો ન હતો.






# માસિક ધર્મના આધારે મહિલાઓ સાથે ક્યાંય ભેદભાવ ન થવો જોઈએ : હાઈ કોર્ટ

(જી.એન.એસ.)કચ્છ/અમદાવાદ,તા.૯

કચ્છના ભૂજ શહેરમાં આવેલી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટમાં કોલેજની છાત્રાઓના કપડાં ઉતારીને તેમના માસિક ધર્મ અંગે તપાસ કરવામા આવી હતી. આ ઘટના ગત ફેબ્રુઆરીમાં બની હતી. આ મામલે છાત્રાઓએ વિરોધ નોંધાવ્યો હતો. જે બાદ આ અંગે થયેલી જાહેર હિતની અરજીમાં ગુજરાત હાઈકોર્ટે નિર્દેશ કર્યો છે કે, માસિક ધર્મની પરિસ્થિતિના આધારે કોઈપણ જાહેર, ખાનગી, ધાર્મિક કે શૈક્ષણિક જગ્યા પર મહિલાઓને બાકાત રાખવાની પ્રવૃત્તિ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)